NA
3123
G 17p

17 P

NATIONAL ARCHIVES LIBRARY.
GOVERNMENT OF INDIA
NEW DELHI.
Call No. 
Book No. 3123

વર્ષ ૨ જું : નવયુગ ગ્રંથમાળા : પુસ્તક ૪ થું

# સિતમની

# સિતમની ચક્કીમાં

[ એક સ્વપ્ન ]

IMPERIAL RECORD
RECEIVED
25 JAN. 1933
DEPARTMENT

lib 836/76P-3

લેખક:–
ન્હાનુ ઠાકર

૧ લી આવૃત્તિ ]　　　　પ્રત ૨૨૦૦　　　　[ સંવત ૧૯૮૮

NATIONAL ARCHIVES LIBRARY
No 3123
Date 28.3.72
GOVT. OF INDIA

: પ્રકાશક :
જયંતિલાલ રેવાશંકર દોશી
નવયુગ પુસ્તક ભંડાર
ઝવેરીવાડ — અમદાવાદ

[ આ પુસ્તક સંબંધી તમામ હક્ક લેખકને સ્વાધીન છે. ]

: કિંમત :

| વાર્ષિક ફાળે | ∴ | છુટક |
|---|---|---|
| ૦—૫—૦ | | ૦—૬—૦ |
| ટપાલ ખર્ચ સાથે | | ટપાલ ખર્ચ જુદું |

મુદ્રણસ્થાન
આદિત્ય મુદ્રણાલય, રાયખડ રોડઃ અમદાવાદ.
મુદ્રક
ગજાનન વિશ્વનાથ પાઠક

# બે બોલ

"નવયુગ ગ્રંથમાળા"ના ૧૯૮૭માં વર્ષના છેલ્લા પુસ્તક તરીકે આ પુસ્તક આપવાનો વિચાર હતો, પરંતુ અનિવાર્ય સંજોગોને લીધે તેની જગ્યાએ બીજાં પુસ્તકો આપવાં પડ્યાં છે.

અત્યાર સુધીમાં ઘણી જગ્યાએથી "સિતમની ચક્કીમાં" માટે માગણી આવ્યા કરી છે. અમુક ગ્રાહકોના મનને આ પુસ્તક વખતસર ન મળવાથી અસંતોષ પણ થએલો છે. પરંતુ તે અસંતોષ માટે દિલગીર છું. આ પુસ્તક ગ્રાહકોના હાથમાં મૂકી તેમાંથી મૂક્ત થવાશે એમ ઇચ્છું છું.

આ પુસ્તક એક યુવાનનું સ્વપ્ન છે. સ્વપ્નને લેખકે શબ્દાકારે ગોઠવ્યું. શબ્દગૂંથણી અને શૈલી સરસ લાગવાથી તે વાચકોને ગમશે એમ ધારી આપેલું છે. એક વ્યક્તિ જુદા જુદા સિતમો સેવી પોતાનું જીવન કઇ રીતે વ્યતિત કરે છે તે જોવા અને જાણવા માટે આ પુસ્તક જરૂર ઉપયોગી થઇ પડશે.

લેખકના વિચારો સ્વતંત્ર અને ભાવના ભરેલા છે. ભાષાજ્ઞાન સામાન્ય હોઇ કદાચ વ્યાકરણ દોષ હશે. તેને વાચકવર્ગ નભાવી લેશે એમ ઇચ્છું છું. વસ્તુ માટે વાચક પોતે સીધી રીતે વિચારી લે એ વધારે ઇચ્છવા જોગ છે.

**નવયુગ પુસ્તક ભંડાર**
**અમદાવાદ**
તા. ૬ ૭-૧૯૩૨

પ્રકાશક

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| પ્રકરણ | ૧ | અરે મારી આ વીતક વાર્તા તો કોઇ સાંભળો ! ... ... | ૧ |
| ,, | ૨ | સ્થિતિ પરિવર્તન ... ... | ૭ |
| ,, | ૩ | લગ્ન પછી ... ... ... | ૧૩ |
| ,, | ૪ | બીજે વર્ષે ... ... ... | ૧૯ |
| ,, | ૫ | જેલમાં ... ... ... | ૨૩ |
| ,, | ૬ | આખરી દિવસોમાં ... ... | ૭૬ |

આટલું તો જરૂર યાદ રાખજો કે
ગૂજરાતની સ્ત્રી શક્તિ જાગી છે
નવયુગના આંદોલનોથી તે વેગવતી બની છે

—ગૂજરાતની લોકપ્રિય—

**લીલાવતી ગ્રંથમાળા**

એ જાગૃતિમાં અપૂર્વ ફાળો પૂરાવી રહી છે.
આપ તે ગ્રંથમાળાના ગ્રાહક થયા છો ?
ન થયા હો તો આજે જ ગ્રાહક થઈ તમે—તમારા
બાળકો અને સ્ત્રીઓને

**સસ્તામાં સસ્તું**

**લીલાવતી ગ્રંથમાળાનું**

**હળવું સાહિત્ય જરૂર વંચાવો**

એ ગ્રંથમાળાનું વાંચન તમને નવયુગની નવીજ દિશા સૂચવશે
વાર્ષિક પૃષ્ટ : ૧૦૦૦ : નું ઘેર બેઠાં સ્ત્રીઓ—કન્યાઓ—
બાળપયોગી સાહિત્ય

લવાજમ : સ્વદેશમાં રૂ. ૩ : વિદેશમાં રૂ. ૪॥ : પોસ્ટેજ સાથે

**: તૈયાર પુસ્તકો :**

| | | | |
|---|---|---|---|
| વીરાંગનાઓની વીરહાક | ૦—૨—૬ | રાસ રમણા | ૦-૧૧-૦ |
| અરક્ષણીયા | ૦—૬—૦ | કલ્પનાના પ્રતિબિંબ | ૦—૮—૦ |
| ખાટી મીઠી બાળ વાતો | ૦—૭—૦ | | |

**છપાય છે**

ગૃહ નીતિ — સમયના વ્હેણુ — સોરઠી વિભૂતી
રણચંડીઓ ભા. ૧—૨ હેમા

---

**નવયુગ પુસ્તક ભંડાર : ઝવેરીવાડ—અમદાવાદ**

જે માળા પોતાના પહેલા વર્ષના દશ પુસ્તકોમાં અજબ ખ્યાતિ પામેલી છે: એવી ખેડૂતો, મજૂરો, કારીગરો, સ્ત્રીઓ અને યુવાનોના જીવનમાં અનેરું ચેતન પ્રગટાવનાર

**સસ્તામાં સસ્તી**

# ન વ યુ ગ  ગ્રં થ મા ળા

**[ વાર્ષિક : ૧૦૦૦ પૃષ્ઠનું અવનવું સાહિત્ય ]**

**લવાજમ: દેશમાં: રૂ. ૩ .'.   પરદેશમાં: રૂ. ૪ાા**
પોસ્ટેજ સાથે:

| **પહેલાં વર્ષનાં પુસ્તકો** | કિંમત | પોસ્ટેજ |
|---|---|---|
| ૧ સબરસ [ ઇતિહાસ—મીઠાનો ] | ૦–૯–૦ | ૦–૧–૬ |
| ૨ જવાહર નેહરૂ [ જીવન ચરિત્ર ] | ૦–૮–૦ | ૦–૧–૦ |
| ૩ ફાંસી [ લેખક: વિકટર હ્યુગો ] | ૦–૫–૦ | ૦–૧–૦ |
| ૪ રાજ્ય આવકવરો અને આપણી દરિદ્રતા | ૦–૫–૦ | ૦–૧–૦ |
| ૫ સ્વરાજ સેવકો [ ટુંકા પાંચ જીવનચરિત્રો ] | ૦–૪–૦ | ૦–૦–૬ |
| ૬ અરવિંદ ઘોષના પત્રો [લિ. કિસનસિંહ ચાવડા] | ૦–૨–૦ | ૦–૦–૬ |
| ૭ પુરસ્કાર અને બીજી વાતો [ ટુંકી વાતો ] | ૦–૬–૦ | ૦–૧–૦ |
| ૮ કાયદાની આંધી [લેખક: પીટર ક્રોપોટકિન ] | ૦–૪–૬ | ૦–૧–૦ |
| ૯ નવવિધાન [ લેખક કિસનસિંહ ચાવડા ] | ૦–૬–૦ | ૦–૧–૦ |
| ૧૦ હજરત મહુમ્મદ પેગમ્બર [ જીવન ચરિત્ર ] લેખક ઈમામ સાહેબ | ૦—૬—૦ | |

| **બીજા વર્ષના પુસ્તકો તૈયાર છે—** | |
|---|---|
| ૧–હૃદયમંથન | ૦-૧૦—૦ |
| ૨ મધ્ય એશિયામાં બોલ્શેવિક | ૦—૬—૦ |
| ૩ ક્રાન્તિને પંથે સ્પેન | ૦—૫—૦ |
| ૪ સિતમની ચક્કીમાં | ૦—૬—૦ |
| ૫ ડી વેલેરા | ૦—૬—૦ |

બીજાં પુસ્તકો તૈયાર થાય છે. તરતમાં ગ્રાહકોને મોકલવામાં આવશે.

---

**નવયુગ પુસ્તક ભંડાર : ઝવેરીવાડ–અમદાવાદ.**

## પ્રકરણ ૧:

### "અરે મારી આ વીતક વાર્તા તો કોઈ સાંભળો!"

તે કોઇ એક ગરીબ ભિખારી જેવો જણાતો હતો. તે ફરીથી બોલ્યો, "અરે મારી આ વીતક વાર્તા તો કોઇ સાંભળો!"

તે ભીખારી જેવો જણાતો પુરુષ પોતાની, પોતાને હાથે બનાવેલ ઝૂંપડીમાં રહેતો હતો. તે જગાની આસપાસ જંગલ હતું. સર્વત્ર વેરાન ભાસતું હતું. ભાગ્યે જ ત્યાંથી માણસો જતાં આવતાં હશે.

તેનાં કલ્પાંતના શબ્દો તેને પાછા સંભળાતા લાગ્યા. "અરે, કોઇ સાંભળો મારી આ વીતક કથા! કોઇ સાંભળો જીવનની આ એક અગત્યની 'ઘટના છે' હાં......કોટીકોટી દરીદ્રી આત્માઓનું જીવન બતાવનાર આ જીવન છે–તે તમારું માર્ગ સૂચક છે–માર્ગ દર્શન છે."

તેના શબ્દો ત્યાં કોણ સાંભળે? અંતરિક્ષમાંથી તેના જ બોલેલાં વાકયો પાછાં ફરતાં હતાં.

પ્રચંડ–સ્નાયુબદ્ધ અને વિશાળ એ દેહ નગરી હતી. પણ કંગાળીયતને લીધે, તે જીવન વીનાના મનુષ્ય જેવો હતો. તેની આંખ ઊંડી ઊંડી ખીણો જેવી હતી. તેના પગ તો વખતે વખતે હિમાલયનાં બરફના ઢગલા સમા ઠંડા દિસતા હતા. તેના હાથ સમશેરો પકડીને રીઢા બની ગયા હતા. તેના મગજે તો યમસમાન સલ્તનતને ઊખેડી નાખવાના વિચારો

કરેલ. એ સલ્તનતને, રાજ્યસત્તાઓને ઊંધા વાળવાની તહકુબી કરેલી હતી.

જોતાં જ તે પ્રચંડ અને વીકરાળ લાગતો હતો.

અંતે તે બબડો થાક્યો. કોઇને ય તેને સાંભળવા ફુરસદ ન હતી.

રાત્રી પડી–તારલીયા નીકળ્યા, વાતાવરણ બધુંય ઘનઘોર નીશાથી ભયાનક બન્યું હતું; ચંદ્રદેવ પૃથ્વી, સાગરને ભેટવા માટે હજુ સજ્જ થતા હશે. દૂરદૂરના પ્રદેશમાંથી ચામાચીડીયાંની ચીચીયારી, કે પછી ઘૂવડના ઘૂઘવાટ સંભળાતા હતા. આવી ઘનઘોર નીશા, ભયાનક રાત્રી, આગલાં વર્ષોમાં થઇ ન હતી.

જેમ જેમ પૃથ્વી ઉપર, કાર્ય અને ક્રાન્તિનાં વાદળાં ફરતાં જાય છે–સુધારાને નામે કૃત્રિમતા વધતી જાય છે, અને તેમાંથી ઉત્પન્ન થતી વસ્તુઓએ કાળો બુરખો ઓઢેલો હોય છે, તે જ પ્રમાણે રાત્રીનું લેખવું. દિવસના પરિશ્રમે, સુધારામાં ક્રાન્તિ થાય છે અને એ ક્રાન્તિ કૃત્રિમતા પેદા કરે છે–એ કૃત્રિમતા શાંતિનો અભાવ પરખાવે છે અને કાળો બુરખો ઓઢે છે અને તે જ બુરખો આપણી રાત્રી અને કહેવાતી શાંતિ. માતા, અશાંતિ, તને શતશત્ નમન હો !–! સ્વીકારીશને ?

રાત્રી વીતી ગઈ અને પ્રકાશ થયો. તેમ તેનું જીવન પણ વીતી ગયું અને જ્યોતિ પ્રાપ્ત થઈ.

× × × ×

પ્રજામાં વાયરે એક વાત ગઈ હતી કે બંગાળની પૂર્વ દિશામાં નાનું સરખું–સો બસો પુસ્તકોનું પુસ્તકાલય હાથ લાગ્યું હતું. સરકારે તે જપ્ત કર્યું. બીજું કોણ કરે? પુસ્તકો બહુ જ કીમતી હતાં. પ્રજાએ એમ કલ્પના કરી કે ત્યાં વેદનાં ધ્વનિ તો ચાલુ જ હતા અને હતું પણ તેમ જ.

આ સમયમાં જ મારી નીમણુંક સરકારી પુરાતન શોધ-ખોળ કરવાના ખાતામાં થયેલી. જે જગોએથી એ પુસ્તક ભંડાર હાથ લાગ્યું હતું ત્યાં હું એક વખતે ગયો. ત્યાંનું આજુ બાજુનું વાતાવરણુ મને બહુ જ સુંદર અને ભાવનામય જણાયું. કારણુ ત્યાં કુદરત હતી અને કુદરતની ક્રાંતિ હતી.

ત્યાં એક પર્ણકૂટિ છે. આજુબાજુ બધેય શાંતિ હતી, પણુ તે પવીત્ર પર્ણકૂટિની આજુબાજુ અશાંતિ હતી. કારણુ તેમાં એક આત્મા દુઃખ પૂકારતો, સમાજને ધીક્કારતો, મરણુ પામ્યો હતો–પ્રભુના ખોળામાં ગયો હતો. પણુ કદી બળવાખોરોને શાંતિ હોય ?...પર્ણકૂટિપર સરકારી સીલ હતું. તે મેં મારી સત્તા (?)થી તોડી નાખ્યું ! વ્યક્તિને તે કદી સત્તા હોતી હશે પણુ હા ન્યાય (?) અને શાંતિ (?)ની દ્રષ્ટિએ વ્યક્તિને સત્તા હોય જ. હશે ! હું અંદર ગયો. પર્ણકૂટિની અંદર એક નાનો સરખો બાવળના લાકડાનો બનાવેલ સુંદર ખાટલો હતો, તેના ઉપર એક લૂગડાનો ધાગો પડેલો હતો. એ ધાગા ઉપર કંગાલીયતના લોહીના છાટાં હતાં, પણુ છતાંય કુદરતતો સર્વની છે ને ? કરમાયેલાં કુસુમ પડચાં હતાં, તથા સૂકાઈ ગયેલ પાંદડાં હતાં. સત્તા સામે પ્રાણુ અને જીવન વીહોણા જ કુસુમો હોય, ત્યાં શક્તિ અને સ્નેહને, સ્થાન જ નહોય. ત્યાં એક પેટી પડી હતી તથા થોડાંક વાસણો હતાં. પેટી ઉપર મજબૂત તાળુ હતું. જ્યાં ભય અને અવિશ્વાસ છે ત્યાં મોઢે અને પેટીએ તાળાં ન હોય તો હોય શું ? ”

“ મેં પોલીસ પાસે પેટી તોડાવી અને તેમને બહાર કાઢી, નીરાંત (?) વાળી બેઠો. ”

“ પેટી ઉઘાડતાં જ મને આંચકો લાગ્યો. પેટીમાં લખ-વાનાં સાહિત્યો તથા કાગળના થોકડા હતા. મારા મનમાં

સહેજ સંદેહ પેઠો, હું સજ્જ થઇ બેઠો અને કાગળો બહાર કાઢ્યા. કાગળની નીચે કેટલીક જાતના પદાર્થો નીકળ્યા હતા. પદાર્થો સાચવીને ગોઠવેલા હતા તેમને તે જ સ્થિતિમાં બહાર કાઢી મૂક્યા, અને અંદર નીચે એક બાંધેલ પોથી જડી આવી, પોથીમાંથી મને એક આત્મકથા જડી આવી. મને વસ્તુમાં રસ પડ્યો એટલે આત્મકથા વાંચવા માંડી કે તે જીવન-ચરિત્ર આજે પ્રજા સમક્ષ મૂકું છું. "

"મનુષ્યનું હૃદય કોમળ છે. હવે જ્યારે એ કોમળતામાં વધુ કોમળતા પેદા કરે તેવી વસ્તુ આવે, એટલે, કારણ કે તે મનુષ્ય છે તેટલા જ માટે એ કોમળતાના ઘર્ષણથી ગરમી પેદા થાય છે અને તે જ ગરમી તે બળવો, બીજું કાંઇ નથી. તે જ ગરમી તે ક્રાંતિ. દરેક સામાન્ય વસ્તુ ક્રાંતિને તાબે જ છે. જેને કાયદાઓ કહેવામાં આવેલ છે તે જ્યારે ક્રાંતિને આધીન છે તો મનુષ્યો શું ન હોય? આત્મકથા વાંચતા પ્રજા બળવો ન પૂકારે એવી આશા છે."

× × × ×

"અરે, મારી આ વીતક વાર્તા તો કોઇ સાંભળો."

"રજની પ્રકાશી પણ કોઇ આવ્યું નહિ કે તેની પાસે મારું હૃદય ઠાલવું. આ જડવાદની દુનિયામાં ક્યાં કોઇને કોઇની પડી છે? સવારે તાવીયલ દિલે ઊઠ્યો અને લખવું શરુ કર્યું."

"હું કલકત્તાની બાજુના છેક ગામડામાં જન્મ્યો છું, એટલું જ મને ખ્યાન છે. મારા માબાપ મને કેળવણી તો નહોતા જ આપી શક્યા, મને ક્યાંથી મારા જન્મ દિવસની ખબર હોય? કેવા સંજોગોમાં મારો જન્મ થયો છે તેની મને ખબર નથી. ખેર! હિંદનાં પાપો ઓછાં નથી કે તેનું કોઈ પણ બાળક આજે દુઃખ ભોગવતું ના હોય. અરે, દુઃખે

રીખાતું નથી. એ દરિદ્રતાને લીધે હું નાગો જ ફર્યો હઈશ અને એ નાની અવસ્થામાં ગરીબાઇના હૃદયમાંથી ઊઠતી 'આહ' મ્હેં માના દૂધમાં પીધી હશે. મારી માના સ્તન્‌માં દૂધ હશે કે નહિ? આ પ્રશ્ન તમારા હૃદયને હચમચાવતો નથી? થોડાંકતો આંસુ પાડો! મનુષ્ય હોતો જરૂર તમારા હૃદયમાંથી ' અરર 'ની ચિચિયારી નીકળશે જ. તમે બધાય સારાં લૂગડાં પહેરી સવારે પાટલે અને રાત્રે ખાટલે જતા હશો તો ભાગ્યે જ તમારી કલ્પના દોડતી હશે. અમારા ઉપર તો દુઃખનાં વાદળ હતાં!"

"હિંદની પુરાતન કળાનો નાશ થતો ગયો અને પાપનો બોજો વધવા લાગ્યો એટલે હિંદના પૂણ્યો ઓછાં થતાં ચાલ્યાં. હિંદ પાપને પગથીયે કૂદવા લાગ્યું. રાજાઓ ગુલામ થયા, પ્રજા ગુલામ બની, અને અન્યાયનું રાજ્ય શરુ થયું. સરકાર આવી, હિંદને કબજે કર્યું કેવા અજબ પરિવર્તનો હિંદમાં થવા લાગ્યાં?"

"દેશના દુઃખે મારા પિતા મરી ગયા હશે એમ હું કલ્પના જ કરી શકું છું. મારી માતા મારા જન્મ પછીથી તરતજ મરી ગયેલી એમ હું ધારું છું અને મેં સાંભળ્યું છે તે પ્રમાણે તો એમ જ છે. હું સાત વર્ષનો મારી કાકી પાસે થયેલો."

"સાતમે વર્ષે મને કાકીએ કાઢી મૂકયો, કારણ કે તેઓ પોતાનું પેટપૂરતું પણ ભાગ્યે જ મેળવી શકતા હતા તો એ બીચારાં (?) મારું તો કયાંથી જ પેટ ભરે? શબ્દ 'બચારાં' અયોગ્ય તો છે જ! ભારતમાતાનો દીકરો કદિ બીચારો હોતો હશે? તેને પ્રભુના આપેલા બે હાથની માલીકીનો હક્ક છે. કાંડામાં જોર છે, બુદ્ધિ છે—પછી બીચારો શા માટે? કારણ કે પારકાનું પેટ ભરતાંય તે દુઃખી છે, અને ભૂખ્યો છે. પછી

બિચારો નહિ તો શું ? તેમનાં આવા કર્તવ્ય માટે તેમને ઠપકો આપવો મને છાજે નહિ અને ઠપકો હોય પણ નહિ, કારણ તે ઠપકો તો હિંદમાતાને છે. તે શક્તિ છે. તને ચાર ભૂજા છે. એકમાં ત્રીશૂળ છે–એકમાં ચક્ર છે, એકમાં ગદા છે, એકમાં પદ્મ છે. હાથના પણ ચાર ચાર બીજા હાથ છે. આંખમાં ચમકાર છે, શ્વાસમાં પ્રાણ છે છતાં પણ તે પોતાનાં બચ્ચાંને ભૂખ્યાં રાખી પારકા ધણીને પરણી બેસે અને લાચારી બતાવે એ ઓછું છે ? આ ઓછી નિષ્ફળતા છે–ઓછી નીર્દયતા છે ? તેનામાં શક્તિઓ છે છતાં પણ આપણને બાયલા જ બનાવતી જાય છે. "

"મને હિંદના સામાજિક વાતાવરણમાં સાવ નીરાશા જણાય છે. રાજકીય વાતાવરણ કદાચ સુધરશે પણ સામાજિક વાતાવરણ પ્રશ્નોથી ડોળાયલું રહશે, ઉદ્ધાર છે જ નહિ, મને આ છેલ્લી ઘડી સુધી વિચાર આવે છે કે શહેરમાં કરોડો રૂપીઆ ખર્ચી પરદેશ જઇ મોજમજાહ ઉડાવવાના કરોડો રૂપિઆ મળે છે અને લગ્ન, મૃત્યુ પ્રસંગે ધર્મને નામે મોટી જમણવારો કરવાની મળે છે, પણ સગાભાઇ જેવાં ભાંડરડા ભૂખે મરી જાય છે–સમાજની ચક્કીમાં પીલાય છે–સીતમ સહે છે અને એમાં જેઓ દુર્બળ બન્યા છે તેમનો ઉદ્ધાર કરવાનું કોઇને સૂજતું નથી. આવા સંજોગોમાં હિંદનો સામાજિક ઉદ્ધાર અશક્ય છે. "

"સાતમે વર્ષે હું એક સ્ટેશન ઉપર પૈસો માગતો અને ચણા ફાકી જીવ ટકાવી રાખતો. વખતને વીતતાં વાર નથી લાગતી એ પ્રમાણે હું દસ વર્ષનો થયો. મને તે પ્રસંગો યાદ નથી આવતાં છતાં કાંઇક કાંઇક લખું છું."

× × × ×

## પ્રકરણ ૨:

# સ્થિતિ પરિવર્તન

"એક સુંદર સંધ્યાએ એક હોડી મધ્ય તળાવમાં સુસવાટ કરતા પવનમાં સામે કીનારે પહોંચવા જોસબંધ દોડતી હતી. ઇશ્વરની ઇચ્છા કે હોડી ઉંધી વળી. તેમાંથી એક સ્ત્રી પાણીમાં ચીસ પાડી ડૂબતી જણાતી હતી. આજ સમયે સામેથી પાંચ સાત માણસો દોડતાં આવતાં જણાયાં. હું કાંઠે ઊભો ઊભો આ દૃષ્ય જોતો હતો, આ પાંચ માણસોમાં અમારા ગામનો જમીનદાર હતો. તેની સ્ત્રી નાસી છૂટી હતી, તે હોડીમાં બેસી જતી હતી. તે જમીનદારની સાથેનાં માણસોએ આ જોયું. જમીનદારે માથું કૂટયું અને સાથેના માણસો ઉપર ચીડાયો. એ પાંચ માણસોમાં ગામનો રખવાળ પણ હતો, રખવાળ મને તે સમયે ગામનો બણનોતર્યો શહેરી ગણતો હતો. કારણ કે વખતો વખત હું તેને દાતણ–તો કોઇ વખત ખેતરમાંથી ઝાડ ચીભડી એવું એવું લઇ આવી દેતો હતો. મને તરતાં આવડે છે તે તે જાણતો હતો કારણ કે અમો ગઠુડીયાંઓ તરવાની સરતો કરતાં અને જે પહેલો આવતો તેને તે કાંઈ કાંઇ ઇનામ આપતો હતો. મને જોઈ તેણે મને ઝાલ્યો અને કહ્યું–"ચાલ, સાહેબ સાથે" હું અને તેઓ બધાંય બીજી હોડીમાં બેઠાં, જ્યાં તે સ્ત્રી ડૂબી ગઇ હતી તે જગોએ અમો પહોંચ્યા, મને હુકમ થયો "પડ પાણીમાં" મેં ડૂબકી મારી. બીકથી હૃદય કંપતું

હતું. મને કમને ધ્રુજતો ધ્રુજતો પડયો. પાણીમાં પડતાં મને કાંઇ સૂઝ પડી નહિ. અને નીચે પહોંચ્યો નહિ હોઉં ત્યાં હું ચીસ પાડી ઉપર ચઢી આવ્યો, પણ તરતજ જમીનદારનું મોઢું જોઇ પાછો પાણીમાં ગયો. પછી થોડીક વાર પાણીમાં ઘૂમી ઉપર ચઢી આવ્યો. અને લૂગડું હાથમાં આવ્યું હતું તે પકડી તાણી લાવ્યો. હોડી ઉપર હાથ મૂકી મેં કહ્યું "હું કાંઇ નથી કરી શકતો મને બહાર કાઢો" પણ તરતજ હોડી નીચી નમતાં ઉપર મહા મેહેનતે ચઢી ગયો અને લૂગડું આપ્યું. તેઓનોતો લૂગડું જોતાં હરખ નજ માયો. લૂગડાંને ખેંચી કાઢયું તો શબ નીકળ્યું. મને ઉપાડી લીધો અને ખુશ થઇ જઇ હોડી ચલાવવી શરુ કરી. "

"તે સમયે હું નાસી છૂટવા પ્રયત્ન કરતો હતો પણ તરતજ મને પકડી લીધો અને પોતાની સાથે લીધો. અમો સાત માણસો જમીનદારને ઘેર ગયાં. મારા તરફ સર્વે માયાની દ્રષ્ટિથી જોતાં હતાં."

હવે જમીનદારને મારા તરફ લાગણી કેમ થઈ તે સાંભળોઃ-

" મને બાળકના સ્વભાવ પ્રમાણે તે સમયે દેડકાં પકડવાની બહુ ટેવ હતી. એક દિવસ દેડકું પકડી હું લઇને તેમને બતાવવા ગયો પણ ત્યાં પહોંચતાં જ હેબતાઇ ગયો. કારણ કે તેમની છાતી ઉપર કોઈક છરો ઉગામી રહ્યો હતો, આ જોતાં જ હું ગભરાયો અને મારા હાથમાંથી દેડકો છૂટી ગયો અને પેલાના ગળા ઉપર પડયો. તે ગભરાઇ ગયો અને એકદમ પાછો ફર્યો. ત્યાંતો મેં ઘોંઘાટ મચાવ્યો અને બધાય દોડી આવ્યા. બાપા પછીથી તો બહાદુર બન્યા અને પેલાને પકડી લીધો. બાપાએ તરતજ મને ગોદમાં લીધો અને મને રમાડવો શરુ કર્યો. તેમનો મારા તરફ પ્રેમ વધ્યો અને બધાય મને

લ્હેરમાં રાખવા લાગ્યા. જમીનદારની પત્નિ મને જોઇને ખુશ ખુશ થઇ જતી અને મારા તરફ દ્રષ્ટિ પડે કે તરતજ હસે, પણ તે બીચારીનું હાસ્ય ક્યાં સુધીનું હતું ? તે ટૂંક સમયમાંજ મરી ગઇ. તેણે મને ત્યાંની ગામઠી નિશાળે મૂકયો નહતો, પણ મને એક લાંબી સફેદ દાઢીવાળા વૃદ્ધ આચાર્ય પાસે મૂકયો હતો. હું ૧૫ વર્ષનો થયો ત્યાં સુધીમાં મને સાધારણ જ જ્ઞાન સંસ્કૃતનું પ્રાપ્ત થયું હતું."

"મારા અભ્યાસ દરમ્યાન મારા પગમાં એક દિવસ ઓચીંતી એક બેડી પડેલી. એ બેડીમાંથી હું, જ્યારે એ બેડી તૂટી ગઇ ત્યારે છૂટયો હતો. હવે એ બેડીની કથની સાંભળો: "

"એક સવારે મારી શાળાના એક ખંડમાં મારા મિત્રો સહીત હું 'હિંદમાં અંગ્રેજો' એ નામનું હિંદી પુસ્તક વાંચતો હતો. અમો વાંચવામાં ગૂલતાન થઇ ગયેલા હતા."

" એકા એક અમારી નિશાળનું દ્વાર ખખડયું. જમીનદાર બાપા બીજા પાંચ સાત માણસોના ટોળા સહીત અંદર ધસી આવ્યા. પણ મને જોઈ ઊભા રહ્યા. અમોને બધાય આવી સ્થિતિમાં જોઈ તેઓ હસી પડયા. તેમના હસવાથી અમને ખલેલ પડી. હું ગુસ્સે થયો. "

" હું ચીઢાયો પણ બાપાને જોઇ શાંત થયો એટલે બાપાએ મારી ઓળખાણ તેમને આપી. હું જોઇ રહ્યો. મને તથા મારા મિત્રોને તેમણે સાથે લીધા, અમો સાથે ચાલતા થયા. અમો અમારા મહેતાજીને ત્યાં ગયા, ત્યાંથી અમો અમારા ગામમાં આવ્યા. ઘેર આવ્યા ત્યારે મને નવા નવા લૂગડાં પેરાવ્યાં. "

" અત્યાર સુધી આ શું વસ્તુ થતી હતી તેની મને સુજ પડતી ન હતી. મને રમુજ પડતી હતી, એટલે બધો ખેલ જોયા કરતો હતો કે આ બધું શું બને છે ? "

"રાત્રી પડી એટલે મને નવરાવ્યો–તેલ ચોપડયું અને સુંદર સુગંધી ફૂલવાળો હાર મારા ગળામાં પહેરાવ્યો. મેં મિત્રો તરફ જોઇ હાસ્ય કર્યું. તેઓ પણ હસ્યા. મને ઘોડા ઉપર બેસાડયો અને નગારાં વગડવાં લાગ્યાં. મને ગામમાં ફેરવ્યો અને એક જુદા જ ઘર પાસે લઈ જવામાં આવ્યો. મને આનંદ બહુ આવતો હતો."

"મને ઘોડા ઉપરથી ઊતાર્યો, નવડાવ્યો અને પાટલા ઉપર બેસાડયો. હા, હવે તેજ વખતે તેમના બોલવા ઉપરથી ખબર પડી કે મારું લગ્ન થતું હતું. મને એ શબ્દ સાંભળતાં જ ગુસ્સો ઉત્પન્ન થયો. કારણની ખબર નથી. પણ હા, મને આનંદ બહુ પડતો હતો. મને કંસાર જમાડયો–દૂધ પાયું–પવન નાખવામાં આવતો. મને કટારી ઝાલવા આપેલી. મારી પત્નિએ મારા પગ ધોયેલા અને મારી સાસુએ અને એ ભવિષ્યની પત્નિએ (?) એ પાણી પીધું. મારા મિત્રો તો આ જોઇ હસતા હતા. મને સાધારણ હસવું આવતું હતું. મારી પત્નિની ઉમ્મર આઠ કે નવ વર્ષથી વધારેની નહિ હોય."

"સવારે લગ્નક્રીયા પૂરી થઇ અને આવી રીતે મારું જીવન એક ગોળ ઢાંકણા વાળી દાબડીમાં પૂરાઇ ગયું. પહેલી રાત અમો સાથે રહેલાં. મારા બાપા મને લાડ લડાવતાં હતાં. મારે માટે તેમણે એક જોડો ખરીદ્યો."

"લગ્ન પછી હું અને મારા મિત્રો, દસેક દિવસ એક સાથે રહેલા. તે દરમ્યાન "હિંદમાં અંગ્રેજો" પૂરૂં કર્યું. અમને બહુ જ મઝા પડી. મેં એવું એક પુસ્તક ખરીદ્યું. મને પૈસા વાપરવાના મળતા હતા એટલે મઝા હતી."

"મારી પત્નિને મેં બેડી તરીકે આલેખી, કારણ કે મને

અપૂર્વ શ્રદ્ધા પૂર્વક જણાય છે કે નાનપણમાં બાળકોનાં બાળ-લગ્ન એજ તેમના જીવનને હચમચાવી નાખનાર વસ્તુ છે. એક યુવાનની ઉગતી લલિત ભાવનાઓને કચડી નાખવાનો હથોડો જ બાળ–લગ્ન છે. પ્રભુમય જીવન, સાદાઇમાં અને વૈરાગી અવસ્થામાં ગાળવું હોય તો તે એક વિશાળ અણીદાર ખીલા સમાન છે. એ બેડી લોખંડની નથી પણ કોઇક એવી અભેદ્ય વસ્તુની છે કે જેવાતેવા પુરુષો અને સામાન્ય પ્રયત્નો તેમને છિન્નભિન્ન નથી કરી શકતા અને અંતે તેમાં ... સપડાયેલા રહેવાનું જ. મર્યાદિત અને સ્વેચ્છાથી થયેલું લગ્ન હમેશાં ફળીભૂત થવાનું જ. પણ આ લગ્ન જે સમયે " લગ્ન એટલે શું ? " " પત્નિ શું ? " " પતિ શું ? " " પ્રેમ શું ? " ની ખબર નહોય તેવા લગ્નો શા કામના ? આવા સંજોગોમાં સમાજની આ રૂઢિઓમાં ફેરફાર લાવવા શું કરવું પડે ? ક્રાંતિ, બળવો, વ્યક્તિગત બલિદાન અને વ્યક્તિગત બળવાની જરૂરિઆત છે. સમૂહના બળવાની જરૂરિઆત નથી. તેનાથી કાંઇ થશે નહિ. વ્યક્તિગત બળવો તથા બલિદાન અસરકારક થશે. યુવાનોનાં લોહીનાં જ્યારે રૂઢિઓને તર્પણ અપાશે ત્યારે જ સમાજનો ઉદ્ધાર સંભવે છે નહિ તો નહિ. હિંદના સામાજિક જીવનનો આધાર એ તો કલ્પનામાં નથી આવતો."

" મારાં લગ્ન થયાં પછી બે કે ત્રણ વર્ષે જમીનદાર બાપા મરી ગયા. મારા હાથમાં મીલ્કત આવી. હવે મારે શું કરવું ? હું જમીનદાર લેખાયો. મારે નામે અને બાપાની સહીથી જમીનદારી મને મળી. મને માન મળવા લાગ્યું."

" હં......મને અત્યારે મારા ખેડૂતોની દશા યાદ આવે છે. તેમની સ્થિતિ યાદ કરતાં મારું હૃદય ચીરાઇ જાય છે. અત્યારે જો હું જમીનદાર હોત તો ખેડૂતો માટે હું શું

ન કરત તે મને શંકા છે? એતો કલ્પના જ છે. આવા વિચારો કરી મગજ ઉપરથી ભાર કાઢવા પ્રયત્ન કરું છું, પણ તેમ બની શકતું નથી."

"હં......તેમના જીવનમાં વહેવાની શરૂઆત કરતાં ઝરણાં કેવા જમીનદારોનાં જુલ્મે સૂકાઇ જાય છે? તે વિચાર્યે પણ બસ નથી થતું. કારણ કે એ વસ્તુ વિચાર કરતાં દિલને હચમચાવે, તો નજરે જોનારને અને અનુભવનારને શું ન થાય? હાય ગરીબી!!"

"બંગાળા જેવી ફળદ્રુપ ભૂમિ જેના ઉપર ભગવાનના ચાર હાથ જ રહેતા, તેવી ભૂમિની ફળદ્રુપતા ઉપર વિચાર જ બસ છે. આહ, એ જમીનો કેવી? એક ખેડૂતને ત્યાં ફસલો ભરાતી ત્યારે ચાર ચાર વર્ષ સુધી ચાલે તેટલો દાણો ઉપ-જતો, પણ તેમને ભાગે કેટલું રહેતું હતું? અડધો ભાગ જમી-નદારનો અને પા ભાગ ખેડૂતના કરજમાં. પછી બાકીનો તેના પોતાના ખર્ચમાં, ઘરનાં બાળબચ્ચાં પોશવાનાં અને તે ઉપરાંત વ્યવહારિક ખર્ચો આવે તે જૂદાં—આમાં તેમનો ઉદ્ધાર કઇ દિશામાં થાય?"

"મને પસ્તાવામાં વિચાર આવે છે કે એમનાં આંસુએ આંસુએ આ સામ્રાજ્યનો કડડ...ભૂસનો ધીમો પણ ગંભીર, દુઃખજનક પણ હૃદય દ્રાવક, અવાજ છે. એમનાં આંસુઓ કોમળ હૃદયી પીછાનશે અને કઠોર પાષાણો તો એ આંસુની ધારાએ ધવાઇ જશે. તેમનાં આંસુઓ મજબૂત કિલ્લાઓને તોપ વગર દૈવિશક્તિને સૂરંગના ઉપયોગમાં લઇ ઉથલાવી પાડશે અને તે પત્થરોના એવા ભૂકા થશે કે જે સૃષ્ટિ પર જડયા જડશે નહિ. તેની પાસે તાજ અને તલવાર નમન કરશે જ."

## પ્રકરણ ૩:

### —લગ્ન-પછી—

"મારાં લગ્ન થઇ ગયાં. એ પછી મને વારસો મળ્યો. જમીનદાર બાપા મરી ગયા. મારો કારભાર બાપાનો એક સગો કરતો હતો. મારી પત્નિ હવે મારી સાથે રહેતી હતી. મેં મારો અભ્યાસ ૧૫ વર્ષે જ મૂકેલો એટલે હું બહુ ભણી શક્યો નહતો, અને એ પણ ખરું કે લગ્ન પછી મારું મન અભ્યાસ ઉપરથી ઉઠી ગયું હતું. વધુમાં સંસારનો બોજો અને જમીનનો કારભાર તથા બીચારા ખેડૂતોનાં આંસુઓનો અભિષેક આમાં કઈ વસ્તુ મનુષ્યને શાંતિ આપી શકે? મારી એકેય એવી સવાર નહોતી ગઇ કે જ્યારે મારી આંખ સમક્ષ મેં ખેડૂતનાં આંસુ નહોતાં જોયા? પણ પત્થર સમાન હૃદય થયું હતું."

"પંદર વર્ષ પછી મેં સુખ મારા ધારવા પ્રમાણે – ખેડૂતોના આંસુઓમાંથી તથા બળતા હૃદયના શ્રાપોમાંથી ઉત્પન્ન થયેલ સુખ અનુભવ્યું: એટલામાં ૧૮ મે વર્ષે મારે ઘેર પુત્રજન્મ થયો. તે પુત્રનું મોઢું કાંતિમાન નહતું. રંગે ગોરો હતો પણ દુઃખની વાત એ હતી કે તેના મોઢા ઉપર ફીકાશ હતી. દુઃખના લોહીનાં છોય હતાં. હું ધારું છું કે તે સુખ ભોગવવા નહિજ જન્મેલ, તેના નસીબે દુઃખજ લખેલ હશે; પુત્રના મોઢા ઉપર તેજ નહતું–વેપારનું ચાતુર્ય નહતું–પ્રેમનાં બિંદુ ન હતાં–દયાનાં ઝરણાં ફૂટતાં નહતાં. આ બધું મને અત્યારે સુઝે

છે. તે વખતે તો એ મારો ઈંદ્ર હતો. તેને રમાડતાં હું તેને જોઇ રહેતો અને કલાકો સુધી રોયા કરતો હતો, મારી પત્નિ મને મારા રડવાનું કારણ પૂછતી હતી પણ શું કારણ બતાવું? મને પોતાને જ સુજ પડતી નહતી કે હું શા માટે રોતો હતો. કઇ ગમ એ વહાણ વળશે તેની શી ખબર હતી?"

"આ પુત્રને માટે મને બહુ હોંશ હતી કે, પુત્ર જન્મ દિવસે મેં ખેડુતોના કર અડધા કરી નાંખ્યા, તે ફક્ત એકજ વર્ષ માટે. પ્રજાએ પનોતા પગલાં જોયાં પણ મારા હૃદયમાં બહુ જ દિલગીરી પ્રસરતી ચાલી. જીવનમાં દર્દ હતું–દુઃખ હતું હૃદય કાંઇકિ શોધતું હતું. પણ મને ખબર નહોતી પડતી કે શું?"

"હં...એ પુત્ર જેને માટે મેં લાંબી આશાઓ બાંધેલી તે એક દિવસે સાંજે પ્રભુ પાસે પહોંચી ગયો. તેનાં શરીરમાં તાવ ન હતો, તેને રોગ ન હતો, પણ તે આત્મા ભગવાનને ચરણે ગયો. મેં મૃત્યુને પીછાન્યુ ન હતું, તેજ સમયે મેં અચેતન પુતળાંને જોઇ મૃત્યુને પિછાન્યું. મારી આંખ ફરી ગઇ, તે સમયેજ મારું ભાવી ફરી ગયું."

"આજે એ કથની સંભારતાં આંખમાંથી આંસુ સરે છે, અને હૃદય દ્રવી ઉઠે છે. હું મૂંઝાઉં છું, શું કરું? ક્યાં જાઉં? મને પુત્ર યાદ આવે છે, પત્નિ યાદ આવે છે, જમીન યાદ આવે છે, હું કોને ન સંભારૂં, મારું સર્વસ્વ પુત્રના ગયા પછી ગયું–હવે હું શું કરીશ?"

"દુનિયા કહે છે કે ઇશ્વર દુઃખી ઉપર દયા કરે છે. 'મને શંકા છે ઇશ્વર નિષ્ઠુર હૃદયનો છે. તે દુઃખી ઉપર દુઃખ જ વરસાવે છે. તેનું કારણ શું? તેની પ્રચંડ અને દુઃખસ્થ અવસ્થાજ હોવી જોઇએ.' મનુષ્યોને પશ્ચાતાપના અને દુઃખના

અગ્નિમાં બાળી ખાક કરવાનો તેનો એ પ્રયત્ન જ છે-તેની પ્રચંડ ઇચ્છા છે. ગુન્હો હોય તો દુઃખ કામનું, પણ વગર ગુન્હે પશ્ચાતાપ કરાવવો એ ક્યાંનો ન્યાય ? એજ મૂર્ખાઇની નિશાની પ્રભુ મૂર્ખ છેજ. ”

× × ×

“ પુત્રના અવસાન પછી દુઃખનો પાર જ નથી રહ્યો. હું જમીનદાર હતો તે મેં કહ્યું. મેં ખેડૂતોને કનેડયા હતા. શું નહોતું કર્યું તે શંકા છે. ”

“ એક દિસસ હું મારા ઘરમાં બેઠો હતો. રાજશાહી ઠાઠ હતો. હાથમાં હુકો હતો-પડખે પાનનો ડબો હતો. મારી પત્નિ સામે હિંચકા ઉપર બેઠી હતી. નોકરો મારો હુકમ સાંભળવા તૈયાર થઇ ગયા હતા. હું રાજાની પેઠે બેઠો હતો. ”

“ આવી મારી સુખમય અવસ્થા હતી. પણ ભંગાણ પડયું, બ્હાર ઘોડાઓનો અવાજ સંભળાયો. દસથી બારના આંકડામાં પોલીસો તથા બે ત્રણ ગોરા અમલદારો ( મારા ધારવા પ્રમાણે કર ઉઘરાવનાર ) અંદર ઘૂસી આવ્યા. મેં ટાઢે હૃદયે આવકાર આપ્યો. તેઓ તોફાન કરતા બેઠા અને થોડીક શાંતિ પછી બોલ્યા-‘ તૂમેરા કર સરકારકો પતા દો ’ આવી અભેદ્ય ભાષા સાંભળી મને આનંદ આવ્યો, ‘ સરકારકો નાણાકી તંગી હે ’ મેં જવાબ આપ્યોઃ “ બેસો ! મારા મુનિ-મને બોલાવું છું. ” તેઓ શાંત થયા. અમારા રીવાજ પ્રમાણે તેમની સમક્ષ પાન તથા પાણી મૂકાયાં, પણ એ લોકોને તેની પરવા હોય ? તેમણે પોતાનો થેલો ખેંચ્યો. અંદરથી દારૂના બાટલા કાઢયા અને ફોડી પીવાની તજવીજ કરવા લાગ્યા. મારી પત્નિ તો એવી દુર્ગંધથી ત્રાસી નાસી ગઇ. મારાથી પણ દુર્ગંધ ખમાતી ન હતી. ”

" એ ઉપરાંત તેઓએ મારી સમક્ષ દારૂની પ્યાલી ધરી. મેં કંટાળો લાવી સવિનય 'ના' કહી. એક ગોરો આ જોઇ ઘૂરકયો કે 'અપમાન' પણ બીજાના ઇસારાથી તે શાંત થઇ ગયો. "

આ સમયમાં તો મારો મુનિમ આવી પહોંચ્યો હતો. એ મુનિમ મારા જમીનદાર બાપનો મિત્ર હતો. મને તે ખરા હૃદયથી ચાહતો હતો, પણ મને પાછળથી ખબર પડી કે તે ઉડાઉ હતો. જે સાલમાં મેં કર અડધા કર્યા હતા તે સાલમાં મને કહ્યા વગર તેણે દોઢા કર લીધા અને મને એમ કહ્યું કે મેં અડધો જ કર લીધો છે. મેં તો તેને પ્રમાણિક જ ધારેલો. વધારે ખરું તો એમ જ હતું કે હું તેના હાથમાં રમકડાં જેવો હતો. આવા કારણોને લઇને તે પૈસા બધાય હજમ કરી ગયો હતો. "

" પણ અન્યાયનો રોટલો હોય ત્યાં કદી શાંતિ સંભવતી હશે ? તેને ત્યાં પુત્રીઓનો જ જન્મ થતો હતો. તેને સાત પુત્રીઓ થઇ હતી, અને એક પુત્ર જન્મ્યો હતો. એ પુત્ર ઉડાઉ અને છેલબટાઉ હતો, એટલે તેને સૂઇ જવાનો પણ વખત નહોતો મળતો. તે નરવીર એક રાત્રે મુનિમનું ખૂન કરવા તત્પર થયેલો, તેમાં તે ફાવ્યો પણ હોત, પણ તેનો પગ તેની નાની બ્હેનના પગ ઉપર પડ્યો ! ખૂન થતું અટક્યું !! જ્યારે તે સૂઈ જતો હતો ત્યારે તેની આજુબાજુ પોતાની પુત્રીઓને સુવાડતો હતો. આ વાત મને મુનિમે કહેલી. "

" મુનિમ શરીરે બટકો હતો. બટાકા જેવો ગોળમટોળ હતો. તેનું પેટ તેના શરીરના પ્રમાણમાં ગોળ અને આગળ પડતું હતું. મને યાદ આવે છે કે મેં એક વખત તેને માટે કલકત્તાથી મોજડી મંગાવેલી તે તેને પહેરાવી હતી. મેં તેને

ઊભા થઈ જોવાનું કહ્યું, તે બીચારો ઊભો થયો અને મોજડીને જોવા પ્રયત્ન કરવા લાગ્યો, પણ તેની ફાંદ એવી થઇ ગઇ હતી કે તે બીચારો જોઇ શકયો નહતો. મને તેને પોતાની ફાંદ બતાવી લાચારી બતાવી. મારી પત્નિ તો ઘૂંઘટમાં મોઢું ઘાલી હસતીજ રહેલી. તેની આવી ફાંદને લીધે તેનું મોઢું કાગડાની ચાંચ જેવું લાગતું હતું, અને તેના પગ તો કીડોના જેવા લાગતા હતા. ”

“ મુનિમના આવ્યા પછી મને આનંદ આવ્યો. પેલા વાંદરાઓ તો આ જોઈને હસતા જ હોય ને ? મારા મુનિમને તેમના આવવાનું કારણ સમજાવ્યું. મુનિમે ફાંદ હલાવી અને આંખો ઝીણી કરી, તેમને આમંત્રણ આપી, પોતાને ઘેર લઇ ગયો અને પછી યુક્તિ કરી સર્વેને કાઢી મૂકયા. મને હસવું આવે છે કે મુનિમે કેવી રીતે તે લોકોને કાઢી મૂક્યા. ”

“ પોતાને ઘેર તેડી જઇ તેમને ગમ્મત આપવા લાગ્યો, અને તેમને દારૂની સગવડ કરી આપી. તોફાન તો ત્યાં સુધી કરાવ્યું કે એક વાંદરો મારા મુનિમની ફાંદ ઉપર હાથ ફેરવવા લાગ્યો. મુનિમ હસતો જાય અને તેમની પાસે દારૂનો બાટલો મૂકતો જાય. તેઓ આથી રાજી થઇ મુનિમને થાબડવા લાગ્યા. અને એ દારૂ ઢીચે ગયા. ”

“ તેમના મુખ ઉપર હસવાનો પાર નહતો. જેમ જેમ ઘેન ચઢવા માંડયું તેમ તેમ તેઓને મુનિમે નચાવવા માંડયા. જ્યારે અડધા બે ભાન થયા ત્યારે તેમની પાસેનાં તમંચા લઇ લીધા, અને એક કાગળ લખ્યો. આ કાગળ ઉપર તેણે તેમની સહી કરાવી લીધી કે આ સાલનો કર મળી ગયો છે. મુનિમે તેમને ઇનામ આપી ઘોડા ઉપર બેસાડી રવાના કરવાની પેરવી શરૂ

કરી, અને પછવાડે મારા મોકલ્યા. બીજે દિવસે તેમની લાશો મળી. મારા અચંબાનો તો પાર જ નહતો. પાછી અમારી તપાસ કરવાનો હુકમ થયો, પણ હુકમને મુનિમે કાવત્રું રચી ગૂમ કરાવી દીધો. મુનમ પોતાની ફાંદ હલાવતો જાય, અને હસતો જાય. મેં તેની પાસેથી તમંચો વાપરવાની કળા શીખી લીધી. એવા તમંચાનો શોખ મને તે દિવસથી લાગ્યો."

# પ્રકરણ ૪

## બીજે વર્ષે

"આમ સુખ ભોગવ્યું પછી !"

"એક દિવસ અમારી કચેરી ભરાયેલ. સામેથી ધૂળનું વંટોળ દેખાયું. ટૂંક સમયમાં જ મને જણાયું કે એક નાનકડું સૈન્ય ધસ્યું આવતું હતું, જે ગોરા તથા હિંદુ સિપાઇઓનું બનેલું હતું. મને સલામ ભરી તેઓએ સરકારને પૈસા નહિ ભરવા માટે પકડવાનું વૉરંટ આપ્યું. મુનિમનું મોઢું તો વૉરંટનો કાગળીયો જોઈને જ ફીકું પડી ગયું. મને તેને પકડાઈ જવાની વાત કરી. અમો ઊઠ્યા, કારણ કે અમારી લાચારી હતી. અમને ચોકી તળે લઇ ચાલ્યા. મારી સ્ત્રીને કહ્યું કે અમે કલકત્તા જઇને આવીએ છીએ."

"કલકત્તા આવ્યા. અમને કેદખાનાની ઓરડીમાં પૂર્યા. મને તો લાગ્યું કે બાર વાગ્યા. જ્યાં એક કોટડીમાં હું ગયો, ત્યાં મચ્છર બણબણી ઊડ્યાં. મને બહુ જ ચીઢ ચડી પણ કહું કોને ?"

"હવે, અત્યારે લખતાં ધ્રૂજારી ચઢે છે કે જે વખતે મને પૂર્યો, ત્યારે મને સુઝ પડવા માંડી કે કેવાં પાપ આ જન્મે કર્યા હશે કે આ કારાગારની મોજ ચાખવી પડે છે !! મેં હજારો ગાળો મુનીમને દીધી ! મેં હજારો ગાળો પોલીસોને દીધી ! મને મારી પત્નિ સાંભળી, પણ ત્યાં મને મારી મીઠીની

ગોદ મળવાની ન હતી. ત્યાં તો ફાટલી ચટાઈ હતી, અને મચ્છરની મીજબાની હતી. પરાણે મીજબાન થવાનું હતું-તો પછી પત્નિ શું? શોભાશું?"

"હું જ્યારે કેદમાં પૂરાયો ત્યારે મારી પત્નિ સગર્ભા હતી. મને મુખ્ય ચિંતા એ હતી કે મારી પત્નિનું શું થશે? મારી ભવિષ્યની સંતતિનું શું થશે? મારી મિલ્કતનું શું થશે?"

"હવે મારી કોર્ટની બાજુ જુવો. મને પ્રશ્નો પુછાયા. મેં તો ચોકખું કહી દીધું કે હું કાંઇ પણ જાણતો ન હતો, મારો મુનિમ દરેક વસ્તુ સમજતો હતો. મને તેણે છેવટની ઘડી સુધી કહ્યા કર્યું હતું કે તેણે સરકારને કર આપ્યો હતો."

"મને મહા મુસીબતે નિર્દોષ ઠરાવ્યો, છતાં પણ રૂ. ૫૦૦) દંડ આપવાના તો ખરાજ. મારા મુનિમને કેદની શિક્ષા થઇ. તેનું ઘરબાર લૂંટી લેવાયું. મને મારે ગામ પહોંચાડયો. પાછળથી સાંભળ્યું તેમ મારો મુનિમ મૃત્યુને વશ જેલમાં જ થયો હતો."

"મારી પત્નિના નસીબે હું છૂટયો, મારો દંડ રૂ. ૫૦૦) કર્યો હતો. મારી પાસે કોડી પણ નહતી. મારું ઘર જપ્ત કર્યું. મારી જમીન જપ્ત થઇ. તે ફક્ત રૂ. ૫૦૦ માટે થયું. હું જમીનદાર મટી ગયો. મારી બધી મિલ્કત રૂ. ૫૦૦ માં ગઇ. આ શું? ન્યાય કે અન્યાય? હું કલકત્તા ગયો. મારી પત્નિને એક કોટડીમાં રાખતો ગયો. કારણ કે ઘરબાર હતાંજ નહિ."

"એક વખતની કોમળ બિછાત ઉપર સુનાર પત્નિ; જેણે કદી સૂર્યનો તડકો પણ જોયો નથી, પગે ચાલી નથી, તે પત્નિ એક ઓરડીમાં ફાટલી ગોદડી ઉપર અને વળી સગર્ભા અવસ્થામાં પડેલી જોતાં મને તો ત્રાસ છૂટયો. શરીર ઉપરથી પસીનો છૂટયો-હા-એ સમય? ભૂલ્યો, નહિ ભૂલાશે.

તે કોને લીધે હતું ! ખેડૂતોને ચૂસનારને લીધે !–કાયદાના ઉત્પાદકોને લીધે ! સ્ત્રીઓના પૂજકોને લીધે ! કે એ નીચ લૂંટારાઓને લીધે ! તેમનાં ભૂખ્યાં પેટ તો દિવાળાં કાઢી બેઠાં છે. તેમને દૂર કર્યેજ છૂટકો થાય. સખ્ત બળવો જગાવો–તેમના કાંડાકાપો અને ધડ પરથી શીર ઉપાડી લ્યો એટલે આપણી ફત્તેહ છે. ”

“ કલકત્તામાં હું ન્યાયની અદાલત ગયો, પણ મને દાદ ન મળી. સત્ય અને ન્યાયનો ડોળ કરી બેસનાર, ઓ ન્યાયી, તારા કાન ફાડીને સાંભળ ! તારા કાયદાઓમાં ન્યાય કયાં છે ? તારી આંખમાં દયા કયાં છે ? તારો હાથ લોઢાનો છે અને હૈયું પત્થરનું છે. પણ સાંભળ ! પત્થર વરસાદનું બિંદુજ ત્હારામાં માર્ગ કરી, તારી જાતને ફાંસી નાંખે છે. હં ! તું એથી એમ ન સમજીશ કે તારું જીવન અખંડીત છે. તું તારી જાતને હાથી માનતો હો તો ભલે અમો મચ્છર રહ્યાં. તારી આંખમાં મુડીવાદનો તોર છે, તીરસ્કાર છે. જેમ જેમ દમનનીતિ વધારશો તેમ અમારા હૃદયમાં સળગતો અગ્નિ ધૂંધવાતો જશે, તારા કાયદા બધા બળી જશે, અને તારા સિંહાસનો ઉખડી જશે. ગમે તેટલી મક્કમતા તારામાં વસી હશે. તારા ચોપડામાં દયા નથી લખી ! પણ હા ન્યાયીઓ અન્યાયી જ હોય છે. મેં અરજ કરી તો બદલામાં મારી ટચલી આંગળી કાપી નાંખી. ”

“ મને અસહ્ય દુ:ખ થતું હતું. અને મનમાં ક્રોધ ચઢતો હતો, પણ હું કરૂં શું ? આંગળીએથી લોહી ટપકતું હતું. ”

“ હું લોહી ટપકતી આંગળીએ નીકળ્યો–કલકત્તામાંથી બહાર નીકળ્યો. એટલામાં કોઇ એક ગોરો ઘોડેશ્વાર થઇ આવતો હતો, તેની હડફેટમાં કૂતરું આવ્યું. ગોરો ખીજવાયો અને કૂતરાને ઠાર કરી નાખ્યું. મારો અંતરઆત્મા કકળી ઊઠયો કે આ

લોકાએ આ શું માંડયું છે? 'દયાહીન' મારા મોઢામાંથી શબ્દો નીકળ્યા. તેને લાગ્યું કે મેં તેને ગાળ આપી, તેથી મારા ઉપર પોતાનો ઘોડો ફેરવ્યો. હું બેશુદ્ધ થઇને પડયો. છતાં ઉઠયો. ખીસ્સામાંથી તમંચો કાઢી 'ઘોડો દાબ્યો' બંદૂક ફૂટી, ગોળી ઘોડાને વાગી, એટલે ઘોડો પૂર જોસમાં દોડયો. 'ચાંઈ ચાંઈ કરતો ગોરો પૂર જોસમાં નાઠો તે દરવાજા પાસે પડયો.' ઘોડો મરી ગયો. મને પકડવા પોલીસ દોડી આવ્યા. ગોરાને સલામ ભરતા જાય અને મને મારતા જાય. મને સીધો કોર્ટમાં ઢસડયો, કોર્ટમાં ગોરા દેવ. મારું સાંભળે કોણ? મને હુમલો કરવા માટે સાત વર્ષની સજા થઇ."

## પ્રકરણ ૫

## જેલમાં

“ મને જેલમાં લઇ ગયા, ત્યાં પણ એ ગોરા પ્રભુ. વાહ તેમનાં વિચિત્ર નાક અને મોઢાં, લબ લબ બોલે. એટલામાં ભારે શરીરવાળું, ગોરું મોઢું જોવામાં આવ્યું. મારી બગલ જોઈ, મારી આંખ જોઇ, મારા પગ પહોળા કરીને જોયા પણ કાંઇ નજ જડયું. મેં એક વસ્તુ સંઘરી રાખી હતી—”

“ જે દિવસે કલકત્તા અરજી કરવા ગયો ત્યારે દુઃખી અવસ્થામાં મારી પત્નિએ મારે માથે માથું નાંખ્યું હતું અને તે સરતું સરતું મારા ખભા ઉપર ઊતર્યું હતું, એ છેલ્લું સ્મરણ મને યાદ આવે છે......ઉંહ......હં......તેમાં તેના માથાના વાળમાંથી કેટલાક વાળ મારા ખભા ઉપર રહી ગયેલા, તે મને જડયાં. પ્રિયાનું એ છેલ્લું સ્મરણ કોને અપ્રિય હોય? જેલમાં મારું માથું બોડાવવાનો હુકમ થયો, અને વાળ મેળવવા પ્રયત્ન કરવા લાગ્યા.” મેં કહ્યું: એ શબ્દો હજુ પણ મને યાદ આવે છે: “ આ વાળ મને નહિ છોડાવી શકે અને કદાચ છોડાવશે તોપણ આ ભૂમિમાં નહિ, કોઇ બીજીજ સૃષ્ટિમાં. ”

“ એ જેલરે દયા ખાઇ અને વાળ પાછા આપ્યા. એ ભૂખરા વાળ આજ સુધી મેં સંઘર્યા છે.”

“ મને સાત વર્ષ સુધી એકજ જગોએ પૂરી રાખ્યો. મારા આત્માને કામ વગર બેસાડયો. મારું જીવન સાવ

ઉપયોગ વિનાનું બની ગયું હતું. કાંઇ અગત્યના બનાવો બન્યા ન હતા, પણ જે કાંઇ બન્યા હતા તેમાંના થોડાક તમારી સમક્ષ રજુ કરું છું. આ પ્રસંગોએ મારું જીવન ઘડાયું હતું."

× × ×

"માથાના વાળ ખભા ઉપર ગયા છે. ગર્વમાં પગલાં મૂકે છે, આંખમાં મસ્તિ છે, કાયા દ્રવે છે, પણ પોતાની આંખના તેજે બીવડાવે તેવો એક યુવાન મારી ઓરડીમાં આવ્યો. મોઢા ઉપર દરકાર નહતી, આંખમાં ચિંતા નહતી, કપાળ પર કરચલી ન હતી. આંખમાં ચમકાર હતો, હૃદયમાં ઉલ્લાસ હતો, મસ્તકમાં ગર્વ હતો. આગળ ચાર પોલીસ, પછવાડે સાર્જન્ટ, હાથમાં તમંચો અને તે, યુવાનની પીઠ પછવાડે તેણે તે તમંચો અડાડી રાખ્યો હતો. પરવા વગર યુવાન પગલાં ભરતો ઓરડીમાં આવ્યો કે તરતજ સાર્જન્ટના હુકમથી તેના ઉપર મારપીટ શરુ થઇ. શરૂઆતમાં તેના ઉપર તમાચાનો વરસાદ પડયો, પછીથી એ ક્રિયા બંધ થતાં તેનાં આંગળા મરડી નાખવામાં આવ્યાં. આહ! પણ યુવાનના મુખ ઉપર ચિત્કાર ન હતો, પણ દ્રઢતા હતી. તમાચે તમાચે તેને કાંઇક નવુંજ જણાતું હતું. પછીથી તેના ઉપર કુંદાનો પ્રહાર અજમાવવામાં આવ્યો. હવે મારાથી જોવાતું નહતું. આ અન્યાય મારાથી સહ્યો જતો ન હતો. મારા હાથમાં બેડી હતી, છતાં ઊઠયો અને પૂરતા જોસથી દોડયો: પાસે ઊભેલા સિપાઇના માથા ઉપર બેડીનો ઘા કર્યો. પણ હા! તરતજ મને પકડી લેવામાં આવ્યો, અને પછી મારા ઉપર પણ મારપીટ શરુ થઇ. અમે બન્ને એકજ શિક્ષાના ભોગ થઇ ગયા હતા. આ અન્યાય યુવાનનું હૃદય સહન કરે? યુવાન તો હવે બળવો જગાવે અને જે સિંહાસન

ઉપર આ અન્યાય રાજ્ય કરે છે, તે સિંહાસનના હાથ અને પગ કાપી નાખે. સિંહાસનના ચાર પગ હોય, તેમાં શક્તિ વેંચાઇ જાય છે. જ્યારે યુવાનને બે પગ છે, તેની શક્તિ વેંચાઈ ગયેલ નથી. યુવાન ઊઠે અને સિંહાસનને પોતાના શસ્ત્રોથી છિન્નભિન્ન કરી મૂકે. યુવાન બળવો જગાવે એજ પ્રાર્થના! યુવાન શું ન કરી શકે?"

મારા મગજમાં ચઢેલી તમ્મર ઊતરી ન હતી. મારપીટને લીધે દુઃખ અતીશય થતું હતું. યુવાન તો બેહોશ પડયો હતો. મારામાં આછી સાન હતી. મને વિચાર સૂજ્યો, યુવાન કેદમાં શા માટે આવ્યો! તેને શું કર્યું હશે! મારી કોટડીમાં તે વખતે ધીમો અંધકાર વ્યાપવા લાગ્યો, અને સાથે સાથે હૃદય પણ અંધકારને વશ થતું હતું.

રાત્રી પડી હશે કે નહિ તેની મને ખબર ન હતી, પણ અંધકાર ( મારી ઓરડીમાં જ ) વ્યાપતાં, સામેનો દરવાજો ખૂલ્યો અને બુટનો અવાજ સંભળાયો. હૃદયમાં હચમચાટ હતો, ઉલ્લાસ તો ક્યાંથી જ હોય? જેલની દિવાલો એટલે પત્થરનો મિનારો. એ મિનારાનાં રજકણો અન્યાય અને અત્યાચારના બનેલાં હતાં. આ રજકણો અન્યાયનાં બનેલાં છે કે નહિ, તે જુઓઃ—

" અંતે અમારું બારણું ઊઘાડવામાં આવ્યું. ગોરાઓએ બત્તિ સળગાવી જોયું, તે સમયે હું જાગૃત હતો. પોલિસો ઊભા હતા. યુવાન શુદ્ધિમાં આવતો હતો, અમલદારો પ્રવેશ્યા કે તરત જ પોલિસોએ સલામ કરી. અંગ્રેજ અમલદારોએ જોયું કે હું ઊભો થયો. મને ફરીથી પકડવામાં આવ્યો. મેં નમન કરી અરજ કરી કે "આ લોકો અમને વગર ગુન્હે મારે છે." એ નિષ્ઠુરો પોતાના હાથ માંહેના તમંચા હલાવતા હસ્યા. મારી સાથેના

યુવાનનું હૃદય બળતું, અરે ચીરાતું હશે. છતાં પણ તેમને ચીઢવવા હસી પડચો ! તે વખતનું તેનું હાસ્ય પાષાણને પીગળાવે તેવું હતું, પણ સામે તે જાણે પાષાણજ ન હોય. ”

“ તેનું બે દરકાર હાસ્ય જોઇ તે અમલદારો ચીઢાયા. તેમની આંખનો તમાસો બદલાવા લાગ્યો અને ધીમે ધીમે લાલ ઘૂમ બનતા ચાલ્યા, અને એ યુવાનને ગળેથી પકડી ઊભો કર્યો. યુવાન તો ટટ્ટાર ઊભો જ થઇ ગયો અને શાંતિ તથા માયાભરી આંખે જોવા લાગ્યો. તેને એકદમ તમાસો વીફરતો લાગ્યો અને યુવાન પણ જરા દ્રઢ બનતો ચાલ્યો. મારું હૃદય તો આ તમાસો જોવા કબૂલાત આપતું ન હતું. મારી તે સમયની ભીરુતા ગજબ કરતી હતી. હું આંખો મીચી બેસી ગયો. ધીમે ધીમે યુવાન પણ દ્રઢતાથી આગળ વધવા લાગ્યો. આહ ! તે સમયનો તેનો સીનો ! કોઇ સિપાઇની તાકાત ન હતી કે તેને પકડે. છેવટે ગોરા અમલદાર તેની પાસે જઈ પહોંચ્યાં. અમલદાર ટટ્ટાર બન્યો અને યુવાનની છાતી ઉપર તમંચો ધર્યો. યુવાન સ્હેજ ખસ્યો અને હાથને એક ઝપાટે તમંચો ઝૂંટવી લીધો. એ ક્રીયા બહુ જ ઝડપમાં બની. યુવાને લાત મારી ગોરાને નીચે નાખી દીધો અને તમંચો હાથમાં રાખી તૈયાર થઇ ગયો. આ બધુંય નાટક જેવું લાગે છે, પણ વસ્તુ સાચી છે. તેણે તમંચો ફોડચો, ગોરો ઘાયલ થઇ હેઠે પડચો, પણ તરત જ પછવાડેથી તેના માથામાં ગોળી વાગી અને તે ઉંધે માથે પડચો. આહ ! તે સમય ધમાલમય બની ગયો હતો. ”

“ યુવાન પડચો અને ધીમે ધીમે બોલતો ગયો. ‘ પ્રભુ ! ’ ‘ દેશ ! ’ ‘ બંગાળ ! ’ ‘ સ્વતંત્રતા ! ’ આવું તો કેટલુંય તે બબડચો, કાંઇ સમજાયું નહિ. જેલનો દરવાજો ઊઘડચો, ગોરાને સંભાળી લઇ ગયા, પણ તે યુવાનતો સારીયે રાત મારી

સામે પડ્યો રહ્યો ! તેની કોણ દરકાર કરે ? પણ વાત એમ છે કે તે યુવાન મરવાની અણી ઉપર હતો, ત્યારે પણ તેના ઉપર ગડદા પાટુ થયેલ. ”

“ કેવી અધમતા ! નિષ્ઠુરતા ! ” હું તે જોઇ શક્યો નહિ. કેદીની લાશ ઉપર લળી પડયો, મેં માથું પછાડયું, ઘણું ય કર્યું પણ શું થાય ? અંતે તો કેદી જ ને ? ”

“ સવારમાં આ કેદીને ઢસડી ગયા, જાણે કે તે પશુ ન હોય ? ” ......તમો તુલના કરજો કે યુવાનની કીંમત વધારે કે એ સિપાઇઓની, કે તેમને રોટલો પૂરો પાડનારની ?

× × ×

“ ઉપરોક્ત બનાવ બન્યે, લગભગ ત્રણ ચાર દિવસ બન્યા હશે. અને તે પછીના આ મારા અનુભવ જોવા જેવા છે. ”

શુક્રવાર હતો.

“ તે સવારે ઊઠીને નજર ફેંકુ છું તો મારી ઓરડી સામે મોટા માંચડા ઠોકાયલા, કે જેને આપણે ફાંસી કહીએ છીએ. બાલ ભાનુના કીરણો ઉંચે ચઢયાં હશે કે નહિ ચઢયાં હોય, તેવામાં જેલનો દરવાજો ઉઘડયો. વીસ કે પચીસ સિપાઇઓ બંદૂકો સહીત દાખલ થયા, અને પછીથી પંદર સત્તર યુવાનો દાખલ થયા. બધાંયના માથા ઉપર તોલા હતા. શરીર ઉપર રાતાં ખમીસો હતાં. સર્વેને હુકમ થયો કે લાઇનમાં ઉભા રહો. બધાય આંખો મારતા મારતા લાઇનમાં ઊભા રહી ગયા, અને પછી જેમ જેમ એક બીજાનાં નામ લેવાતાં ગયાં તેમ તેમ પોલીસો તેમને જોઇ હાજરી પૂરાવતા ગયા. પછી સાર્જન્ટ ઊભો થયો, બધાય યુવાનોને નંબર આપતો ગયો અને નામ પૂછતો ગયો. નામનો તો કોઇએ પત્તો ન

આપ્યો. જ્યાં સાર્જન્ટ નંબર આપી પાંચ ડગલાં ભરે કે તરતજ એક, બીજી જગો બદલાવે અને નંબર ફેરવી નાંખે. અંતે તે કંટાળ્યો અને એ વિચાર પડતો મૂકયો. ”

સાર્જન્ટે પોલીસોને તૈયાર રહેવાનો હુકમ આપ્યો. પોલીસો તૈયાર થઇ ગયા અને પોતાના પટ્ટા ખેંચવા લાગ્યા, કે જાણે પટ્ટેથી તેમનું કાંઇક નાસી જવાનું ન હોય ?

સાર્જન્ટ પગ પહોળા કરી ઉભો હતો, તે અમલદારનો દેખાવ જોવા જેવો હતો. તે ઘડી ઘડીમાં ચીઢાઈ જતો હતો. આવેલા યુવાનોમાંથી તેને કેટલાક શાંત જણાતા યુવાનોને પસંદ કર્યા—તેમને પોતાની પાસે બોલાવ્યા.

પછી સર્વેની પાસે તેણે એક એક કાગળીયું મૂકયું. તેમાં ગમે તે હો પણ સર્વેએ ‘ ના ’ કહી, એટલે સાર્જન્ટે હુકમ કર્યો અને સર્વેને આછો પ્રસાદ મળ્યો. પછીથી તેનો હુકમ “ ચઢાદો સબકું ” થયો. અને પોલીસો પોતપોતાનો ભક્ષ લઇ લેવા લાગ્યા. દરેકને ગળેથી પકડવામાં આવ્યા અને એક એક ફાંસીના માંચડા આગળ ગોઠવી દેવામાં આવ્યા. મારી જીજ્ઞાસાવૃત્તિ જાગૃત થઇ, અને હું આગળ ગયો. સળીયા પાસે ઊભો રહ્યો. ફરીથી હુકમ થયો “ ચઢાદો ” એટલે સર્વેને ઉપર ચઢાવ્યા. અને એ, અરરર ! એવી વિષમ અવસ્થામાં મૂકી દીધા કે કલ્પનામાં નથી આવતું. એ યુવાનો હજુ દુધીયા દાંતના કહેવાય, ત્યાં તેમને આ સ્થિતિએ પહોંચવાનું ? મેં આ જેલમાં આટલું જોયું તો બીજી જેલોમાં શું નહિ હોય ? ભલભલા યુવાનોને ચઢાવ્યા હશે ! ભલભલા યુવાનોના ગળાં રૈંસી નાખ્યાં હશે ! હં ...... ”

“ નિષ્ઠુર હાસ્ય વેરતા વેરતા, દોરીને...ચૂમતા ચૂમતા, આ યુવાનો માંચડે ચઢી ગયા ! ”

'હા............યુવાનોનો જીવ ઊડી ગયો, પ્રાણ પંખેરું ઊડી ગયાં ! ક્યાં ? કલ્પના નથી પહોંચતી. કારણ કે એ કંઈ જગ્યોએ ઊડી જતાં હશે ! ભવિષ્યમાં એજ જન્મે ! એજ પેટે ! તેમના ઉપર ગૂજારેલા સિતમનો બદલો લેવા-ફરીથી જન્મ લેવા કે જ્યાં શાંતિ છે, અખંડ નિંદ્રા છે, અન્યાય નથી-સત્તા નથી-કાનુન નથી, ત્યાં ગયાં. હું બેસી ગયો, તે પછીથી એ યુવાનોનું શું બન્યું તે હું જાણતો નથી."

"હું બેશુદ્ધ થયો હતો, કેટલો સમય? તેનું મને ભાન નથી. ફક્ત એટલું જ ખ્યાન છે કે ધ્રૂજતો ધ્રૂજતો હું બેસી ગયો હતો. મને મારી ઓરડીમાંથી ખસેડવામાં આવ્યો હતો. રાત્રી પડી ત્યારે જ મને ભાન આવ્યું કે પાછળથી કુદરતનું અજવાળું પડે તેવી ઓરડીમાં હતો. કુદરત ! અહીં ...! કુદરત ક્યાંથી હોય ? એ કુદરત ન હતી. ત્યાં કુદરતને પોષણ નહતું.' પાછળના ભાગમાં નાની વાડી હતી. સુંદર સ્વતંત્રતામાં ખીલતાં ફુલઝાડવાં હતાં. ત્યાં પ્રભુનો વાસ હતો. પુષ્પોની નજર પણ સૂર્ય તરફ ઢળતી રહેતી. મને રાત્રે બહુ જ આનંદ પડયો, મારો ત્યાં મિત્ર ન હતો, ત્યાં જૂનાં મિત્ર-મચ્છરો ન હતાં. પણ હા સામે બારણું હતું, તે કોઇ જુદી જ જગોએ પડતું હતું. માંચડાવાળી આ જગો ન હતી."

"પ્રભુએ અંતે મારા ઉપર મ્હેર કરી. મને મારા જીવનનો એક સાથી મળ્યો. રાત્રે દસના ડંકા વાગી ગયા અને મારી ઓરડીમાં એક હાથે બાંધેલ યુવાનને પકડી આવ્યા. મને આ સમયે-અત્યાર સુધી ભૂલી ગયેલ જુનાં સ્મરણો યાદ આવ્યાં, બત્તિના અજવાળામાં તેના ભૂખરા વાળ અને તેનું ઉછળતું મોઢું જોઈ, મને મારી પ્રીય પત્નિ યાદ આવી. [illegible]

NATIONAL ARCHIVES LIBRARY
No. 3/23
Date 28:3:72

જોઇ રડી પડ્યો. તે ધીમે રહીને મારી પાસે આવ્યો, અને મારા ખભા ઉપર હાથ મૂકી મને સાંત્વન આપવા લાગ્યો. મેં ખૂબ રડી દીધું અને તેને મને રડવા દીધો. અંતે હૃદયના ભારનાં ભરેલા આંસુઓને ઠાલવી શાંત થયો, ત્યારે તે યુવાને આછી ભીની આંખે ઊઠી અને પાણી પાયું, અને મને શાંત કરવા પ્રયત્ન કરવા લાગ્યો. ગમે તે કારણ હો પણ પાણી પીધા પછી મને ટૂંક સમયમાં જ ઊંઘ આવી ગઇ. રાત્રે મને એક બહુ જ વિચિત્ર સ્વપ્ન આવ્યું. તે જાણવા જેવું છે:—

"હું જોઉં છું તો સામેથી વાદળો દોડયાં આવે છે, પવન શરુ થયો, વીજળી ચમકી અને સાથે સાથે મારા જીવનની પણ વીજળી ચમકી. જીવનની જ્યોત જે દીપકમાં બળતી હતી તે પૂરતા જોસથી બળવા લાગી. મને લાગ્યું કે હું ઘેરથી ખસી ગયો હતો, અને નદી તટે જઈ ઉભો હતો. નદી ઉપર પવન હતોજ નહિ. તે પ્રદેશ કોઇ વિચિત્રજ પ્રદેશ લાગ્યો. ધીમે ધીમે સમય વીતતો ગયો, તેમ તેમ મારી આજુબાજુ અગ્નિ વરસવા લાગ્યો. પણ મને અવાજ સંભળાયો ડરીશ નહિ. હું ઉભો રહ્યો. મુખ ઉપર ગંભીરતા ધારણ કરી અને જીવન હચમચાવી નાખે તેવા દૃશ્યો નીહાળવા લાગ્યો. મને સ્વપ્ન ચાલતું હતું તેમાં બીજું એક સ્વપ્ન આવ્યું. મારા ઘર તરફ પાંચ સાત બદમાસો દોડતા જતા હતા, મારી પત્નિ સગર્ભા હતી, તેઓએ તેના ઉપર બળાત્કાર શરુ કર્યો. તે બીચારી બેહોશ થઇ ગઇ. પેલા પશુઓએ તેના ઉપર અત્યાચાર ચાલુ રાખ્યો, અને તે બીચારી દુઃખથી તે સમયે શ્વાસ છોડી મરણ પામી. હું બહારથી આવતો હતો, મારી નજર નાસતા બદમાશો ઉપર પડી. હું સ્હેજ સંદે-

હથી કે લૂંટારા હશે એમ ધારી પકડવા દોડયો, પણ ત્યાં તો સનસનાટ્ કરતી ગોળી આવી અને હું ઘાયલ થયો. આ સ્વપ્ન ચાલતું હતું, ત્યાં મારો હાથ જુસ્સામાં મારી છાતી ઉપર પૂરતા જોરમાં અથડાયો. આથી મારો સાથી જાગી ગયો, હું ઉભો થઇ ગયો અને દોડયો. મને તેને ઝાલી રાખ્યો. ગુસ્સામાં મેં તેને તમાચો ચઢાવી દીધો. તો પણ તે બોલ્યો નહિ અને તેણે મારા મોઢા ઉપર ઠંડુ પાણી છાંટયું. ટાઢક લાગવાથી હું જાગી ગયો અને જોઉં છું તો તે મારી પાસે બેઠેલો. મને તેણે મારા બબ-ડવાનું કારણ પૂછ્યું. હું શું જવાબ આપું ? શાંત થઇ હું મૂળ પરિસ્થિતિ સંભારવા લાગ્યો. પણ આછું આછું સ્વપ્ન યાદ આવવા લાગ્યું. મને અંતે સાચી પિરિસ્થિતિ સમજાઇ ગઇ અને વિચાર કરવા લાગ્યોઃ મારી પત્નિ મરી ગઇ ? મેં યુવાનને બધી વાત સમજાવી, સુઇ જવા કહ્યુંઃ તે બીચારો દરકાર વગરનો બની સૂઇ ગયો, મારા હૃદયમાં ચીરાડો પડયો હતો. હું શાંત નહતો, ઉંઘ ક્યાંથી આવે ? બત્તિના તેજમાં યુવાનને જોઉં અને પત્નિને સંભારું, મને જાણે એમજ લાગ્યું કે તેજ મારી પત્નિ હતી.એકાએક મને યાદ આવ્યું કે તે સગર્ભા હતી. મારી ચિંતા વધતી ચાલી, હૃદય ઉશ્કેરાઇ ગયું, અને ઓરડીમાં ઝડપથી ચાલવા લાગ્યો. એ ચાલવામાં મને આત્મા જણાતો હતો, અને તે આત્મામાં જીવન જ્યોત જણાતી હતી. મારા જીવનમાં અનેરા બનાવો બનવાના છે, તેની સાક્ષી રૂપે તે વખતની ચાલ હતી. આવી ચાલ ભાગ્યે જ કોઇ ચાલતું હશે. માણસ જુસ્સાવાળો હોય, આંસુ સારી જાણતો હોય અને તેના હૃદય ઉપર આવી અસર થાય તો તે જરૂર ઝડપથી ચાલવાનો જ. અને તેનામાં ત્વરા પણ આવવાની ! મારા ચાલવામાં સવાર પડી અને સાતના ડંકા થયા. તે યુવાન ઊઠયોઃ તેને ઊઠેલો જોઇ મેં ચાલવાનું બંધ

કર્યું; અને પછીથી મારી જગોએ જઈ બેઠો. તે દાતણ કરવા લાગ્યો, મેં પણ હાથમાં દાતણ લીધું. એ દાતણ સૂકાયેલું દાતણ હતું. તે સૂકાયેલું છે તે જોઇને મને વિચાર આવ્યો કે આવી ભીષણ જગોએ આમજ જીવન સૂકાઇ જવાનું."

યુવાન દાતણ કરતો જાય અને મારા સામે જોતો જાય. મેં મારું મોઢું ઉઘાડયું અને અમારૂં મૌન વ્રત તૂટયું. મેં પૂછયું: "તમે અહીં શા માટે આવ્યા? તમો સુંદર છો પછી શા માટે તમારા શરીરને પીડાવો છો? વગર ગુન્હે આવ્યા છો? તમે શું કર્યું છે? તમને શા માટે આ લોકો અહીં લાવ્યા છે?" તેણે મને જવાબ તો ન આપ્યો, પણ તેણે મને સામું પૂછયું: "તમે શા માટે અહીં આવ્યા છો?" મેં મારી અત્યાર સુધીની બધીય વાર્તા અક્ષરે અક્ષર કહી સંભળાવી. મેં ઇશ્વરને સાક્ષીમાં રાખી વાત કરવા માંડી: તે મારી વાત સાંભળતો જાય અને રડતો જાય. મારું હૃદય તો પીડાએ રડતું હતું. મારી આંતરડી કકળતી જ હતી.

મારા પ્રશ્નના જવાબમાં મને કહ્યું કે અમે લોકો મોટી સંખ્યામાં એકઠા થયા છીએ. અમો દેશ ખાતર બહાર પડેલ છીએ. અંગ્રેજોનાં પનોતા પગલાંથી દેશમાં દુકાળો પડે છે. આપણને જમીનદારોને-ખેડુતોને-માલીકોને અને મુડીવાદીઓને એમ દરેકને નાનાથી તે મોટા સુધી આ લોકો પીડે છે, કનડે છે-રંજાડેછે-તેમનાથી બને છે, તેટલું કરે છે. અરે! વીતાડવામાં કાંઈ પણ બાકી નથી રાખતા. આવો જુલ્મ જે પ્રજા વરસાવે છે, તે કેટલી નીષ્ઠૂર હશે? અમે આ લોકો સામે લઢીએ છીએ. જે ઘડીએ આ લોકોના પગ દેશમાંથી જશે, તેજ સમયે દેશનો ઉદ્ધાર થશે. એક પ્રજાને બીજી પ્રજા

ઉપર રાજ્ય કરવાનો અધિકાર જ નથી—વ્યક્તિગત બલિદાનોની અસર જ નથી. આ જગો સરકારની છે! સરકાર કોઇ વ્યક્તિ નથી, પણ એક સંપેલો સમુહ છે. સમુહને વ્યક્તિ ન હઠાવી શકશે. જુઓ, એકાદ બલિદાન આપતાં કાયદો ઘડાય છે? એક માણસ વ્રત લઈ નીકળે કે અંગ્રેજ બચ્ચો દેશમાં ન જોઇએ, તો તેની અસર સાધારણ છે.સમુહ વ્રત લે અને હથિયાર લઇ બહાર પડે તો તેનો ઉપયોગ પણ ખરો. આ પણ એક વસ્તુ છે. વ્યક્તિગત બલિદાન ચેતવણીની નિશાની તરીકે ચાલે. તેમાં કોઇ એક એવી વસ્તુ સમાયલી છે કે જેથી કરીને સત્તા ધ્રૂજે છે. અરે! એ વ્યક્તિગત બલિદાનો દબાવવા, પ્રયત્ન કરતાં, પ્રજામાં પ્રેરણા આવે છે અને પ્રજા બળવો પોકારે છે. વ્યક્તિગત બળવાને આધારે કદાચ સમુહમાં ક્રાંતિ સંભવે!"

તેના શબ્દે શબ્દે મારી જીજ્ઞાસા વધતી ચાલી. મેં પૂછયું: "ત્યારે એ વસ્તુ ચોક્કસ કે સરકાર જેવી રાજ્યસત્તા સામે વ્યક્તિનાં બલિદાનો નિષ્ફળ જાય?" યુવાને જવાબ આપ્યો: "ખાત્રીપૂર્વક ન જ કહી શકાય. વ્યક્તિ પોતાનું બલિદાન અમુક હદમાં આપે તો તેની અસર થવાની નથી! આ સરકારની સત્તા એવી છે કે તેવા બલિદાનો ગણત્રીમાં નથી. આ વસ્તુ દેશીરાજ્યમાં રાજાઓ ઉપર અને મુડીવાદો ઉપર અજમાવવામાં આવે તો ઘણી જ અસરકારક નીકળે." મેં પૂછયું: "પણ આમાં મુડીવાદીઓને સંડોવવાની શી જરુરીયાત છે? મને તો નથી જણાતી!" તેણે જવાબ વાળ્યો: "અલબત્ત જરુરીયાત નથી—અને છે પણ. દેશીરાજ્યોનો જુલ્મ તથા ખેડૂતો પરનો ત્રાસ કાંઇ ઓછો નથી. એ ઉપરાંત સરકાર તરફ જોઇએ તો એમ છે કે આ સરકાર એટલે મૂડીવાદ અને દેશીરાજ્યનું સંગઠ્ઠન. એ ઉપરાંત પ્રજાના ત્રણવર્ગ પડી ગયા છે. પહેલો

મૂડીવાદીઓનો વર્ગ, બીજો મધ્યમવર્ગનો અને ત્રીજો ગરીબો-મજૂરો તથા ખેડૂતોનો. આમાં મૂડીવાદીઓની સંખ્યા નાની છે. તેમની પાસે સત્તા અને લક્ષ્મી છે, એટલે બળવાન છે. મધ્યમવર્ગ મૂડીવાદના હાથ નીચે છે, એટલે તે નોકરીયાત વર્ગ છે, એટલે તે સાધારણ પણ સારી સ્થિતિના છે. તેઓનું વલણ ગરીબ તરફ અંદરથી, આત્માના ઊંડાણમાંથી હશે, પણ ખરો ટેકો તો મૂડીવાદને જ આપશે. કારણ તેઓમાં પૈસો કમાવાની ધગશ છે અને જો એ લોકો મૂડીવાદ વિરૂદ્ધ જાય અને તેમ કરતાં જો મૂડીવાદ તેમને મદદ બંધ કરે તો તેઓ ભૂખે મરતા થઈ જાય, એ વાત પણ ચોક્કસ છે. એટલે પેટ ખાતર તેમણે મૂડીવાદને ટેકો આપવાનો છે. ત્યારે સાધારણ તમને એ પ્રશ્ન ઊઠશે કે 'સરકાર અથવા મૂડીવાદનો પગ કઢાય કઈ રીતે?' ગરીબવર્ગ જ કાઢી શકે. સાધારણ નજર ફેંકો, આ સામે ટેબલ પડયું છે તે જુઓ. આ ટેબલનું લાકડું જંગલનાં ઝાડમાંથી લાવવામાં આવેલ છે. હવે આ લાકડું મૂડીવાદીઓ લેવા નો'તા ગયા, પણ મજૂરો ગયા હતા. હવે મજૂરોએ તે કાપ્યું, તેને સાફ કર્યું અને રૂપમાં મૂક્યું. હવે તમને લાગે છે કે આમાં મૂડીવાદનો હાથ છે? મૂડીવાદીઓ બુદ્ધિશાળી છે એટલે તેમને પૈસો કમાવા મજૂરોને પગાર આપવાનું કરી નોકરીમાં રાખ્યા. હવે ત્યારે મૂડીવાદ પૈસો ક્યાંથી કાઢે છે? એ ટેબલ આવ્યું, તે વેંચ્યું, નફાથી વેંચે, નફો પડયો રહે. આમ ક્રમ ચાલે છે. મૂડીવાદીઓ તે આપણે જ છીએ. આપણે આપણા રાજાને રાજા લેખીએ તો રાજા, નહિ તો નહિ."

મને સમજણ પડતી હતી તેમ વાતો સાંભળવાની આતુરતા વધતી હતી. તેનું દાતણ પૂરું થઈ ગયું હતું, તે સારી પાસે આવ્યો અને બેઠો. તે આગળ વધ્યો-" તમે મને પૂછયું

આમાં મૂડીવાદને સંડોવવાની શી જરૂર છે?" તેનું કારણ એ છે કે તેઓ સરકારના બાંધીયા છે. જો તેમનો નાશ થાય તો સરકાર ચાલી જ જાય. પણ તેમાં લાંબો વખત અને કાંઈક અશકયતા પણ છે. જો એ સરકારનો નાશ થાય તો મૂડીવાદીઓનો નાશ સહેલો છે. મૂડીવાદીઓ એટલે સરકારનાં રમકડાં. બીજું કાંઈ નહિ." મેં સાધારણ પૂછ્યું "ત્યારે તેને માટે તમે શું ઇચ્છા રાખો છો? તમારે સરકારને કાઢવી છે કે મૂડીવાદને!" તે હસી પડયો અને કહ્યું: "બન્નેને, પણ અત્યારે પહેલાં સરકારને અને પછી મૂડીવાદને." "મૂડીવાદને કદિ સત્તા સંભવે?" ફરીથી મેં પૂછ્યું: "તો તમે શો કાર્યક્રમ મૂકો છો. તમારી સંસ્થાએ કાંઈ કાર્યક્રમ કાઢયો છે?" તેણે જવાબ વાળ્યો. "બંધારણ સિવાય કાર્યક્રમ સંભવે જ નહિ. અમારો કાર્યક્રમ આવો છે. મજૂરોનું એક સંગઠ્ઠન પેદા કરવું. તેમને મૂડીવાદ, તેના ગેરફાયદા વિગેરેનું જ્ઞાન આપવું. એ ઉપરાંત તેમને કેળવણી આપવી, કે જેથી કરીને તેમના મગજમાં ઘૂસી ગયેલ નબળા વિચારો નીકળી જાય, અને પછીથી તેમનું સુંદર સંગઠ્ઠન પ્રાપ્ત કરી તેમને હડતાલ ઉપર લેવા. અને તેમની પાસે હક્કની માગણી કરતા શીખવવા. પછીથી લડત લંબાવવી. ટૂંક મુદતમાં પરિણામ મળી જશે અને મૂડીવાદનો નાશ થશે. આમાં સરકારના કાયદાઓનો ભંગ કરવો વિગેરે એવા નકામા ફતવાની જરૂરીઆત જ નથી. છતાંય કોઈ ગણ્યા ગાંઠયા આવું કહેનારા નીકળી આવે તો પ્રજાએ તેમની પરવા પણ ન કરવી જોઇએ."

ટન્નનન્...એક–બે–ત્રણ–ચાર–પાંચ–છ–સાત અને આઠ ડંકા થયા. પોલીસો પોતાના પટ્ટા તથા લૂગડાંને સંભાળવા લાગ્યાં. ભાનુનાં કિરણો ઓરડીને પાવન કરવા લાગ્યાં. પોલીસોના

બુટનાં ખડખડાટ સંભળાયા, અમારી જાળી ઊઘડી અને અંદર એક માણસ આવી પાણી મૂકી ગયો તથા બીજો થોડોક સામાન મૂકી ગયો. અમારું ઘર મંડાયું અને અમારો આત્મા તેજમાં ચમકવા લાગ્યો: તેને જોઈને હસ્યો–અમો બન્ને હસી પડ્યા."

"અએ એય–બંધ કરો બડબડાટ–શાંત રહો."

"અમારું હાસ્ય ક્રોધમાં ફેરવાઈ ગયું." હું આટલા દિવસે તે જ વખતે હસ્યો હતો. તે ધીમે વાત કરવા લાગ્યો. "તમે જાણો છો? મનુષ્ય જન્મ લે છે ત્યારથી જ તે સ્વતંત્ર છે–તેને કોઈનું પણ બંધન હોતું જ નથી. બધા બંધનો શબ્દોમાં જ હોય છે. બંધનની તેને પરવા જ ન હોય. મનુષ્યને આડખીલી તો હોય જ છે. તેણે આડખીલીને ફેંકી દેતાં શીખવું જોઈએ. જે માટીનું આ શરીર બની ગયું હોય તે માટી જો પરતંત્ર હોય તો પછી કામનું શું? મનુષ્યની ગુલામી મનુષ્યને ન સાલે તો સાલે કોને? ગુલામને પોતાની ગુલામી સાલે જ. આપણી ક્રાંતિ આપણા ઉપર જ અવલંબે છે. મનુષ્યનું જીવન જો સમાજ તથા પરતંત્રતાના બીબામાં જડાઈ જાય તો પછી મનુષ્યમાં મનુષ્યતા વિષે સ્હેજ શંકા રહે છે. ઢોરમાં પણ એટલી અક્કલ હોય કે સ્વતંત્ર હોઇએ તો સારી રીતે ચરી શકાય છે. એક કોયલ હોય કે પછી વનવગડે ગાનારું બુલબુલ, તેને તમે પાંજરામાં પૂરી રાખો તો તે જરાય છૂટથી નહિ ગાય, ભલેને તમો તેને માટે સૂવર્ણનું પીંજર કરાવો. આવો જ દાખલો મનુષ્યનો છે. મનુષ્ય સ્વતંત્ર અવસ્થામાં જે પ્રસ્થાન કરે છે તે અલૌકિક જ છે. તેના સૂર દૈવી જ નીકળવાના. કનકના પીંજરામાં મનુષ્યને પૂરવામાં આવે પણ તે ગુલામ તો ખરોને? સ્વતંત્રતા તે સ્વતંત્રતા જ છે."

"નવ વાગ્યા. અમારો વખત વીતતો હતો તેનું ધ્યાન જ નહોતું કે કેમ વખત જતો હતો. એટલામાં જેલર આવ્યો. તેણે જેલર પાસે નોટ પેન્સીલની માગણી કરી. જેલરે પહેલાં તો ના પાડી, પણ તેની દલીલોને વશ થઈ જઈને જેલરે હા પાડી. અમારી તે સમયની વાતો તો બંધ જ પડી ગઈ."

"સ્વતંત્રતા શબ્દ મારા મગજમાં ઘૂમતો હતો. મારામાં ઉત્સાહ પ્રસરતો હતો, અને હૃદય આનંદી બનતું હતું. મારા આનંદની વાત જ ક્યાં કરું? એની મદદથી દીનપ્રતિદિન મારો જુસ્સો વધતો ચાલ્યો. અમો બન્ને ભાઈની પેઠે રહેતા હતા. તેના તરફ મારું માનભર્યું વલણ હતું. અમારો સંબંધ ઘણો જ ગાઢો થઈ ગયો. મને તે પોતાના જ્ઞાન ભંડારમાંથી ચટકાં ચખાડવા લાગ્યો. બૉંબ કેમ બનાવવા તે સમજાવવા લાગ્યો અને તેવા આકાર કરી બતાવતો. તેને પુસ્તકો વાંચવાનાં મળતાં. પણ તે ઘણે ભાગે અંગ્રેજી હતાં એટલે મને સમજ પડતી ન હતી, કારણ હું અંગ્રેજી ભણેલ ન હતો."

એક દિવસ મૂડીવાદ ઉપર અમારે વાત નીકળી. તે કહેવા લાગ્યો કે મૂડીવાદીઓ ઘણાખરા ચૂસ્ત રૂઢિપૂજકો હોય છે. મેં પૂછયું: "એ મૂડીવાદીઓને પોતાને હાથે પોતાનો નાશકર્તા ન બનાવી શકાય?" તેણે જવાબ આપ્યો: "મૂડીવાદીઓ પોતાનો નાશ પોતાને હાથે કરે એ સંભવિત નથી અને જો તે બને તો કાંઈક અશક્યતામાં ફેર થાય, પણ એક વાત છે કે તેમાં કેટલો સમય લાગે અને કેટલો ભોગ જોઈએ તે વિચારવાનું રહે છે." મેં પૂછયું "ત્યારે મૂડીવાદ પોતાની મેળે સમજીને મજૂરોને મદદ કરે તો બની ન શકે?" તેનો જવાબ આપતાં કહ્યું: "તે બની શકે છે. મૂડીવાદીઓ Benevolent Capitalist એટલે કે પરોપકારી મૂડીવાદીઓ

બને તો શકયતા છે. તેઓ પોતાની મૂડીમાંથી અમૂક ભાગ મજૂરવર્ગમાં વહેંચી દે એ શકયતા છે! આવું તો બહુ જ ઓછું બની શકે. ભાગ્યે જ એવા મૂડીવાદીઓ નીકળે. જો એવા મૂડીવાદીઓ નીકળે તો અસરકર્તા થશે, અને દુનિયાના મૂડીવાદના પૂજકો ઉપર પોતાની છાપ પાડી શકશે. હવે એ વાત આપણા હાથમાં છે. આપણે તમંચો લઈ તેમની છાતી ઉપર ઊભા રહીએ તો ખુશીથી તેમણે તે કબૂલ કરવું પડશે. આમ છતાં અત્યારના સંજોગોને જોતાં તો હિંદમાં મૂડીવાદ ભલે રહ્યો. કારણ કે તેમની મદદ શિવાય આપણાથી આગળ વધાશે નહિ. આપણી લડત તેમની પીઠને આધારે છે. ભલે એ અત્યારે રહ્યા, પણ આ સામ્રાજ્યવાદનો તથા મૂડીવાદનો નાશ તો કરવો જ જોઈએ. એ આપણા હાથની વાત છે."

× × ×

તે દરરોજ તેની નોંધમાંથી લખતો હતો. તે તેણે મારી સમક્ષ એક દિવસ વાંચી. તેમાંની પોતાના હૃદયની અગ્નિ વરસાવતી એક પ્રાર્થના તેણે કાઢી અને મને વાંચી સંભળાવી. તે પછીથી મેં યાદ કરી રાખી હતી. કાંઇક સારી છે. તેનામાં મને પ્રેરણા જણાતાં મેં લખી રાખી છેઃ—

"અમારા યત્નોમાં પ્રભુ તું કદિ સહાય કરશે,
છતાં એ યત્નોમાં કદિ ન પૂરી પૂર્તિ મળશે;
મીઠાં એ સૂરોમાં પ્રભુ તું જગ વિનાશ કરતો,
છતાંયે વિનાશે મીઠી મીઠી તું આશ પૂરતો."

× × ×

"નથી એ ક્રાંતિ તુજ જીવનમાં સ્નેહઝરણાં,
છતાંયે છે ક્રાંતિ તુજ જીવન ઉતક્રાંતિ પડઘા;

કલાત્મક પુષ્પોની તુ જનજરથી સુગન્ધ ઊડતી,
છતાં યે પુષ્પોની તુજ નજરથી વાડી ખીલતી.

× × ×

" ભૂખ્યાં આ પેટોની, કદી ન દરકાર ધરતો,
ભલે તારાં બાળો તદપી નિરાબ્દ વદતો;
અરે રોટી ચાલી તુજ કૃપાથી પ્રીય પ્રભુ,
ભૂખ્યાં આ બચ્ચાંઓ, અરૂર હૈયે હેત ધર તું.

× × ×

" અમારા બાહુમાં કયમ કદિ તું શ્રદ્ધા ન પ્રેરે,
અમારા શબ્દોમાં કયમ કદિ અગ્નિ નવ જડે;
અમારા હૈયાને કદિ ચીરી તું જોઈ લેને,
તહીં રે સળગે છે, સળગતું બૂઝવજે.

× × ×

" ભલે સામે મૃત્યુ અમ અમરતા નીશ્રયી છે,
ભલે સામે શત્રુ અમ વિજયના ઘોષ ત્યાં છે;
ભલે સામે પા'ડા ખુંદી ખુંદી સહુ જન મથ્યા,
અમારે હૈયે છે ધગશ પૂરતી ખુંદવાની.

× × ×

" અમારી ઉર્મિઓ અમ સદા રક્ષક બની જશે,
અમારા યત્નોમાં નીજ જીવન સર્વસ્વ ઢોળે;
તથાપી શાંતિની ગૂઢ ગહનતાની જરૂર શી ?
અમારી ક્રાંતિ તે અમ જીવન સર્વસ્વ છે તે.

× × ×

આ કાવ્ય સાંભળેલું અને પછી એક વખત એક ફકરો વાંચેલ તે આ રહ્યોઃ

" ચંદ્ર શાંત છે–સુખદાયક છે. ધાર્મિક દ્રષ્ટિએ ચંદ્ર દેવ છે–પ્રભુ છે. તત્ત્વવેત્તાની દૃષ્ટિએ કાંઇક ગહનવસ્તુ છે, શક્તિ તથા શાંતિનો ભંડાર છે–કવિની દ્રષ્ટિએ ચંદ્ર ચંદા છે. કારણ શું ? તે શાંત છે–સ્થીર છે. આનંદ અને સુખદાયક છે. પણ હા, મારી દ્રષ્ટિએ પ્રેરણા અને પ્રાણવીહોણો છે. તેનામાં તેની પોતાની શક્તિ છે ? તેનામાં સ્વયંતેજ છે ? પ્રકાશ છે ? ના, વિજ્ઞાન સાબીત કરે છે કે તે શક્તિ તથા તેજ સૂર્ય પાસેથી મેળવે છે. સૂર્ય શું છે ? સૃષ્ટિની સર્વ ક્રિયાઓનો સ્વામિ. તે તેમને અંકુશમાં રાખે છે, તેમને ચલાવે છે. પૃથ્વી ઉપરના સર્વ પદાર્થોને શક્તિ આપે છે. સૂર્યને શાંતિનો હક્ક હોય ? જે તે જ વીહોણો છે, શક્તિ વીહોણો છે, તેને શાંતિની પરવા હોય. યુવાન સૂર્ય છે. યુવાનને શાંતિ શોધવાનો હક્ક જ નથી. તેના મોઢામાં ' આગે બઢો ' એ શબ્દ જ હોવો જોઇએ. તેનામાં તેજ છે. શક્તિ છે. "

કેટલો સુંદર ફકરો છે ?

× × ×

મારો જુસ્સો હવે દિન–પ્રતિદિન વધતો જતો હતો. એ ન્હાનાભાઇના સહવાસથી મને મારા કાર્યમાં ભવિષ્યમાં આગળ વધવા પ્રેરણા મળતી. મારૂં હૃદય દેશ તરફ વળતું જતું હતું. મને મારું સર્વસ્વ દેશ ખાતર હોમવાનું મન, તે જ દિવસથી થયું.

હું પાયમાલ થઇ ગયો હતો. મારી પાસે કશુંય ન હતું. એટલે હું મુંઝાયા કરતો હતો. મારી પાસે સમર્પણ કરવાને કોઈ પણ વસ્તુ ન હતી. ફક્ત દેશને ચરણે હું મારી સેવા આપી શકુ તેમજ હતું; મારી દેશ પ્રત્યેની ભક્તિ વધતી જતી હતી. એ વીર યુવાનના સહવાસથી હું શું શું મેળવતો હતો ?

આહા–મારા જીવનમાં પલટા અનુભવતો જતો હતો. અને શક્તિ તથા ક્ષુધાને પ્રાપ્ત કરતો જતો હતો. મારું ઘર આ પૃથ્વી છે અને બીછાનું જમીન તથા ઓઢણું આકાશ હતું, બીજું તો શું હોય? ભીખારી પાસે ભીખ માગવા, કાલાવાલા કરવા શબ્દો સિવાય કાંઇ પણ ન હોય! એ શબ્દે શબ્દે મગજમાં રણકો ઉઠતો હતો કે—

"સ્વતંત્રતા સ્વતંત્રતા, રહો દીલે તું મૂર્તિમંત!"

આ શબ્દો હૃદયમાં ગૂંજારવ કરતા હતા, અને હૃદયને હચમચાવી નાખતા હતા. મારું મગજ ધૂની બન્યું હતું.

× × ×

મારા જેલના અનુભવો નજીવા જ ગણાય, કારણ કે મને સખ્ત કેદની સજા ન હતી. સાધારણ વસ્તુ એ છે કે જેઓ સખ્ત કેદ ભોગવનાર હોય છે તેઓ જ અનુભવ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બને છે. મને શાંતિમાં રાખવામાં આવ્યો હતો. મારી દુનિયા ૧૫–૧૨ ની હતી. મને જ્યારથી આ ઓરડીમાં લાવવામાં આવ્યો હતો ત્યારથી જ મારી સગવડ સાચવવામાં આવતી હતી. શરૂઆતમાં મારી જાતને જરા વિટંબણા પડી, પણ એક વર્ષ વીત્યું એટલે જેલ તો ઘર જેવી જ બની ગઈ હતી. ત્રણ વર્ષ મેં જેલમાં વીતાવ્યા એટલામાં મારા એ ભાઇનું હરણ કરી જવામાં આવ્યું. રાવણ તો રામની સીતાને હરી ગયો પણ અત્યારે તો મારા મિત્રને સરકારરૂપી રાવણ હરી ગઇ હતી. તે દિવસથી મારી ઓરડી શાંત બની ગઇ હતી. અમારો છૂટા પડવાનો સમય ખાસ નોંધવા જેવો છેઃ

"સવારમાં ઊઠીને દાતણ કરતો હતો તેવામાં જેલર હાથમાં સોટી હલાવતા હલાવતા આવ્યા. તેમણે મારા મિત્રને

કહ્યું: "તમારે સાત કલાકમાં જેલ છોડવાની છે માટે તૈયારી કરજો." મારો એ યુવાન મિત્ર આ સમયે વિચારમાં પડી ગયો હતો. તેને કદાચ એ પ્રિય કોટડી છોડતાં વિચાર આવતો હશે, કે શું હશે? ગમે તે વસ્તુ હોય પણ તે ઊંડા વિચારમાં પડયો હતો. તેની ધૂન જુદીજ જાતની જણાતી હતી. મારા તરફ જોતાં જ તેની આંખમાંથી આંસુ સરી પડચાં હતાં અને ગળગળો બની ગયો હતો. તેનું હૃદય ભરાઈ આવ્યું હતું. દાતણ પૂરું કરી તે ધીમે ધીમે અમારી કોટડીમાં આંટા મારવા લાગ્યો. તેનાથી એક ઊંડો નીશ્વાસ નખાઇ ગયો હતો. મેં તેને પૂછ્યું: "તમને જેલ છોડતાં જીવ નથી ચાલતો?" તેણે કહ્યું: "જીવતો ઘણોય ચાલે છે, પણ મૂખ્ય વસ્તુ એ છે કે મને હવે મારી ભવિષ્યની જવાબદારી વિષે વિચાર આવે છે. હું સૈનિક છું એટલે મારા કર્તવ્ય વિષે વિચાર કરવાનો છે. રાજ્ય પ્રકરણની આંટીઘૂંટિ મારે ઉકેલવાની નથી. તે કામ મુત્સદ્દિઓને સોંપ્યું. બીજું એ છે કે મારે હવે બહાર નીકળી શું કરવું? આ એક પ્રશ્ન છે. હું જ્યાં સુધી જેલમાં હતો ત્યાં સુધી મારા શીર ઉપર એવી જવાબદારી ન હતી. અંતરમાં જવાબદારી પૂરતા પ્રમાણમાં હતી, પણ બહારના દેખાવમાં શાંતિ હતી. ત્રીજી વાત એ છે કે હવે તમને હું ક્યારે મળી શકીશ." મારાથી જવાબ અપાઇ ગયો કે "પ્રભુ મેળવશે ત્યારે મારી તો લાચારી છે." પછીથી તે શાંતિથી બેઠો અને ધીમે ધીમે તેણે મીઠા સૂરમાં ગીત છોડવા માંડયું. અમારું એ છેલ્લું મીલન હતું. તે સમયે અમો ભવિષ્યમાં મળશું કે નહિ તે વિષે શંકા હતી. કારણ ધમાલમાં કોણ કોને ક્યારે મળી શકે? એ પણ પ્રશ્ન છે—તે પ્રાર્થના હતી—હૃદય દ્રાવક હતી—તેના સૂરથી વાતાવરણ શાંત અને ગંભીર બની ગયું હતું:—

સાગર ઘૂઘૂ ઘૂઘવી રહ્યો છે—
વારિ તણો નહિ પાર
સુંદર સિંધુ પાર રહ્યો છે—
મેઘ તૂફાન મૂશળધાર
બચાવો કો નહિ એ પાર—
પૂરતી હામ હૃદયમાંહ્ય. ૧

સાથ સબંધી કો નથી જડતો
હોડી ઝોલાં ખાય
મોજાં ઉછળી ઉછળી પડતાં—
મત્સ્ય સમાન કરાલ
એ સમયે પાર પોં'ચાય
સુકાની નાવ તું દોરાવ. ૨

સત્ય ઝઝૂમે, શીર ઝૂકે છે—
આદર્શો પહોંચાય—
શે ન સૂઝે મને? પંથ સીધો આ
સત્ય અસત્ય ખીંચાણ—
શીર ઝૂકેલું, તારો કે મારો
તું સૂકાનીહું નાવ–બચાવો. ૩

પ્રાર્થના પૂરી થઇ અને તેની આંખમાંથી દડદડ્દડ્ આંસુ વહેતાં હતાં. અંતે તેનું શીર ઝૂકી પડયું. આહ એ દેખાવ ખરો હતો–વાતાવરણમાં "તું સુકાની હું નાવ" આ શબ્દો ગૂંજી રહ્યા હતા. હૃદયમાં તન્નમનાટ કરી મૂકે તેવું જ ગીત હતું.

તેણે તેની આંખ ઊંચી કરી, પોપચાં પાંપણો એક થઇ ગયાં હતાં. તે ઊઠયો, અને ધાબળો ખભે નાખ્યો. એટલામાં

જેલર આવ્યા અને તેને કહ્યું: "જેલની વસ્તુઓ સુપ્રત કરો." તેણે જેલરને વસ્તુઓ સોંપી દીધી. જેલર ગયા એટલે મેં માંગણી કરી " મને તમારી એ નોંધપોથી ન આપો ? " તે ઘડી માટે તો વિચારમાં પડી ગયો, પણ અંતે કાંઇક નિશ્ચય ઉપર આવી પોતે પોતાની નોંધપોથી મને ભેટ તરીકે આપી. એ યાદગીરી મારી પાસે મેં છેવટ સુધી સાચવી રાખી હતી. તે પ્રિય મિત્રના પ્રતાપથી હું ગુજરાતી વાંચતાં લખતાં શીખી ગયો હતો, સંસ્કૃત સાધારણ જાણતો હતો. હિંદી પણ શીખ્યો, અને બંગાળી તો માતૃભાષા હતી. હવે બાકી શું રહ્યું ? અંગ્રેજી, એ ભાષા ઉપર મને કદિ પણ લાગણી ઉત્પન્ન થઇ નથી અને થશે કે કેમ તે પણ શંકા છે. હું હલકામાં હલકું અંગ્રેજી જાણું છું. અંતે વખત વીતી ગયો અને તેને તેડું આવ્યું. મને તે ભેટવા આવ્યો, અમો બન્ને ખરા હૃદયથી ભેટયા અને છૂટા પડયાં. લાંબા વાળને તે સમા કરતાં કરતાં બોલ્યો: " હવે આપણે ક્યારે મળીશું. " તેનો અવાજ ફાટી ગયો અને ભીની આંખે મારા એ રહેઠાણની બહાર નીકળ્યો. છેક દરવાજા સુધી તેણે પાછા ફરી ફરી જોયું અને ધીમા પણ ગર્વિત પગલાંએ બહાર નીકળ્યો. પ્રજા તેનો કેવો સત્કાર કરવાની હતી ?

મારો મિત્ર ગયો અને તેનું એક સ્મરણ મૂકતો ગયો. તેની નોંધપોથી બ્રહ્માક્ષર જેવી હતી. તેમાં લખેલ આપણે સત્ય ઠરાવવું જ જોઇએ. તેના લખાણમાં મૃદુતા હતી અને સાથે સાથે પૂર બહારમાં ખીલતો જુસ્સો પણ હતો. વેગ હતો અને શૈલી પણ હતી. તે જ ખરો, આદર્શ બળવાખોર હતો—તેના બાવડામાં પૂરતો જુસ્સો હતો, સાથે સાથે ભાવના હતી. તેની વિચાર કરતી વખતે ઝીણી થતી આંખો, ખાસ તરી આવે તેવી હતી. તેનો ચ્હેરો આનંદમાં હોય ત્યારે

તેની લાલી કલ્પનામાં સદાને માટે રહે તેવી હતી. તેનું બેશીકરૂં મોઢું એક પાઠ શીખવી ગયું હતું, કે "ચિંતા કરવી તે આત્માનું ખૂન કરવા સમાન છે." આ વાકય સત્યથી ભરપૂર છે.

હવે મારે માટે વાતો કરવા સ્થાન ન હતું. મેં જેલરને એક અરજી કરી અને પુસ્તકો વાંચવા માટે માગ્યાં. એ જેલર મારા મિત્ર સમાન હતો. હું જેલરને મિત્ર કહું છું કારણ કે મારા જેલ સાથેના લાંબા સહવાસમાં ત્રણચાર જેલરો બદલાઈ ગયા હતા. તે દરેકની સાથે હું સારા પરિચયમાં આવ્યો હતો. એ જેલર મિત્રે મને જવાબ મોકલાવ્યો કે જેલની લાઇબ્રેરી ન હતી, પણ પોતે તેને થોડાક પુસ્તકો આપશે. મને તેણે ત્રણ હિંદી પુસ્તકો આપ્યાં. એકમાં લડાઈનાં કાવ્યો હતાં. બીજું 'ફાંસીને માંચડે' એ નામનું પુસ્તક હતું. ત્રીજું એક હિન્દી સંસારિક નવલકથાનું હતું. આવી રીતે જેલ તરફથી મને વારંવાર પુસ્તકો મળી રહેતાં હતાં. વચમાં હું નવરો પડતો હતો ત્યારે સિપાઇઓ સાથે વાતો કરી, તેમને ઉશ્કેરતો હતો. આ સમયે મને કામ સોંપવામાં આવતું અને જેલના કામકાજનો હિસાબ વિગેરે એવું કામ મળતું. મને દીવો પૂરો પાડવામાં આવતો ન હતો, કારણ કે સરકારમાં તેજ અને તેલ હોય તો જ આપે નહિ તો શું કરે! કંપાઉન્ડમાં દીવો બળતો હતો તેના અજવાળામાં વાંચવા પ્રયત્ન કરતો. મારા પ્રયત્નો કાંઇક અંશે સફળ થતા.

મારા સાધારણ વાંચનથી મને કાંઇક કાંઇક લખવાની ધગશ પણ થઈ આવતી. મને શરૂઆતમાં હિંદી પુસ્તકો મળતાં, તેમાંનાં કાવ્યો હું વાંચતો અને મોઢે કરતો હતો. મારામાં હવે સંસ્કારનાં બીજ વવાતાં જતાં હતાં. મને એક દિવસ "શરીર તથા કસરત" આ નામનું હીંદી પુસ્તક મળ્યું. તે મેં વાંચ્યું.

મને શરીરને તૈયાર કરવાની ધગશ થઈ આવી અને કસરત શરુ કરી. કસરત અને વાંચન. હવે શેની જરૂર હોય ? મારી દિશા ખૂલતી જતી હતી.

× × ×

જમી રહ્યો હતો, અને મારા વાંચવા માટે પુસ્તકને હાથમાં રાખી જોતો હતો; તેવામાં જેલર આવ્યા: તેણે મારા હાથમાં એક કાગળીયો મૂક્યો: તેના મોઢા ઉપર ઉલ્લાસ હતો. મેં હુકમ વાંચ્યો. મને છોડવાનો હૂકમ હતો. મને આનંદ આવ્યો અને પછી સ્નેહાશ્રુ સરી પડયાં. મારા છૂટા થવાનો વખત આવ્યો હતો.

મને ત્રણ કલાકમાં જેલ છોડવાનો હૂકમ થયો હતો. હું બહાર નીકળ્યો અને પાછો હાથ પગ ધોઈ સ્વસ્થ થઈ બેઠો. મેં શાંત ચિત્તે પ્રભુને પ્રાર્થના કરી: “ હે વિભો, આજ સુધીની મળેલી પ્રેરણાને પાર પાડવામાં જોઇતું સામર્થ્ય પૂરું પાડજે. તારી કૃપાએ નાવ તરશે કે ડૂબશે ! હે વિભો ! તારા હાથમાં હું તો સુકાન છોડી ઊભો છું. માર કે જીવાડ. ” હાશ ! મને ત્યારે જ શાંતિ વળી.

મારા સાત સાત વર્ષના સહવાસવાળી ઓરડી મૂકતાં જીવ તો ન જ ચાલ્યો, પણ મનમાં શાંતિ એટલી જ હતી કે મને સાતવર્ષથી જે કુદરતથી છૂટા પડયો હતો, તે કુદરતને હું આજે ભેટવા જવાનો હતો અને મારે તો કુદરતનાં પંખી અને દુનિયાનાં પામરો પાસે જવાનું હતું. મને લાગ્યું કે હું દેવ જેવો બન્યો હતો. મારામાં તેજ ચમકતું હતું. મને તે દિવસે મારામાં નવીનતા જણાઈ. હું હસ્યો—આછું સ્મિત મોઢા ઉપર ફરકી રહ્યું હતું. જરાક, બેસેલા ગાલ ઉપસી આવ્યા હતા.

મારા મોં ઉપર લાલી આવેલી જોઈ મને મારી પ્રિયા

સાંભરી. મેં તેના વાળ કાઢ્યા અને જોયા, ચૂમ્યા. મેં મારો એ ખજાનો મારી સાથે લીધો.

જૂના પરિચયવાળા સિપાઇઓને મળ્યો. હું બોલ્યો નહિ કારણ કે મને બોલવાની મના હતી. અમારી નજરો મળી. તેઓ જરાક નીચું જોઈ ગયા, અંતે ધાબળો ખભે નાખી હું ચાલી નીકળ્યો.

હું જેલર પાસે ગયો. મને સર્વ વસ્તુની છૂટ હતી, એટલે હું તેમને મળ્યો. મને પોતાના મિત્ર તરીકે બેસાડ્યો. કારણ કે તે સમયે હું છૂટો હતો. મને તેમણે ગામમાં પહોંચાડવાની વ્યવસ્થા કરી.

હું પગે ચાલી નીકળ્યો. જેલરે સદ્‌ભાવથી મને ૧૦ રૂ. આપ્યા. હું મારા ગામમાં જવા નીકળ્યો, કારણ કે મારી પ્રિયાને મળવાની મને બહુ હોંશ હતી. મારા મનમાં વિચારોનો ધોધ વહેવા માંડ્યો. તેના વિષે કલ્પનાઓ આવવા લાગી. મને ચાલતા ચાલતા એક દુઃખજનક વિચાર આવ્યો કે 'તે રીબાઇ રીબાઈને મરી ગઈ હતી.'

હું ઝબક્યો અને પાસેના ઝાડ સાથે અથડાયો. મને વાગ્યું. મને તરત જ ભાન આવ્યું અને ચાલવામાં સાવધ થયો. હું આગળ વધ્યો પણ એ વિચાર મારા મગજમાંથી જતો નહતો.

રાત્રી પડયે ગામમાં પહોંચ્યો અને આવીને ગામમાં પેસું છું ત્યાં તો ઘૂવડ સંભળાયું. શુકન અપશુકનમાં શ્રદ્ધા થઈ કે સ્વપ્નની વાત સાચી હશે. મને ઘણું દુઃખ થયું. હું મારા ભટ્ટના ઘર તરફ ગયો, મારો મુનિમ મને યાદ આવ્યો છે પણ તરતજ બીજો વિચાર આવતાં ભટ્ટના ઘર તરફ આગળ વધ્યો. ગામ સાવ ઉજ્જડ હતું, મને શ્રાપ દેતું દેતું ખાવા ધાતું હોય તેમ જણાયું. મારું મગજ ગોથાં ખાતું હતું ભટ્ટને ત્યાં જઈ શું

કરવું ? તેની પણ મને સૂજ પડતી ન હતી. પણ મને–કમને આગળ વધ્યો. ઘર હું ભૂલી ગયો હતો, એટલે પૂછવા લાગ્યો. મને મારો જૂનો મુખી મળ્યો. તેણે મને ઓળખ્યો નહિ. મેં મારી ઓળખાણ પણ તેને આપી નહિ. અંતે ઘર જડયું અને ધડકતે મને ઘરમાં પગ મૂકયો. તેમને જોતાં તો મારી આંખ-માંથી આંસુ વહેતા હતા. તેમને વૃદ્ધાવસ્થાએ ઘેરી લીધા હતા, તેણે મને ઓળખ્યો નહિ. હું કોઈ નવીન જ વ્યક્તિ હોઉં તેવી રીતે મેં વાતચીત શરૂ કરી. તેમણે મને જવાબ આપ્યો: " ભાઇ, બાપુ તો અરજી કરવા ગયા તે ગયા, પછી પાછા આવ્યા જ નથી. તેમનું શું થયું તેની કોઇને ખબર નથી. " તે એવા ઊંડાં ઊંડા નીસાસા નાંખી બોલતા હતા કે કાળજું કહ્યું ન કરે, પણ અંતે બધી વાત સાંભળવા મેં પૂછ્યું " ત્યારે બાપુની પત્નીનું શું થયું ? "

તે આ સાંભળી મારી સામે ઝીણી આંખે જોવા લાગ્યા અને મને ધીમે રહીને કહ્યું: " બા તો તેમના ગયા પછી બે મહિનામાં મરી ગયાં. તેને પુત્ર પ્રસવ થયો કે જે પુત્ર પણ મરેલો જ જનમ્યો. મેં પૂછ્યું: " એ મરી ગયાં ત્યારે તમને કાંઈ સોંપતાં ગયાં છે ? " " આ બધું પૂછવાનું તમને શું પ્રયો-જન છે ? " તેમણે ભવાં ઊંચા કરી પૂછ્યું. મેં જવાબ આપ્યો: "પ્રયોજન તો કાંઇ નથી પણ સ્હેજ જાણવા પૂછું છું. " " તમે કોણ છો ? તમારૂં મોઢું કાંઇક અમારા બાપુને મળતું આવે છે ! મારાથી હવે રહેવાયું નહિ, મારાથી તરત જ રડી પડાયું અને તેમના ખોળામાં માથું મૂકી દીધું. તેઓ તરત જ સમજી ગયા અને મારો હાથ પકડી મને છાતી સરસો ચાંપ્યો અને હેતથી બોલ્યા: " મારા બાપ તું આજે પાછો જડયો ? " અને મારા બેસેલા ગાલ તથા સુકાઇ ગયેલું શરીર જોઇ રોતા હતા.

તે સાંજે અમે બન્ને ઉજ્જડ ઓસરીમાં બેઠાં હતાં અને મેં પૂછ્યું "મારી રાંક પ્રજાનું શું થયું ?" તેમણે કહ્યું "ગઇ" "ક્યાં ?" મેં પ્રશ્ન પૂછ્યો. તેમણે કહ્યું "બાપુ, બા મરી ગયાં પછી થોડેક સમયે પલટણ આવી અને ગામ ઉપર આગ લગાડી. ઘેર ઘેર લૂંટફાટ ચાલી. આપણાં વ્હાલા ખોરડાંને બાળી મૂક્યાં અને આ ગામને જીવનવીહોણું બનાવી ચાલી ગઈ." "અર્‌ર્‌ર્" મારા હૃદયમાં આગ સળગતી હતી–"અને તે ઘરમાં મારી વ્હાલી સમશેર હતી તે પણ આ મટોડી સાથે મળી ગઇ !" "ના, ના બાપુ એ સમશેર તો મેં સાચવી રાખી છે અને આપને મળવાની આશા છે. આપ ક્ષત્રી સમાન છો તો કોઈક દિવસ તલવારની ધારે પણ જાગીર પાછી મેળવશો, એ આશાએ મેં સાચવી મૂકી છે." અને મેં પૂછ્યું "મારી પત્નીએ પેટી રાખી છે ? તે ક્યાં છે ?" "આ રહી મારા બાપ આ રહી."–આમ બોલી તેઓ તલવાર તથા પેટી લઇ આવ્યા. પેટી મેં જોઇ અને મારો જુસ્સો નરમ પડતો ચાલ્યો. પેટી તોડી તો અંદરથી દાગીના નીકળ્યા અને દાગીના નીચે એક તમંચો નીકળ્યો. દાગીના ભટ્ટને સોંપ્યા અને બદલામાં થોડા રૂપીઆ લીધા. તમંચો હાથમાં ઝાલી આથમતા સૂર્ય તરફ જોઈ હું બોલ્યો: "ઓ ભાનું, તું જેમ જગતને અંધકારમાં મૂકીને જાય છે, તેમ અમને અંધકારમાં મૂકનાર સરકારના જડમૂળ ઉખેડું ત્યારે જ ખરો, હે ભાનુ, તું પિતા હો તો મદદ કરજે અને શત્રુ હો તો તૈયાર થજે." તરત જ વીજળી ચમકી અને મેઘ ગાજ્યો–વાદળાં ઘેરાવા લાગ્યાં. ભટ્ટને પગે માથું નમાવીને પૂછ્યું "બાપુ, મારા મકાનની કાંઇ નીશાની છે ?" તેમણે કહ્યું "ના, ખંડેર ઊભું છે. આ સામે દૂરદૂર જણાય–દૂર ક્ષિતિજમાં

ખંડેર દેખાડયું.” હું પ્રતિજ્ઞા લઇ ચાલતો થયો. પહેલાં નમન મેં મારી માડીને કર્યાં. બીજા નમન મારા જૂના ખંડીયેરને કર્યાં, અને ત્રીજા નમન આથમતા સૂર્યને કર્યાં. અને દૂરદૂરના ક્ષિતિજ તરફ મારાં પગલાં હું ઉપાડી ચાલી નીકળ્યો, કારણ કે મારે હવે વિજય ઘોષ કરવો હતો.

## રેજીમેન્ટમાં

ભટ્ટને ઘેર બધું જવાહર મૂકીને ચાલી નીકળ્યો. મારું મન દુઃખથી ત્રાસી ગયું હતું. હું બુદ્ધિ વિનાનો કે મગજ વિનાનો માણસ હોઉં તેમ મને લાગતું હતું. વચમાં વચમાં મારામાંથી દુઃખનો નીઃસાસો નીકળી જતો હતો. અને અંતે પરિણામ એ આવ્યું કે જ્યારે હું કલકત્તા પહોંચ્યો અને ત્યાંની ધમાલ જોઈ ત્યારે જ મારું મગજ ઠેકાણે આવ્યું. ત્યાં સુધી મારું મન ગ્લાનિથી ભરપૂર હતું.

મારું મન ત્રાસી ગયું હતું, એટલે મારી દશા બહુજ વિચિત્ર હતી. હું તમને પૂછું કે સ્વરક્ષણના ક્રોધમાં કેદ મળે તો શું એ કેદ કાયદેસર છે? એવા ... કાયદાઓ જો હોય તો તેમને દફનાવવાનું હું કહું છું. અને એ જુલમી સરકારના પાયા હચમચાવી નાખી, તેના સિંહાસનના પાયા છેદી નાખવાનું હું કહું છું. એ કેદ–જેલ, મનુષ્યાત્મામાંથી મનુષ્ય–સ્વભાવને કેવી રીતે હણી લે છે, એ વિચાર કરતાં ગમે તેવા નિષ્ઠુર મનુષ્યનું હૃદય હશે, તો તે પણ કમ્પી ઊઠશે. ગ્લાનિ અને દુઃખ એ જ તેનું છેવટનું પરિણામ છે.

બીજું એ છે કે જ્યારે મનુષ્ય જેલમાં જાય છે, ત્યારે તેની પાસે જે મજૂરી કરાવવામાં આવે છે, અને તેની ઉપર જે સિતમો વરસાવવામાં આવે છે, તે શું બતાવે છે? તે જેલજીવન તેને વિચાર વિનાનો–સમાજના પ્રસંગમાં આવ્યા વગરનો, કુદરત

પારખ્યા વગરનો, કુદરતના એ કર્તાને વીસરી જઈ એક આબેહુબ પાશ્ચાત્ય ખચ્ચર બની જાય છે. આ પાશ્ચાત્ય પદ્ધતિ તેને સુખમાં લઈ જવાને બદલે દુઃખનાં અલંકાર પહેરાવે છે, એનો અંત દુઃખ અને ગ્લાનિમાં જ આવે છે.

ત્રીજું એ છે કે જેલનો ઉદ્દેશ ગુન્હા કરનાર કેદીઓને સુધારવાનો છે, પણ એ કેદીઓ જ્યારે રાત્રી દિવસના ટાઢ–તડકામાં પોતાના આંસુના દુઃખદ ભારથી વૃદ્ધ થયેલ હોવા છતાં પણ, ભયંકર દેખાતી કેદની દીવાલો વચ્ચે પીસાય છે, ત્યારે તેનો પ્રાણવાયુ ઝેરી બને છે. અને અંતે તો દુઃખ અને ગ્લાનિ જ છે.

ચોથું એ છે કે જેલ એટલે મૌનવ્રત. જ્યારે માણસ કુદરતના આ સ્વતંત્રતાવાળા પાટમાંથી એ દુઃખની મૌન પણ રીબાતી દીવાલોમાં પૂરાય છે, ત્યારે એ દિવાલોની અંદરની કોટડીઓ અને એ કોટડીમાંની અંદરની કોટડીઓમાં તેને માટે સ્થાન છે. તેનું ત્યાં કોઈ સગું નથી, તેનું ત્યાં કોઈ સંગાથી નથી, તેને કીડી પણ મળી શકતી નથી, તો પછી કુદરતનાં ઝાડપાન કે પછી વ્યોમમાં ઉડતાં આ નાજુક પંખીડાનો સંગાથ તો ક્યાંથી હોય? અંત તો દુઃખ અને ગ્લાનિ જ છે.

આમ ઝેરી વાયુથી જ્યારે એ યુવાન બહાર નીકળે છે, ત્યારે ડાચાં બેઠેલ પણ નાજુક બાંધાનો અને વૃદ્ધ જેવો જણાતો ભૂત જેવો થઇને નીકળે છે.

હવે એ મનુષ્ય જ્યારે પોતાનાં એક સુખરૂપ સ્વજનોને જોવાને ઇચ્છે, પણ તેના બદલે સાંભળે કે તે તો પ્રભુએ પોતાના ખોળામાં લઈ લીધેલ છે. ત્યારે એ ગરીબ, ધનની કંગાલ હાલતનો અને તેના એ ગંભીર મનનો વિચાર

કરો, એ કેવું દુઃખ હશે ? પાષાણ પણ આંસુ ખેરવશે. નહિ તો એક આંસુ ખરતાં એવા કરોડો હૃદયમાંથી એક એક આંસુ જગતની આંખે પડળ વાળી બેઠેલ અંધાપાને દૂર કરશે, વધારે આંસુઓ ખરે તેમ હું ઇચ્છતો નથી. કારણ મારા જાતી અનુભવથી હું કહું છું કે જો એ મરણીઓ થઇને નીકળે તો તમારા મુખેથી 'ધન્ય' એવો શબ્દ–સાંભળશો અને દુનિયાને કહેવું પણ પડશે. કારણ કે એનો જુસ્સો, એની શક્તિ, એનું એ મ્લાન પણ ચમકાર આપતું વદન–તમારામાં રહેલાં આંખનાં ટીપાંઓને સૂકવી નાંખશે અને વગર રચનાએ તમારૂં હાડપિંજર બોલશે કે 'ધન્ય.'

મારી આથી વધારે સારી સ્થિતિ મારો મનુષ્યાત્મા જેલ-માંથી નીકળ્યો ત્યારે હતી. થોડો ઘણો દયાનાં ઝરણ રૂપે હતો, પણ તે ઝરણું જ્યારે મેં મારું પ્યારું વતન, જ્યાં મેં એક વખત જમીનદારી ભોગવી હતી–જેને લીધે મારી જાહોજલાલીના પડઘમ વગાડતા હતા, તે બળી ગયેલું જોયું. અને જે દેવીને માટે મારું જીવન ધન્ય લેખતો, એ દેવી જ્યારે આ લોકમાંથી ચાલી ગઇ અને જેને 'બેડી' આલેખી તે મહાન બેડી તૂટી ગઇ, ત્યારે એ ઝરણું મારા વતનની સીમમાં મૂકી આવ્યો. અને સરકારનો નાશ ઇચ્છતાં–તેની સામે ઝંપલાવવા તૈયાર થયો.

પણ મારો તે પ્રયત્ન વગર મહેનતે કેમ સફળ કરવો ? એ વિચાર મેં કલકત્તા પહોંચી કર્યો.

એક દિવસ હું એક ભાઇની દુકાન પાસે ઊભો હતો ત્યારે મારી પાસે થઇને એક યુવાન પસાર થયો. મને તે માણસને ક્યાંક જોયો હોય તેવો આભાસ થયો. પણ એ તો જોતજોતામાં પસાર થઈ ક્ષિતિજમાં જઈ ઉભો. હું શું કરું ? બીજે દિવસે

પણ એ જ સમયે-મેં તેને જોયો, ત્યારે તે કેટલાક મનુષ્યો સાથે ધીમી પણ જુસ્સાભરી વાતો કરતો હતો. મારું મન તેના તરફ ખેંચાયું. તે જ્યારે ત્યાંથી છૂટો પડયો ત્યારે તેની પાસે ગયો. મને તેણે ઓળખ્યો કે ન ઓળખ્યો તેની મને ખબર નથી, પણ મને જોતાં જાણે લાંબા પરિચયવાળા હોઇએ તેમ તેમથી ઝીણી આંખથી હસવા લાગ્યો. અને મને સત્કાર આપ્યો. જાણે લાંબા પરિચયમાં આવ્યા હોય તેમ મારે ખભે હાથ મૂકી વાત કરવા લાગ્યો, ક્યારે આવ્યા? શું કરો છો? એમ પ્રશ્નોની પરંપરા ચલાવી. મને તે પોતાની સાથે લઇ ગયો અને અમે એક હોટલમાં ગયા. ત્યાં અમે નાસ્તો કર્યો. આ સમયમાં મારો ઇતિહાસ તેણે જાણી લીધો. મને તેણે પોતાની સાથે લીધો. મને તે પોતાની સાથે લઈ ગયો અને એક મહોલ્લામાં ઘરનું છેવાડું પડતું હતું, ત્યાં એક મકાનનું જોડાણ હતું તેના છેવાડેના ખંડમાં મને તે તેડી ગયો. તે એકદમ પાછળ રહી ગયો અને તરત તેણે પોતાના ખીસામાંથી તમંચો કાઢી મારી પીઠ ઉપર અડકાડયો, અને કહ્યું 'બારણું ઉઘાડ.' મેં બારણું ઉઘાડયું તો અંદરથી મને કંઇ કંઇ દેખાયું-પેટીઓ, કાગળ અને એવી કેટલીક વસ્તુ મને જણાઈ. ત્યાં અંધારું હતું-તેજ નહતું. બારી પણ નહતી. મને ત્યાંથી તેણે આંખે પાટા બાંધ્યા અને દોરવા લાગ્યો. અંતે થોડુંક ચાલતાં એક ઘર પાસે લઈ ગયો અને પાટા છોડી નાંખ્યા. અને કહ્યું 'જો આ અમારા પત્રની' ઓફીસ છે. અમે અડવાડિક ચલાવીએ છીએ. તમે અહીં રહો. ધ્યાન રાખજો કે કોઇપણ માણસ અંદર રજા સિવાય આવે નહિ. તમને કહેલ સંજ્ઞાવાળો કોઇ આવે તો તે પણ વસ્તુને ન અટકે. બેસો આ વાત જો જો કે કોઇને મોઢે ન જાય, નહિ તો પહેલાં તમેજ માર્યા જશો.

બીજું તમારી નોકરીની ચિંતા હવે હું કરીશ. બે દિવસમાં બધી સગવડ કરી આપીશ. હોંશીયાર રહેજે."

મારે તો એટલું જ જોઇતું હતું. હું કબૂલ થયો પછી ઓફીસની ચાવી મને સોંપી. એક રાતી પટ્ટી મને આપી, જે ન ગૂમાવવા મને ખાસ સૂચના કરવામાં આવી. અને પત્રની જગો વિગેરે સર્વે બતાવ્યું. તેમજ બીજી કેટલીક વસ્તુઓ બતાવી જે નમુનો મારી પાસે હજુ પણ હૈયાતી ધરાવે છે.

મને જમવાની સગવડ કરી આપી તે ચાલતો થયો. સાંજે જ્યારે એ પાછો આવ્યો ત્યારે સાથે બીજા કેટલાક રખડુ જેવા જણાતા બાબુડાઓને તેડી આવ્યો. તેણે મારી ઓળખાણ આપી, હવે તેઓએ પણ મને ઓળખતા હોય તેવી રીતે મારી સાથે વાતચીત શરુ કરી. ધીમે ધીમે મારા વિષે વાતચીત નીકળી. મારો જુસ્સો જોઈ તેઓએ મને મારા જેલજીવન વિષે પૂછ્યું-મેં મારું જેલજીવન તેમને સંભળાવ્યું. તેઓ ઘણા જ ખુશ થયા. મારા જેલજીવન વિષે જાણ્યા પછી કહ્યું: ત્યાંના કેદીઓની હાલત વિષે, પેલા ફાંસીએ ચઢેલ યુવાનો વિષે અને વધુમાં જેલના ઉપરીઓની કેદીઓ તરફની વર્તણૂક વિષે, કંઇક લખી આપો. મારે તો મારું હૃદય કાગળ ઉપર રેડવું હતું એટલે કબૂલ થયો. મને હૃદયનો અગ્નિ ઠાલવવાને બીજે કયાંઇ સ્થાન ન હતું. મને એ લખવાની શરુઆત કરવા માટે એ લોકોએ રૂ. ૨૦ આપ્યા. મારું મન લલચાયું અને લખવાનું કબૂલ્યું. મને તેમણે વાત કરી "અમારું પ્રચારકાર્ય પોલીસ પલટણમાં છે. સમજે કે તમને ત્યાં નોકરી અપાવીએ તો તમો તમારા ખરા દિલથી પ્રચારકાર્ય કરી શકશો? તમારી જીભમાં તીખાશ છે?" હું કબૂલ થયો અને નોકરી માટે મેં ઇચ્છા પણ દર્શાવી.

બીજે દિવસે મારી નીમણૂક થઇ:—

સવારે હું ઊઠ્યો અને મને તેડવા માટે એક સાફાવાળો માણસ આવ્યો. તેણે બોલ્યા વગર મારા હાથમાં ચિઠ્ઠી મૂકી. મેં ચિઠ્ઠી વાંચી અને તેની સાથે જવા માટે તૈયાર થયો. અમે બન્ને ચાલતા થયા. સામે એક ઘોડો હતો તેના ઉપર અમે બન્ને બેઠા. તડ્બડ્ તડ્બડ્ ઘોડાના પગનો ધ્વનિ થાય અને મારા હૃદયમાં ખળભળાટ મચે. અમો બે ત્રણ માઇલ પહોંચ્યા હઇશું, ત્યાં એક મકાન અમને જણાયું કે જેની આજુબાજુ પોલીસનો મજબૂત પહેરો હતો. મને ઘોડા ઉપરથી ઉતાર્યો અને તે સીધો ઘાયલ આંખવાળો મને અંદર તેડી ગયો. અમે સાથે ગયા. ત્યાં એક અમલદાર હતો, તેણે મને જોયો. તે પોતાના ખિસ્સામાં હાથ નાખી ઉભો હતો. પેલાએ સલામ ભરી અને એક નીશાની કરી. તે અમલદાર સમજી ગયો, મારી તપાસ કરવામાં આવી. "તમે લશ્કરમાં રહેવા લાયકાત ધરાવો છો, જાઓ તેને દાખલ કરો." મને પેલો માણસ પોતાની સાથે તેડી ગયો, અમો પાસેના ઓરડામાં ગયા અને પેલાએ ઘંટડી મારી. ઘંટડી વાગતાં એક સીપાઈ આવ્યો અને ઊભો રહ્યો. તેના હાથમાં આ ભાઈએ એક ચિઠ્ઠી લખી આપી અને મને સાથે લઈ ગયો. અમે પાછા ઘોડા ઉપર બેઠા અને અડધોએક માઇલ ચાલ્યા હઇશું ત્યાં દૂર દૂર તંબુની હાર જોઈ. ત્યાં ઊંચે ગગનમાં વાવટો ઊડતો હતો, તાપ સાધારણ હતો, હું જમ્યો નહતો, છતાં પણ સાથે ચાલ્યો. મને ત્યાં એક મજબૂત બાંધાના અમલદાર પાસે લઈ જવામાં આવ્યો. તેની પાસે હું પહોંચ્યો એટલે તેણે ઊઠતાંકને મને તમાચો લગાવ્યો. મારું માથું ફરી ગયું અને આંખ લાલ બની. થોડોક વખત રહી તે પોતાના નાકને

ઊંચું નીચું કરતો આવ્યો અને શાબાશી આપવા લાગ્યો. મારી નીમણૂક થઈ ગઈ. મેં જવા માટે રજા માગી એટલે તેણે રજા ન આપી અને ખાવાની સગવડ કરી આપી, અને એક કોટડી કાઢી આપી. દરેક જાતની સગવડ પૂરી પાડવા ગોઠવણ કરી, મારું નામ પહેલી ટૂકડીમાં જ્યાં અંગ્રેજી અમલદારો હોય છે તેમાં નોંધવામાં આવ્યું. સીતારો ચમકતો હતો. રેજીમેંટમાં દાખલ થયા પછી મારી ફરજ હું ભૂલી ગયો, પણ એક દિવસ મને મારા જૂના મિત્રો મળ્યા તેમણે મને શરમમાં નાખી દીધો:—

મારી ટૂકડીનો નીશાની તાકવાનો દિવસ હતો. હું જરા મોડો પડ્યો, ત્યાં એક ઘોડેસ્વાર મારી ટૂકડીને પરેડ કરાવતો જોયો. મને ખીજ ચડી, હું તમંચો કાઢી ઊભો રહ્યો. તે જરા આગળ આવ્યો અને પોતાના માથા ઉપરની હેટ ઉપાડીને હલાવી કે તરત જ લાંબા નાગણ જેવા વાળ બહાર નીકળી પડયા. હું તરતજ ઓળખી ગયો, મારી છાતી ઉપર તેણે તમંચો ધર્યો. હું વિચારમાં પડી ગયો, એટલે તેણે મને કહ્યું: 'માતા મારું બલિદાન માગે છે' મેં માથું નમાવ્યું અને ફરજ સંભાળવા વચન આપ્યું. આ દિવસથી પ્રચારકાર્ય શરુ થયું:-

× × ×

મારા રેજીમેન્ટના પ્રચારકાર્યના નમુના આપું:—

મારી સાથેના જેટલા મારી ટૂકડીમાં હતા તેટલા બધાય અભણ અને અણસમજુ હતા. એટલે જે વસ્તુ હું તેમને સમજાવવા માગતો હોઉં તેનું ઉંધું સમજતા હતા. તેમ કોઈ પણ વસ્તુ ઉપર વિચાર પણ કરી શકતા ન હતા. ગોરાઓને તેઓ દેવ માની પૂજતા અને માન આપતા. કેટલાકની એવી માન્યતા હતી કે અમો કાળા અને તેઓ રાતા કે ગોરા એટલે

આપણાથી જુદી જ રીતે ઘડાયેલા હતા, એ જ બતાવે છે કે તેઓ મહાન પુરુષો છે. એક દિવસ મેં તેમને મારા કડક અવાજમાં કહ્યું કે, 'અમુક સંખ્યાના માણસો આપણાં કરોડો ઉપર રાજ્ય કરે છે' ત્યારે તો એઓએ ધારી જ લીધું કે તેમના કરતાં તેઓ જુદા જ સ્વભાવના અને મહાન્ શક્તિઓ ધરાવનાર હોય, આ સૃષ્ટિ ઉપર રાજા થવાનો અધિકાર તેમને જ આપવામાં આવેલો હોવો જોઇએ. મારો ઉદ્દેશ જુદો જ હતો ત્યારે તેઓ સાવ ઊંધું જ સમજ્યા.

આપણા ખેડૂતોને લીધે સરકાર ટકે છે. ખેડૂતો અજ્ઞાન છે, તેમને તેમની અજ્ઞાનતાને લીધે ઉશ્કેરી નોકરીમાં દાખલ કરે છે. જો તેઓને સમજાવીને શિક્ષણનો લાભ આપે તો તેમની જીંદગી એ ભયમાં મૂકે નહિ, એટલે કદી તેઓ તેમને કાંઈ પણ પરખાવત નહિ. સમજુઓને સમજાવવા હોય તો સમજાવી પણ શકાય, પણ અજ્ઞાનતામાં ડૂબેલાને કહેવું શું ? આવા વિચિત્ર પ્રસંગોમાં મારે કામ કરવાનું હતું, એ જ જરાક અઘરું હતું. મને બીજી અથડામણ ન હતી.

× × ×

એક દિવસ અમો બેઠેલા અને લડાઈઓની વાત નીકળી, એક કહે જો અત્યારે લઢાઈ ચાલે અને હુકમ મળે તો હું મરવા તૈયાર છું. ગોળીથી વીંધાઈ જાઉં તો પણ મને પરવા નથી. મારો જાન આપતાં મને આવડે છે. લઢાઈ થાય અને જ્યારે ગોળી ખાવાનો વખત આવે ત્યારે ખબર પડે. જો જો.

'તરતજ બીજો બોલી ઊઠ્યો: ' હું તો છાતી ખુલ્લી કરીને ઊભો રહું. હું મહમદ ઘોરીનો વંશ જ છું. એક તલવારે સો માથાં છેદી શકું છું. મારી પટ્ટાબાજી માટે મને

ચાંદ મળેલો છે. એમા શું. મારી છાતી ખુલ્લી કરીને પછીથી ગોળી ઝીલું. તાકાત છે કોઇની કે મારી સામે ઊભો રહે. અમો ઓછા ન ઉતરીયે, જોનારા પણ જોઈ રહે. આમ દરેક બડાશ મારવા લાગ્યા, અને મારાથી ન રહેવાયું મેં પૂછ્યું: "તમે જે લોકો માટે મરવા તૈયાર થયા છો, તેઓ દરિયા પાર રહે છે. પારકી ભૂમિના છે. આપણે હિંદના છીએ-હિંદી છીએ. તો પછી દેશ માટે-હિંદ માટે, મરતાં તમને નથી આવડતું? આ માટીમાંથી તમારૂં શરીર બન્યું છે, તે માટી ઉપર તમે થુંકો એ તમને સારું લાગે છે? તમે તમારી જન્મભૂમિ માટે જીવન આપો?

બે ત્રણ છોકરાઓ બોલી ઊઠ્યા: 'જરૂર જરૂર! હા હા.' હું બોલ્યો: બે ત્રણ જણાઓ આપણા પચીસમાંથી ઊભા થાઓ અને બલિદાન આપો એ સારું છે, પણ બીજા બધાય ચુડીઓ પહેરી બેઠા રહો એતો આપણી પલટણને હીજડા બનવા જેવું છે. એ એમ બતાવે છે કે તમારા કાંડામાં જોર નથી. પ્રજા તમારી શું કદર કરશે? તમને હીજડા જ કહેશે. એટલામાં એક ડાહ્યો બોલ્યો: "પણ બીજા લોકો કાંઈ અમને પગાર આપે?" તરત જ બીજા બોલી ઊઠ્યા: 'બાબુ વાત સાચી છે' પ્રજા કાંઈ અમને પગાર આપશે. અમારે પેટ કેમ ભરવાં? સરકાર જ પગાર આપી શકે-'આવડા મોટા પગાર'-રૂ. ૨૦ એ તેને મન મોટો પગાર. તેની નજર તેની કલ્પના કરવા ઊડી પડી. મને લાગ્યું કે હું જીતીશ, એટલે મેં પૂછ્યું: "તમને પગાર કોણ આપે છે?" તેણે જવાબ આપ્યો 'સરકાર' મેં પૂછ્યું: "સરકાર પૈસા ક્યાંથી લાવે છે?" એ લોકો ગુંચવાઈ ગયા. મેં એમને સમજાવ્યું કે સરકાર ખેડૂતો પાસેથી નાણાં લીએ છે અને તે પૈસા આપણને આપે છે. આપણા જ પૈસે

તેઓ જોર વાપરી, તમને તેમને ખાતર મરવાનું સૂચવે છે, અને તમે તે કબૂલ રાખો છો. એ નવાઈ નહિ! તમારા આ ગજવામાં પૈસા પડ્યા છે, તે લઈ લઉં અને બીજાને આપીને કહું ચાલ મરવાને તૈયાર થા, તો એ મરવા તૈયાર થાય? થવાય પણ ખરું? ભાઈ ભાઈને પૈસે તાગડધિન્ના કરે પણ ખરો? પાપ લાગે. તેઓ આપણા ખેડૂતો પાસેથી પૈસા લઈ લે અને તમને આપે આ ક્યાંનો ન્યાય?

એઓ બધાય વિચારમાં પડી ગયા હતા. એક ચિબાવલો બોલ્યો: "બાબુ, દેશ ખાતર લઢવાનું જો સરકાર કહે તો અમો લઢીએ. કબૂલ છે."

"અરે ભલા માણસ એ લોકો સામે આપણે લઢવાનું અને જીત મેળવવાની છે. અને પછી આપણે આપણું તંત્ર સ્થાપી આપણા દેશમાં આપણો રાજા, આપણી પ્રજા અને આપણું લશ્કર રાખવાનું છે. આમાં તમારા પાસેથી બધા બલિદાનની અમે આશા રાખીએ છીએ."

× × ×

મેં ધીમે ધીમે બધાયને હાથમાં લેવા માંડ્યા. મારી પાસેની સર્વ વસ્તુઓ મેં તેમને બતાવવી શરુ કરી. જે પદાર્થ જલદી સળગી ઊઠે તેવી વસ્તુઓ જોતાં તેમને બહુ જ આનંદ આવતાં, એ લોકોને એવો તો રસ પડતો ગયો કે મને વધુ કનડતા ગયા. એ લોકોની અમુક વસ્તુને જાણવાની જીજ્ઞાસા વધી, તેમ મારી હથેલીમાં રમાડતો હતો. જેમ જેમ તેઓ મારા હાથમાં આવતા ગયા તેમ તેમ તેમને હું મારી સાથે ફેરવતો. અને ધીમે ધીમે એવી જાળમાં સપડાવતો ગયો કે એક સમય એવો આવ્યો કે જ્યારે મારી મુરાદને બર આવવા ટૂંકો સમય રહ્યો, ત્યારે ધીમે ધીમે મારી સંસ્થાના મેમ્બર

બનાવ્યા. અને સમય જતાં ધીમે ધીમે પૈસા પણ કઢાવવા માંડ્યા. ત્રણ ચાર મહિનાના સહવાસમાં તેમના પ્રાણસમાન હું બની ગયો હતો. મને એમ પણ કહેતા કે બાબુ તમારે ખાતર અમે મરવા તૈયાર છીએ. મારું મન આવા વાતાવરણને લીધે પ્રફુલ્લ રહેતું હતું. જ્યારે જ્યારે હું ગામમાં જતો હતો ત્યારે બધી બાતમી મારી સંસ્થાને પહોંચાડતો, અને જે વસ્તુ વિષે મને ગૂંચવાડો રહેતો હતો તે સમજી લેતો હતો. આમ મેં એક વર્ષ વિતાવ્યું અને એક જબરદસ્ત સંગઠ્ઠન પેદા કર્યું. છતાંય લાંબા સમયનો ભોગ આપવો પડ્યો, કારણ કે તેમનામાં અજ્ઞાનતા જડમૂળ ઘાલી બેઠેલ હતી.

આવા પ્રસંગો ઉપરથી મને એ તો સજ્જડ બેસી ગયું કે અભણતાથી તથા અજ્ઞાનતાથી ખરાબ પરિણામો આવે છે. એ પરિણામો એવાં હોય છે કે માણસના ઉપર ધીમે ધીમે હલ્લો કરતાં જાય છે. માણસ આ હલ્લા ને નથી સમજી શકતો, આ દુ:ખદાયક વાત છે. આ હુલ્લડની ક્રિયા બહુ જ ધીમી છે અને સચોટ છે. આમાં મનુષ્યની અક્કલ કામ નથી કરી શકતી. મનુષ્યમાં જેજે અવગુણો હોય છે તે તેના બેભાની પણાંના છે. એક કારણ એ છે કે મનુષ્ય અંતરના ઊંડાણમાં ડૂબકી મારવા પ્રયત્ન નથી કરતો. બીજું કારણ એ છે કે મનુષ્ય તેમનાથી દૂર થવા નથી માગતો. ત્રીજું કારણ એ છે કે તેની આજુબાજુનું વાતાવરણ જ એવું હોય છે કે જે તેને અંતરમાં જવાની 'ના' પાડે છે.

મનુષ્યને, દરેક મનુષ્યને પૂરતી કેળવણી આપવી જ જોઇએ. બીજું એ છે કે પાશ્ચાત્ય કેળવણી જે અત્યારે હિંદુ-સ્થાનમાં પ્રચલિત છે તે કેળવણી ધીમી છે અને ઊપલકીયા સાનની છે, જેથી મનુષ્ય અજ્ઞાનતાની સપાટી ઉપર તરતો

રહે છે. આપણી પૂરાતન પદ્ધતિ, જેમાં બંધારણ હતું તે સિદ્ધાંતવાદી હતી અને અંતે મનુષ્યને દેવ બનાવતી. આથી હું એમ નથી કહેવા માગતો કે પાશ્ચાત્ય કેળવણી જરુરિઆત વગરની છે. પણ મારું કહેવાનું એ છે કે એ કેળવણી મનુષ્યમાં બહાદુરી અને ઉચ્છૃંખલતા કાંઈક અંશે પ્રેરે છે. જે વાતાવરણમાં જે કેળવણી ફળદાયક નીવડે તે કેળવણી કહેવાય. બીજી બધી કનેડગત કહેવાય. મૂખ્ય સિદ્ધાંત ઉપર રચાયેલી કેળવણી અને ગૃહકેળવણી જો સાથે સાથે મળ્યા કરે તો તેનું ફળ ઉત્પન્ન થાય, તેમાં માધૂર્ય અને સેવા ઉત્પન્ન થશે, પણ હૃદય વિનાની કેળવણી શુષ્કતા–આડંબર પ્રસારે છે. જેમ હૃદય વિનાનો આનંદ નકામો, તેમ હૃદય અને લાગણી વિનાનું ભણવું પણ નકામું. જો હજુ પણ પાશ્ચાત્ય કેળવણીનો બહિષ્કાર (ધંધાના અભ્યાસ સિવાય) કરવામાં આવે તો આડંબર જશે. કુદરતને વધારશે અને હિંદમાં ફરીથી એ જ પ્રભુ રાજ્ય કરશે. એ ઊપલકિયાપણું આપણને બહુ જ સતાવનારું છે. આપણા ઉદયકાળમાં, આપણા પ્રયત્નમાં તે આપણને બહુ જ અડચણકર્તા થઈ જ જશે. આપણા ઉદયકાળમાં આપણા પ્રયત્નમાં આડખીલી તરીકે જરુર તે આવશે અને આપણા પ્રસ્થાનને હતું ન હતું કરી મૂકશે.

હવે એ વાત જવા દો. જેમજેમ મારું પ્રચારકાર્ય વધતું ચાલ્યું તેમતેમ મારું નામ રેજીમેન્ટમાં પ્રસરવા લાગ્યું. સૌ કોઈ મને મળવા ઉત્સુક બની જતું હતું.

આજનો દિવસ ભયંકર દિવસ છે. હિંદના લલાટે સુખ સ્વરાજ્ય અથવા ગુલામી કે પરતંત્રતા નીર્માયેલ છે તે જણાશે. ૧૫મી ઓગસ્ટનો એ મહાન દિવસ અમે નક્કી કર્યો. બરાકમાં સૂતો હતો. સવારના સાતના ડંકા થયા અને ઘોડાના પગનો

અવાજ સંભળાયો. મારી ઓરડીનું બારણું ખૂલ્યું અને પાંચ માણસો આવ્યા-તેને નીચે પ્રમાણે વાત કરીઃ—

" અને સાંજરે આપણે નિષ્ફળ થયા તો બાજુનું શું ? "

" તેની ચિંતા નહિ. મેં સગવડ કરી છે. તેમને માટે દાઢી વગેરે તૈયાર છે. ધરપકડો થાય તો તેમને ગુરખા બનાવી ઘોડા ઉપર મોકલી આપવા. રસ્તા ઉપર હું માણસો રાખીશ. ખુદાની ઇચ્છા હશે તેમ થશે. "

" વારૂ. ત્યારે-એક ટોળી-૧૦ માણસો, એક ટોળી ૧૫ માણસો અને એક ટોળી ૩૦ માણસોની આપણી ગોઠવણ પ્રમાણે ગોઠવી દેવી. "

" પણ સંભાળજો કોઈ બચે નહિ. "

" અરે, વાત શું ? "—

" અને પછીથી શું ? "

× × × × ×

" હા, પણ પરેડ કેટલા વાગે છે ? "

" ચાર ને ત્રીસે તૈયાર થઈ રહેજો-તમારી મરદાઇ ઉપર આધાર રહે છે. "

હું બહુ જ અસ્વસ્થ જણાતો હતો. દરેક બાબતમાં હા-હા કરતો હતો. મેં કહ્યું " આપણામાંથી કોઈ ફૂટે તો ? "—

" ફૂટે તો-વીંધી નાખવો અને તે જ કરોડોના પેટ ઉપર લાત મારનાર જાણવો. " મ શાંતિનો શ્વાસ ખેંચ્યો અને સીગારેટ ખેંચી ફૂંક લીધી. જરાક ચેન આવ્યું એટલે પૂછ્યું-" તમો શરુઆત કેમ કરશો ? " બધા મારા બોલવા તરફ ધ્યાન આપવા લાગ્યા. " શરૂઆતમાં સામેની પલટણ સામે માર્ચીંગ કરતા જજો. તમને એબાઉટ ટર્ન ( About turn )

હુકમ મળે એટલે ફરજો. સર્વે ઘોડેસ્વાર હોવા જોઇએ. અને પછીથી તમારા ઉપર થઈને જ્યારે તમંચાની ગોળી છૂટે ત્યારે ફાયર કરવાનું. આ સમયે જે ટૂકડી કામ પહેલું કરી લે તે ટૂકડી નિશાનીમાં પાંચ બહાર કરે અથવા તો ત્રણ ડંકા મારે. જોજો ભૂલચૂક ન થાય. એક જ સાથે કામ થવું જોઇએ. હું મારું કામ કરીશ. ઈશ્વર તમને શક્તિ આપે. " ચાલો જલદી કરો.

બધા ગયા. અને પછી જરાક આડો પડયો. હું ઘસઘસાટ ઊંઘ્યો હતો, મારા હૃદયમાં શાંતિ હતી. બેના ડંકા થયા. અને તરત જ ઓરડીનું દ્વાર સત્તાથી ઠોકાયું. હું સાવચેત બન્યો, મેં હાથમાં તમંચો રાખી બારણુ ઊઘાડયું. ત્યાં પાંચ યુવાનો લશ્કરી પોષાકમાં હતા, મેં તેમને અંદર લીધા અને તમંચો તેમની સામે ધરી પૂછ્યું "બોલો–શું કામ છે?" તેઓ હસી પડયા અને કહ્યું: 'એ તું–તું કોને કહે છે?' મેં અવાજ પારખ્યો અને તેમને ભેટી, બેસાડ્યા. પાંચે સાથે છેલ્લી વાતો કરી. જતાં જતાં તેમને મેં કહ્યું: "કર્તવ્યપાલનમાં મારું મરણ થાય તો મારી જગો સંભાળજો." "તેમણે ગંભીરતાથી ડોકું હલાવ્યું અને બોલ્યા: 'જો છૂટો તો આવજો–ભોંયરે તમે નિર્ભય છો અને મરશો તો અમો તૈયાર છીએ.' પોલીસ ઓરડીઓ ઉખેડી નાખીશું. 'સીધાવો જય સ્વદેશ'–બધાય ભીની પણ આતુર આંખે જુદા પડચા.

ત્રણ–ચાર–ડંકા થયા. મારું મન ગંભીર બન્યું. મેં ડ્રેશ પહેર્યો અને ત્રણ તમંચા ખીસામાં વ્યવસ્થિત ગોઠવી ઉપડયો. સાડાચાર થવા આવ્યા અને ઘોડાઓની પલટણ છૂટી. પરેડ શરુ થઈ. હું ઘોડા ઉપર સ્વાર થઈ ઉપરીના ઘર તરફ દોડયો. હાથમાં તમંચા સહીત અંદર ગયો. અને "Hands up"

ની ત્રાડ પાડી. ઉપરી ગભરાઈ ગયો. મેં ગોળી છોડી આ સમયમાં તો બેત્રણ માણસો આવી પહોંચ્યા હતા. મેં સાવચેતીથી બીજી ગોળી છોડી. ઉપરી મર્યો. ત્રીજી છોડી. બીજો મર્યો અને બારીએથી ઠેઠ મારી હેઠે પડયો. આ સમયમાં પલટણ ચેતી ગઈ હતી. હથીઆર ઝૂંટવી લેવામાં આવ્યાં હતાં. ૧૦, ૧૫ માણસો માર્યા ગયા અને પછીથી ધરપકડો શરુ થઈ.

— હાય—મારી ધારણા નીષ્ફળ ગઈ, હું નાઠો. મારી વાંસે પલટણના માણસો પડયા. હું સંકેત મુજબ ગુરખો બન્યો. મારા બંગલાની બારીએ નાઠો અને બંગલાને અંદરથી આગ દીધી. એવા ઉદ્દેશથી કે હું તેમાં છું, અને એ સમયમાં ગફલત થઈ જતાં હું નાસી છુટું. થયું પણ તેમજ. હું બચી ગયો અને ગુફામાં પહોંચી ગયો. બીજી સાંજે ત્યાં પહોંચ્યો, પાછા બધાને ઉભા કરવા પ્રયત્ન કર્યો પણ સર્વે હીંમત હારી બેઠા હતા. મને અંતે ખબર પડી કે એક હરામખોરે બધી બાજી ઉઘાડી કરી હતી, અને સામાસામી ગોળીબાર થતાં મારા મિત્રના છરાથી તે માર્યો ગયો હતો. તેને ગોરાઓનો નીમકહલાલ નોકર લેખવામાં આવ્યો અને તેટલા માટે તેનો અગ્નિદાહ પૂરતી ધામધૂમથી કરવામાં આવ્યો.

હું ગુફામાં પહોંચ્યો ત્યાં મને ધ્રાસકો પડયો કે મારી ડાયરી કયાં? પણ અંતે યાદ આવ્યું કે તે મેં નીકળતાં અગાઉ બાળી નાખી હતી. હાશ–હજી મને મોટી મોટી આશાઓ હતી.

મારો સમય હવે આવી પહોંચ્યો હતો. મારો સમય સંપૂર્ણ રીતે પાકી ગયો હતો. મને મારું જીવનનું ધ્યેય નક્કી થઈ ગયું હતું. મારી આજુબાજુએ એક મોટું સૈન્ય હતું. આ પછીથી મને ટોળી તરફથી બહુ જ મદદ મળતી હતી. મેં

હવે ટેકરીઓની વચ્ચે પડાવ નાંખ્યો હતો. ધીમે ધીમે ગોરાઓને મારા વિષે બાતમી મળતી જતી હતી અને હવે મને તથા મારી ટોળીને જપ્ત કરવા માટે તેઓ પગ પછાડતા હતા. અને પકડવા માટે ઈનામ કાઢ્યાં હતાં. પણ મને પ્રજા ઉપર બહુ જ શ્રદ્ધા હતી.

એક અપૂર્વ શાંત રજનિ પ્રસરતી જતી હતી. ધીમે ધીમે હૃદયમાં ગૂઢતાના પ્રકરણો પણ ઉકેલાતાં હતાં અને ધીમે ચાંદા પછીથી તારલીયા પણ ઝબકી ઊઠયા. આ સમયે મારી ટોળીની પ્રાર્થના પૂર્ણ કરાવી હું ચાલી નીકળ્યો હતો. કારણ કે મારે મારા ભવિષ્યના કાર્યક્રમને પૂરો કરવા માટે હું યુક્તિઓ ઘડતો હતો. હું તંબુથી દસેક વાર ચાલ્યો હઈશ ત્યાં ધીમો, મીઠો અને બુલંદ અવાજ સંભળાયો.

"મરેલાનાં રૂધિર ને જીવતાંનાં આંસુડાં,
સમર્પણ હો સમર્પણ હો, કદમ તારે પ્રભુ પ્યારા !"

હું શાંતિથી ઊભો રહ્યો અને સાંભળવા લાગ્યો—

"ભલે હો રાત અંધારી, આપ દીવો લઈ ઊભા જો."

અને મારી દ્રષ્ટિ શૂન્ય આકાશ ઉપર પડી. ધીમે ધીમે ડોલતો પગલાં માંડતો મારા તમંચાને સાચવી ચાલતો હતો. થોડેક દૂર ચાલ્યો ત્યાં એક ટેકરીની ઓથે આછા અજવાળામાં વાતચીત સંભળાઇ. હું ઊભો રહ્યો. વાત સંભળાઈ.

"અને સાથે તારા આ ગુલાબી મોઢા ઉપર પણ તે ફીદા થશે જ." એક સતાવાહી અવાજ બોલતો હતો.

"કોણ, સ્ત્રી ઉપર કે આવા ગોરા ગુલાબી બદન ઉપર મોહ નથી પામતું ?" આંખો નચાવતા નચાવતા એક તીરછી દ્રષ્ટિ ફેંકતાં ફેંકતાં એક સ્ત્રી બોલી.

"ખરૂં, અને તે પાછું તારા પંજામાં–અહા–હા. ગુલાબ,

તારા પંજામાં તે ગમે તેવો ક્રાંતિવાદી હશે કે બળવાખોર હશે પણ સપડાશે.”

“જરૂર તે તો સપડાશે, પણ તમારા જેવા તો મારા પર મોહીત થયા છે ને ?”

“જરૂર–એમાં નવાઈ નથી. તને તારામાં શ્રદ્ધા છે ને ?”

“તમને તો નથી જ ને ?”

“ના–હા ના......”

સંપૂર્ણ શાંતિ હતી.

“જો હવે બાજી તારા હાથમાં છે.”

હું ચાલી નીકળ્યો. અને વિચાર આવ્યો કે કોને ફસાવવાની આ બધી યુક્તિઓ યોજવામાં આવે છે ! હું ખરેખર ગોરાઓની દ્રષ્ટિએ ભયંકર લેખાતો હતો. કેવો ભયંકર ? કે જ્યારે ગોરાઓનું બળ કામ ન આવ્યું–તેમની શક્તિઓ કામ ન આવી, ત્યારે મને બીજી રીતે સપડાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો ! હું ચાલ્યો, મારા આગળ પગલાં સાંભળી તે ચમક્યો. મારી નજર તો હતી જ.

મને જોઇને એ અમલદાર જરાક ધ્રૂજી ઊઠયો. અને તરત જ તેઓ કાંઇક નિશ્ચય ઉપર આવ્યા. અને તરતજ તે સ્ત્રીએ બૂમ પાડી ‘બચાવો, બચાવો.’ મેં જાણી જોઇને દ્રષ્ટિ ફેરવી અને તમંચો હાથમાં રાખીને જાણી જોઈ ને ધસ્યો. હું ત્યાં ગયો કે તરતજ મારા માથા ઉપર થઇને ગોળી ચાલી ગઈ. હું દોડીને લગોલગ પહોંચી ગયો. તેની પાસે ગયો કે તરત જ પેલો અમલદાર પોતાના ઘોડા ઉપર સ્વાર થઈ દોડ્યો. મેં તમંચાનો બાર કર્યો, પણ પછીથી વિચાર માંડી વાળ્યો. તે સ્ત્રી કોઈ નવીન આકર્ષક મૂર્તિજ હતી. સરસ ઝીણી સફેદ સાડી હતી અને શરીર આરપાર દેખાય તેવાં કપડાં પહેર્યા હતાં. તે આછા પવનમાં

ફરફરતાં હતાં. મેં તેમની આગલી વાત સાંભળી હતી એટલે ચિંતા ન હતી. હું વસ્તુ સમજતો હતો પણ તે નાગણને મેં ફેરવી મારા પક્ષમાં લેવા વિચાર કર્યો હતો. અને મને મારામાં શ્રદ્ધા હતી એટલે ચિંતા ન હતી, પણ મને ખાત્રીજ હતી કે હું ફત્તેહ મેળવીશ. મને તેણે કહ્યું, " આપ ઠીક પધાર્યા. આપે મારું જીવન બચાવ્યું છે. હું આપનો ઉપકાર ક્યારે ભૂલીશ. "

" એમાં શું ? " મેં વાત ટૂંકામાં પતાવી દીધી અને પછી શાંતિથી ટટ્ટાર થઈ ઊભો રહ્યો. મેં તેની પાસેથી વાત જાણી લેવાનો નિશ્ચયજ કર્યો હતો. મેં પ્રશ્ન કર્યો—

" એ કોણ હતું ? "

તે વિચારમાં પડી પણ તરતજ બોલી કે " હું મારા ઘરમાં સૂતી હતી, ત્યાંથી તેણે મને ઉપાડી, અને મોઢું દબાવી અહીં લાવ્યો. તે મારા ઉપર બાલાત્કાર કરવા માટે પ્રયત્ન કરતો હતો પણ હું તમારા આવવાથી બચી ગઈ. તમે આવા એકાંતમાં ક્યાંથી ! ફરવા આવ્યા હતા ! "

મેં જવાબ ઉડાવી દીધો અને પ્રશ્ન પૂછ્યો—

" તમને એ ક્યાંથી ઓળખે ? "

' મને ! ' તે જરાક ગભરાઇ " મારા ઘર ઉપર તેઓ મારા બાપુ પાસે ઘણી વખત આવતો હતો. તે મને ચાહે છે. પણ હું તેમને ચાહતી નથી. "

" તમને તો તે અત્રે બળાત્કારથી જ લાવ્યો નહિ ? ઠીક પણ તેઓ કોણ છે ? "

" તેઓ સરકારી અમલદાર છે અને મને વગર ગુન્હે અહીં ઉપાડી લાવ્યો છે. "

" તમારા બાપુ પણ અમલદાર છે નહિ ? "

" હા. "

" તેમનું નામ ? " ખરું કહેજો હો.

" રજનિકાંત."

'રજનિકાંત ચક્રવર્તી ?'

'તમો ક્યાંથી જાણો છો !'

'કેમ હું તેને ઓળખું છું. પણ મેં તો તમને ત્યાં કદીએ જોયેલ નથી. તેનું કારણ શું ?'

'હું મારા મામાને ત્યાં ગઇ હતી.'

'પણ હા તેનું નામ શું ?'

'ચેતસિંહ.'

'હા ઓળખ્યા.'

'પણ હા તમે અહીં ક્યાંથી ?'

ફરીથી મેં વાત ઊડાડી.

'મને તેણે કહ્યું હું જાઉં છું, મારે મોડું થાય છે.' મેં કહ્યું: 'આટલી મોડી રાત્રે ક્યાં જશો ? ચાલો મારી જગો ઉપર.'

'ના, એમ તો નહિ.'

'ત્યારે હવે તમે અહીંથી નહિ જઇ શકો.'

'એટલે મારા ઉપર તમે શું કરવા માગો છો ?'

'કાંઇ નહિ. તમે નિશ્ચિંત છો, ચાલો મારે ત્યાં.'

'અર્રર્ર ... ના, એ નહિ જ બને.'

'ત્યારે તમે નહિ જ જઇ શકો. મેં તમારી મૂળ વાત સાંભળી છે.'

'એટલે મને સ્ત્રીને તમો દબડાવો છો ? બહુ જ બહાદૂર જણાઓ છો.'

'વાત નહિ. આગળ થાઓ.'

તરત જ તે આગળ થઈ અને મારા કહેણનો અમલ કર્યો. મારાથી શિકારને છોડાય તેમ ન હતું. મેં તેનો હાથ પકડ્યો અને તમંચો ધર્યો. તેણે પાછા ફરી ઝાપટ મારી, અને તમંચો પાડી નાંખ્યો. તે હસી પડી–ને બોલી: "જોઈ સ્ત્રી શક્તિ ?" તેણે

આંખ નચાવી, અને મારા હૃદયની પાર એ દૃષ્ટિ નીકળી ગઈ. તેણે કહ્યું: "સરદાર, ચાલો હવે હું આવું છું." થોડુંક ચાલ્યા ત્યાં ફરીથી સૂર સંભળાયો.

'વધારે મૂલ લેવાં હોય તો યે માગી લેજે
અમારા આખરી સંગ્રામમાં સામેલ રેજે'

તે થોભી અને મને પૂછ્યું: 'આ કોણ ગાય છે?'

મેં કહ્યું: "મારા મિત્રો."

તેણે પૂછ્યું: "મને દાખલ ન કરો?"

"પરીક્ષા લેવી પડશે."

"વારુ, ચાલો તો ખરા."

મેં આડો હાથ ધર્યો અને કહ્યું: "પહેલાં મારે તમને તપાસવાં પડશે. બોલો પ્રતિજ્ઞા લેશો કે આ વાત કોઇને મોઢે નહિ જાય?"

"તમો પુરુષો હૃદયહીન જ લાગો છો." છાતીમાં શ્વાસ સમાતો નહતો.

"અલબત્ત અમારા રસ્તા બહુ જ અઘરા છે. અમારે હૃદયહીન જ રહેવાનું છે. નહિ તો થાય શું?"

"તમારી આ વાતનો અર્થ શું?" તેણે ઝીણી આંખ કરી પૂછ્યું.

"એ ભવિષ્યમાં સમજાશે. પણ બોલો પ્રતિજ્ઞા લ્યો છો કે નહિ?"

"હા, લીધી."

"સારું, નહિ તો ધડ ઉપર શીર નથી. ત્યાં એવો ખેલ છે. સમજ્યા?"

"જરૂર–ચાલો."

અમો બન્ને ચાલી નીકળ્યા. મારા હાથમાં તમંચો

હતો. તે નિડર શક્તિની માફક ચાલતી હતી. અમે ઠેકાણે પહોંચ્યા ત્યારે મારો માણસ બંસી બજાવતો હતો. તેને મેં પૂછ્યું: 'બાલુ! તેં કામ કર્યું?'

"જી, હા."

"ચાલ અહીં આવ."

એ આવ્યો. મેં કહ્યું: "બોલ શું છે?"

"પરમ દિવસે સાંજે સાડાચારે. આજ રાત્રે સાડા ત્રણ વાગે."

'ઠીક, જા.' તે ગયો અને એ સ્ત્રીને મેં મારા તંબુમાં બેસાડી. તેણે મને પૂછ્યું: "મારામાં શ્રદ્ધા છે?"

"અલબત્ત."

"તો સાંભળો. તે અમલદાર મને ચાહે છે. અને હથિયાર રૂપે વાપરવા મને અહીં તેડી લાવ્યો, પણ તમારા મોઢાના તેજમાં મારી નજર જકડાઇ ગઈ છે. મારી છાતી ધડકે છે."

"ઠીક. તે તેણે તમને મને વશ કરવા કહેવામાં આવ્યું, ખરુંને?"

"હા, મને તે સાથે ફેરવતો. કારણ મને તેણે પોતાના કામમાં હથિયાર રૂપે લેવી છે."

"સારું."

પાંચ મિનિટના મૌન પછી તે બોલી.

"મને ચાહો છો."

"નહિ જ. સ્ત્રી તરીકે નહિ, શક્તિ તરીકે ચાહું છું."

"વારૂ."

એના ડંકા થયા. મેં તેને સૂઈ જવા કહ્યું: તે સૂઇ જવા તૈયાર થઇ અને હું બહાર નીકળ્યો. રાતનો વખત હતો. મેં કામ કરી લીધું અને ત્રણ જણાને સાથે લીધા. અમે

તમંચા લઈ ચાલતા થયા. બીજો થોડોક સામાન સાથે લીધો હતો. અમે ચાલ્યા જતા પહેલા ટોળીનાં પાછળ રાખેલ માણસને મેં સૂચના કરી કે ધ્યાન રાખજે એક પંખી પાંજરામાં છે, ઊડી ન જાય. તે બહુ તોફાની છે. એ પીંજરી આંખથી જોજે. તે સમજી ગયો અને મારા તંબુની આસપાસ પહેરો ફરવા લાગ્યો.

અમે ગામમાં ગયા અને પછી જાહેર રસ્તા ઉપર પહોંચ્યા. ત્યાં એક જગ્યાએ બોંબ ગોઠવી આવ્યા. કારણ બીજે દીવસે એક અમલદાર તે રસ્તેથી નીકળવાનો હતો. તેને માટે તે સગવડ કરી હતી.

રાત્રે સાડાત્રણમાં પાંચ મિનિટ બાકી હતી. અને અમે ત્રણે માણસો ટટ્ટાર બની ચાલી નીકળી, એક મકાન પાસે પહોંચ્યા. ત્યાં જઇ બારણા ઉપરનું બટન દાબ્યું. અંદરથી પૂછાયું: "કોણ ?"

'ઉઘાડો–હું–નાનો !" મારી સાથેના ત્રણ માણસો એક બાજુએ ઊભા રહ્યા.

દ્વાર ઉઘડ્યું. હું અંદર ગયો અને મેં અંદર જઇ બુકાની છોડી નાખી. પછીથી વાતચીત કરી. ચાર વાગ્યે નીકળી બધાને લઇ રસ્તે પડયો અને તંબુ તરફ રવાના થઇ ગયા.

× × × ×

મારા હાથમાં પંખી સપડાયું હતું.

અમે શાંતિમાં બેઠા હતા, ત્યાં મેં પૂછ્યું–'ગુલાબ તારામાં કાટાં છે કે માધુર્ય ?'

'કેમ આવો પ્રશ્ન ?'

'કાંઇ નહિ–પણ સાધારણ પૂછું છું.'

'બન્નેય ! તે હસી પડી.'

'વારુ, તું એ અમલદારને આજે બોલાવ. સાંજના મારે મળવું છે.'

'આજે સાંજે વાત.' તે શાંત રહી, ચીઠ્ઠી લખી માણસને મોકલ્યો.

× × ×

'હું જાઉં છું, વખત થાય છે. આવજો.'

મેં માથું ધૂણાવ્યું અને તે ઝીણી દ્રષ્ટિ ફેંકી ચાલી નીકળી. મારી આંખો ચમકતી હતી અને તત્કાળ મારી પથારી ઉપર પડીને વિચાર કરવા લાગ્યો. અડધો કલાક વીત્યો, અને હું ચાલી નીકળ્યો.

× × ×

મારા ત્યાં ગયા પછીથી વસ્તુ બહુજ ઉપયોગની નથી, પણ બીજું શું હોય ? પેલા અમલદારને કેદ કરવામાં આવ્યો અને બીજે દિવસે માનસહીત ગોળીથી વીંધી નાખવામાં આવ્યો. તે કાવત્રાખોર હતો. પછીથી તેનું ઘર લૂંટવામાં આવ્યું અને અંતે તેના ઘરને આગ દેવામાં આવી.

હવે ગુલાબ મારી હતી. તેનું મગજ મારી સાથે આવવાથી તીક્ષ્ણ બન્યું હતું ! તેને અમારી ટોળીમાં દાખલ કરવામાં આવી હતી. તેની પરીક્ષા લેવાઇ. તેને એક કામ સોંપાયું કે તેણે તે દિવસથી બે દિવસમાં ત્યાંના કલેક્ટરનો બંગલો લૂંટવો. તે કબૂલ થઇ. મેં પૂછ્યું 'ગુલાબ સરકારને તારા કાંટા ક્યારે વાગશે ?'

'જ્યારે ગુલાબનો સુંઘનાર ગુલાબને સંઘરશે ત્યારે.'

'એમ' તે નીચું જોઇ રહી. તેણે મસ્તી ચલાવી, પણ તે સ્વતંત્ર સ્થાન હતું. અને પવિત્રતા હતી.

'માણસોની જરૂર છે ?'

'ના—પણ—'

'પણ શું ?'

'પણ એ કે મારે તમારી જરૂર છે. આવશો ?'

'પ્રમુખની રજા જોઇએ. તું માંગ જા...'

'સારું'

ગુલાબ મારી સાથે પ્રમુખ પાસે જવાને તૈયાર થઇ.

'સાહેબ મારી એક અરજ છે.'

'શું ?'

'મારે એક માણસની જરૂર છે.

'કેવા ?'

'મારા જેવા' મેં હસતાં હસતાં વચ્ચે કહ્યું.

'તમારી !' જરાક ભવાં ચઢાવી તેણે પૂછ્યું.

'હા.' ગુલાબ બોલી.

'વારુ, જાઓ કરો ફત્તેહ.' તે રાજી થઈ ગઈ અને અમે બંને ચાલતા થયા.

રાત પડી. પ્રાર્થનાની શરૂઆત થઇ.

'સૂળી પર સૂવા અમ હૃદયને પ્રેરજે તું–

'અને અંગાર પર અમો હૃદયને બાળજે તું,

'તથાપી એ સ્વપ્નાં હો અમ તણા સર્વ સાચાં–

'અહો અરે પિતા, અમ હૃદયને દોરજે તું.'

હું તંબુમાંથી બહાર નીકળ્યો. તે નીકળી પાછલે દરવાજેથી. હું ઘોડા ઉપર બેસી ચાલી નીકળ્યો. ગુલાબ પછવાડે આવી પહોંચી.

'વધારે મૂલ લેવાં હોય તો યે માગી લે જે.

અમારા આખરી સંગ્રામમાં સામેલ રહે જે.'

ગીતના ધ્વનિ સાથે ઘોડાના ડાબલા વધારે જોસમાં ભૂમિ ઉપર પછડાતા હતા. અમે આગળ વધતા હતા. શહેરના દરવાજા ખુલ્લા હતા. અમે ઘોડા ઉપરથી ઊતર્યા. ગુલાબ પુરુષના વેષમાં હતી. અમે બન્ને મોટા કવાર્ટરમાં થઇ, પોલીસ ચોકી વટાવી આગળ વધ્યા.

કલેકટરના બંગલા પાસે પહોંચ્યા. પહેરા ઉપર ચારે તરફ પોલીસો હતા. અમે અંદર વરંડો વટાવી પહોંચ્યા, ત્યાં સામે બત્તી જોઈ. અમે ઝાડ પછવાડે બેસી ગયા. પછી છેક છેવાડે ઊભેલા પહેરેગીર ઉપર ગોળી છોડી, તે ઘાયલ થયો. બધાય ત્યાં દોડી ગયા. અમે પોલીસનાં લૂગડાં પહેર્યાં હતા, એટલે સૌની સાથે બંગલામાં પહોંચી ગયા. પછીથી આગળ વધ્યા અને ધીમે ધીમે પગ મૂકતાં કલેકટરના પલંગ પાસે પહોંચ્યા. કલેકટરના વાળ ઝાલી ઊઠાડયો. તે ગભરાયો અને તમંચો શોધવા લાગ્યો. પણ તે પહેલા તેના માથા ઉપર અમે તમંચો રાખ્યો અને કહ્યું: Hands up પણ તે ધ્રૂજી ગયો અને હાથ ઊંચા કર્યાં. હું તપાસતો હતો. બધુંય તપાસી લીધું અને મેં આંખ મારી, ઘોડો દબાવ્યો અને ગોળી છૂટી. અવાજ થયો,—કલેકટરે ચીસ પાડી. માણસો દોડવા લાગ્યાં. અમે બીજા ઓરડામાં પલંગ પાસે ગયા અને મડમને ઊઠાડી કહ્યું–'સાહેબનું ખૂન,' ગભરાઈ જવાનો ડોળ કર્યો. તેને બાજુએ કાઢી અમે ત્યાં ભરાયા. માણસો દોડવા લાગ્યા. અમે જઇ લાઇટ બંધ કરી નાખી અને પલંગ ઉપરથી ગોળી છોડવા માંડી, અને તક મળતાં નાસી છૂટયા.

અંતે સહીસલામત બહાર નીકળી આવ્યા. અમારા મગજમાં તે અવાજ ઘૂમ્યો.

"અમારા આખરી સંગ્રામમાં સામેલ રહેજે."

અમે ચાલી નીકળ્યા.

ટેકરીઓમાં પહોંચ્યા અને ધીમો શાંત શ્વાસ છોડયો.

"ગુલાબ તેં બહુ જ કરી. તારા હાથ કેમ ચાલ્યા ?"

"હેં એ તો ઠીક પણ આ ચંદ્રિકા કેવી ખીલી છે ?"

"અને સાથે ગુલાબ પણ ખીલેલ છે જ."

"હા, ચાલો." ઘોડા દોડાવતા અમે રહેઠાણે પહોંચ્યા

અને પ્રમુખને બધો ઇતિહાસ કહ્યો. તે સાંભળી ખુશ થયા.

× × ×

આ બનાવ પછીના બે મહિના બહુ શાંતિમાં ગયા.

× × ×

"મારો ગુલાબ સાથેનો સંબંધ ગાઢ બનતો જતો હતો. તે અમે જાણતા ન હતા."

"ગુલાબ તને ટોળીમાં દાખલ થવામાં શું સ્વાર્થ હતો?"

"હા, અમે બધુંય સ્વાર્થમાં જ કરતા હઇશું."

"કેમ નહિ. તારે તો મને સરકારને સોંપવો હતો, પણ–"

"કેમ હું તમને સોંપાઈ ગઈ. ખરું ના?"

અમારું હૃદયનું એ મિલન હતું. તે એ ચંદ્રિકા જ જાણુતી હતી.

"હું તમને ચાહું છું."

"અને ગુલાબને હું સુંઘવા જ માગું છું."

"ગુલાબ કરમાશે તો?"

"તો તેને હું નવું વારી પાઈ, જીવંત આત્મામાં લાવી મૂકીશ."

"એમ?"

"જરૂર."

અમારું એ પ્રેમ મિલન હતું.

× × ×

આ મિલન પછી હું ગુલાબને મારી સાથે જ રાખતો હતો. અને તે પુરુષના સ્વાંગમાં સાથે રહેતી.

## પ્રકરણ ૯ :

### આખરી દિવસોમાં-

એક દિવસ હું સ્ટેશન ઉપર સાહેબસાહી હૅટ પહેરીને ફરતો હતો. મેં છાપામાં વાંચ્યું કે આજે એક સામટા સાત બોમ્બના ધડાકા રેજીમેંટમાં થયા હતા. મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે આને માટે મારે પકડાવું પડશે. હું આમાંની વાત જાણતો ન હતો. મને મારા પકડાવાની શંકા બહુ ઓછી હતી.

મારે છૂપા વેશમાં રહેવું પડતું હતું. મારી આ સ્થિતિને મારી ટોળીનાં માણસો પણ ઓળખી શકતા નહિ. તેમાં હવે હું Clean shave મૂછુ મુંડાવી નાંખતો હતો. એટલે મોઢામાં અજબ ફેરફાર થઇ જતો હતો. હું ગમે તે સ્થિતિમાં હોઉં પણ ગુલાબ તો મારી સાથે જ રહેતી હતી. કેટલોક સમય એવો જતો કે મને બબ્બે દિવસ સુધી ખોરાક મળતો ન હતો. મારી સ્થિતિ બહુ જ કફોડી હતી. તેમ મને મારા પ્રમુખનો હુકમ હતો, એટલે કામ સિવાય ભાગ્યે જ બહાર નીકળતો હતો.

હું મારું કામ કર્યે જતો હતો અને બનતી સેવા આપ્યે જતો હતો. છતાંય મારી સ્થિતિ કફોડી હતી. તો પણ સાહસમાં આગળ વધ્યો. મને પ્રેરણા આપનાર મૂર્તિ જડી હતી. તેનામાં કાંટા હતા, માધુર્ય હતું અને સુવાસ પણ હતી.

હું સ્ટેશન ઉપર આવ્યો. આજે અમારી ટોળીનો એક માણસ આવનાર હતો. તે પણ નાસી છૂટેલો હતો. પણ તેને

મોઢું છૂપાવતાં આવડતું ન હતું કે જેટલા પ્રમાણમાં સહીસ-લામતીથી હું છૂપાવી શકતો હતો.

તે આવ્યો. સ્ટેશન ઉપર હાથમાં ચીપીયો હલાવતો હલાવતો તે આગળ ચાલ્યો અને હું તેની પાછળ. તેના તરફ બધાય જોતા હતા. એકદમ તે બહાર નીકળ્યો. હું તેની પછવાડે નીકળ્યો. તેને નીશાનીથી દૂર ચાલ્યા જવા કહ્યું. અમે બન્ને ચાલતા થયા. ગાડી કરવાનો વિચાર કરતા હતા ત્યાં એક મોટર નજરે પડી, તેમાં અમે ચઢી બેઠા. અને ધણીની રજા વગર દોડાવી મૂકી. અમને કોણ પૂછે કે કોણ છો? ઝપાટાબંધ બહાર નીકળી પડયા.

× × ×

એક રાત્રે લગભગ આઠ વાગ્યા હશે, અમે ફરતા હતા. અમારી ટોળીમાંથી કેટલાક સાધના વિગેરેને માનતા હતા. એટલે એ બાબત ઉપર વાતચીત કરતા હતા. એકે કહ્યું– "અત્યારે કેટલાક વિચારકો પ્રભુમાં શામાટે શ્રદ્ધા નહિ રાખતા હોય?" બધાય વિચાર કરવા લાગ્યા. સર્વે મુંઝાતા હતા. 'એ વાત તો ચોક્કસ છે કે આવી વસ્તુની હૈયાતી આપણી બુદ્ધિથી નથી કલ્પી શકાતી.' બુદ્ધિથી કેટલીક વસ્તુઓનો પાર પમાતો નથી, એ તો અનુભવથી જ જણાય. કેટલીક વસ્તુઓ એવી હોય છે કે જેને કલ્પનાથી જાણવા જતા, બુદ્ધિથી વિચારવા જતા તે સમજાતી નથી. પણ અજ્ઞાનતાની સપાટી ઉપર તરતા રહેવાય છે. આમાં કેટલીક વસ્તુની શક્યતા શંકા ભરેલ છે." બધાય શાંતિથી વિચારતા હતા. ચાંદની ખીલી હતી. પાસેના તળાવમાં એક માછલી ઊડી અને પાછી પાણીમાં સમાઇ ગઇ. "ત્યારે તેને નહિ માનવાનું કારણ શું હોય?" કારણ એક છે. એ એ છે કે જેઓ એમ માને છે કે મનુષ્યને સત્તાની શક્યતા જ નથી, કે એક

મનુષ્ય બીજા ઉપર સત્તા ન ચલાવી શકે ! તેઓએ આ કાઢેલ છે. ભગવાનને સર્વ સત્તા આપવી પડે અને તે આપણા નિયમથી વિરૂદ્ધ હોવાથી આ વસ્તુ કાઢવામાં આવેલ છે. જે હોય તે ખરૂં. છતાંય તમે કોઇક રૂપાળી સ્ત્રીને કે પછી નાના બચ્ચાનાં મોઢા ઉપરનાં હાસ્યને જુઓ તો આવો વિચાર આવે છે કે કુદરતમાં એક એવી જગા હશે, કે એવી વસ્તુ હશે કે જ્યાં સૌંદર્ય–પ્રેમ–માયા કલેશ બધું એકમાં સમાયેલ હોય. અને તે આ સૃષ્ટિને કાર્યમાં, વેગમાં મૂકવાને ઉપયોગી થતું હશે ! તે જગાએ આવી શંકાની શકયતા છે. કારણ કે જે એક જગાએ હૈયાતી ભોગવે છે તે બીજી વસ્તુનો પડછાયો હશે જ. એટલે આપણી અંદર રહેલી વસ્તુઓ કોઇક વસ્તુનો પડછાયો હશે જ. જે હોય તે ખરું. જવાજ દોને.

એક નીરવ શાંતિ પ્રસરેલી હતી. અને એ ચંદ્રનું તેજ ગંભીર જલમાં પડતું હતું. પવનનો જોસ ન હતો. અમારામાં, ઉર્મિઓનો જોસ હતો અને હૃદયના આવેશનો જોસ હતો. હું જરાક આગળ ચાલતો હતો ત્યાં મારી પછવાડે ગુલાબ આવી અને મારા ખભા ઉપર હાથ નાખી બોલી.

"એકલા ન જશો, ચાલો પાછા."

મેં ડોકું જ પાછળ ફેરવ્યું અને પૂછ્યું 'કેમ ?' અમે બન્ને પાસે પડેલા પત્થર ઉપર બેસી ગયા. આ જે પત્થર દેખાય છે તે કોનું આસન હશે ? અને આ સામેનું તળાવ–તેના ગર્ભમાં સમાયેલ પાણી–કોનો નાશ કરવા સરજાયેલ હશે ? સામે કીનારે વીજળીના દીવા ટમ્ટમ્ થતા હતા અને સાથે મારી ગુલાબની આંખ પણ ટગમગ થતી હતી.

મારી નજર તેના ઉપર હતી અને તેની નજર ચંદ્ર ઉપર હતી. મેં તેના હાથ ઉપર હાથ મૂકયો. તેણે મારા તરફ

જોયું અને બોલી: 'હવે તો બહુ રખડવું પડે છે.' મેં કહ્યું: 'જીવન આખુંય આમ વીતાડવું પડશે.'

'હેં ત્યારે હવે શું.'

સામે કિનારે ધડાકો થયો અને અમે ચમક્યા. એ એક બોંબનો ધડાકો હતો. એક પોલિસ અમલદારની મોટર ઉપર ફુટયો. એ ફુટતાં જ ધૂમાડાથી હવા ભરાઈ ગઈ અને મોટર ઊંધી વળી ગઈ. આ પાસેના તળાવમાં ગબડતી ગબડતી મોટર પડી. અમે અકસ્માત જોયો. ગુલાબ ગભરાઈ અને બોલી: 'આ શું?' મેં કહ્યું: 'સબુર' તે ગભરાઈ હતી, તેથી મને ભેટી પડી. મન શાંત થતાં હું તથા ગુલાબ એ તરફ દોડયા. અમારામાં સેવાભાવ હતો અને ત્યાંની વસ્તુ જાણવાનો વિચાર પણ હતો. એટલામાં સામેની પોલિસ ચોકીએથી માણસો દોડતા આવ્યા અને અમને ગુન્હેગાર ધારી પકડયા. અમને હસવું જ આવતું હતું. રાત્રી હતી એટલે ચિંતા ન હતી. ગુલાબને મેં મારી સાથે રાખી. અમારી ટોળીના કેટલાક બીજા માણસો પણ પકડાયા. એ લોકો બધુંય વગર વિચાર્યે જ કામ કર્યે જતા હતા. અમને ચોકીએ લઈ ગયા. અમારા ફોટા લેવામાં આવ્યા. અમને કોર્ટ સમક્ષ ઉભા કરવામાં આવ્યા નહિ, પણ વગર ગુન્હે પકડેલ હોવાથી ઉપરીએ છોડી મૂકયા અને સામા તેના વડાના ઠપકાને પાત્ર બન્યા.

અમને લાગ્યું કે નવું જીવન મળ્યું. ગુલાબની આંખમાં ચિંતા તરતી હતી. તેણે ચૂપકીથી મારો તથા પોતાનો ફોટો ઉઠાવી લીધો અને તે ગુપ્ત જગ્યોએ મૂકી દીધો. અમે ચાલતા થયા અને ધીમે ધીમે અમે જંગલમાં થઈને અમારા ઠેકાણે ડુંગર ઉપર પહોંચ્યા અને અમારા તંબુમાં જઇ પ્રાર્થના કરી.

× × ×

હવે હું ઝંપલાવવા તૈયાર થયો. મને મારી ગુલાબની ઓથ હતી. હવે હું ખરેખરો તૈયાર થઈ ગયો હતો.

એકાએક અમને સમાચાર મળ્યા કે અમારા આગેવાનની ધરપકડ સ્ટેશન ઉપર કરવામાં આવી હતી. અમારી મીટીંગ ભરાઇ અને પકડવાનો હુકમ કાઢયો હતો તેને પકડવા તેમજ આગેવાનને છોડાવવા માટે અમોએ ઠરાવ મૂકયો. અને તેમાં ચીઠ્ઠી નાખ-વામાં આવી. તેમાં મારૂં નામ નીકળ્યું. અને મને એવો હુકમ કરવામાં આવ્યો કે મારે તેને જીવતો પકડવો અને હાજર કરવો. તેમજ એ સમયના જે ગોરા અમલદારે તેમની ધરપકડ કરી, તેને પણ પકડવો અને ત્યાં લાવવો. મારે મન જીવતો પકડવો કે ખૂન કરવું એ એક રમુજ જેવું હતું. મને ગુલાબે પૂછયુંઃ ' તમને કંપારી નથી છૂટતી ? ' મેં કહ્યું. ' મૃત્યુ તો મારા જમણા હાથની રમત છે ' અને પછીથી હું ખૂબ હસ્યો. આ કામમાં પણ ગુલાબને મેં સાથે રાખી હતી.

બીજી સભા ભરવામાં આવી અને મને કામનો હેવાલ પૂછાયો. મેં બધો હેવાલ આપ્યો અને કહ્યુંઃ અમલદાર પકડાય તેમ નથી માટે શું કરવું ? મને કહેવામાં આવ્યું, તમે એને જીવતો પકડી આપો અથવા છેવટ સાત દિવસ પછી માથું આપજો. પછી પંદર દિવસમાં સરદારને છોડાવી લાવો. સભા તમારા તરફ આંખ રાખે છે. મેં માથું નમાવી કબૂલ કર્યું.

આ અમલદાર પોતાની ઑફીસમાંથી દરરોજ સાંજે જતો હતો, તેની મને ખબર મળી. અમે બંને તૈયાર થઈ સાથે ચાલી નીકળ્યાં. અમારી જવાબદારી પ્રમુખને સોંપી. પ્રમુખે રાજી થઈને રજા આપી હતી. અમારા મગજમાં સૂર ઘૂમતો હતોઃ " વધારે મૂલ લેવાં હોય તોયે માગી લેજે, અમારા આખરી સંગ્રામમાં સામેલ રહેજે. " અમે ચાલી નીકળ્યાં. ખરા હૃદયથી અમારા ધ્વજને વંદન કર્યાં. પાંચના ડંકા થયા અને અમે ધારેલે ઠેકાણે

પહોંચ્યા. મેં ગુલાબને કહ્યું: "તારે રસ્તા ઉપર ઉભા રહી મને નીશાની કરવી કે આવે છે. હું કૂદકો મારી તેના ઉપર ઠેકી પડીશ અને ગોળી છોડીશ. અને પછીથી તરત જ તું ગોળી છોડજે, એટલે એક ગોળીએ એને પૂરો કરી નખાશે." સાવધાન! આપણે રસ્તે મળશું.

વખત પ્રમાણે છ વાગ્યે તે બહાર નીકળ્યો અને પોતાની સાયકલ તરફ આવતો હતો. મોઢામાં સીગારેટ હતી. બાજુ ઉપર તમંચો હતો. ગુલાબે આકર્ષક નજર ફેંકી અને મને નીશાની કરી. તે ઝાડ નીચે આવ્યો કે તરત જ તેના ઉપર કૂદકો મારી ઉપર ચઢી બેઠો અને વીંધી નાખ્યો. ત્યાં ગુલાબની ગોળી આવી અને સનસનાટ કરતી તેના માથામાં વાગી અને માથું વીંધાઈ ગયું. હવે તેને એક બાજુ મૂકી સાયકલ ઉપર સ્વાર થઇ બન્ને ચાલતાં થઈ ગયાં. અમે આવી ટોળીને ખુશખબર કહી. પ્રમુખે મને એક પદવી વધારી આપી અને સભા ભરી મારા ઉપર અભિનંદનના વરસાદ વરસાવ્યા. બધાયમાં મારું નામ આગળ આવ્યું.

અમારા આગેવાનને છોડાવવાનું કામ હવે મેં હાથમાં લીધું. હું અને ગુલાબ તેજ રાત્રે ચાલી નીકળ્યાં. પ્રાર્થના ચાલતી હતી.

તૂટે છે આભ ઊંચા આપણા આશા મીનારા,
હજારો ભય તણી ભૂતાવળો કરતી હુંકારા;
છતાં વહેશે સમર્પણની સદા અણખૂટ ધારા,
મળે નવ માવડીને જ્યાં લગી મુક્તિ મિનારા.

અને અમે ઊઠ્યા. મારા તંબુમાં ગયા. લૂગડાં બદલ્યાં. મેં પઠાણના લૂગડાં પહેર્યાં અને ગુલાબને મેં સિપાઈનો વેશ પહેરાવ્યો. મારા કપડામાં મેં તમંચો સંતાડ્યો. કપડાં ફાટેલાં હતાં અને ગરીબ હોઉં તેવો દેખાવ કર્યો હતો. રસ્તા ઊપર ભીખ માગવી શરુ કરી અને ધીમે ધીમે હું અને ગુલાબ બન્ને જેલરના મકાન સુધી પહોંચ્યા.

"ભીખ દ્યો, પૈસા દ્યો, હરી માટે! પ્રભુ માટે!"

આમ પોકાર કરવા લાગ્યો. મને તરત જ બીજો વિચાર આવ્યો અને ગુલાબને મેં કહ્યું: તું ભિખારણ બનીને એ અમલદારના ઘરમાં જા. ઉપર તેને તપાસમાં રોકવામાં આવ્યો છે અને પુરતી બાતમી મેળવ. બોલ તું જાય છે કે હું જાઉં? મને તેણે કહ્યું ત્યાં તમે જાઓ હું અહીં ભીખારણ બની પાછી આવીશ. હું ફરીથી ચાલ્યો. હું તેના ઘર પાસે પહોંચ્યો. તે એકલો નહતો. તેના મકાન પાસે તેનો એક મિત્ર રહેતો હતો. અમલદાર બહાર નીકળવાની તૈયારી કરતો જણાયો. મેં પૂછ્યું "પૈસો આપો, શેઠ!' તેણે મારા તરફ તીરસ્કાર ભર્યું હાસ્ય કર્યું અને કહ્યું 'જાઓ કામ કરો, પૈસા મટ માગો.' મેં કહ્યું "શેઠ શું કામ કરું? બધેય કડકાઈ છે. કોઈ મને નોકરી નથી આપતું. શું કરું?' તેણે કહ્યું, 'સરકારમાં નોકરી ગોતો, નોકરી મીલેગી.' મેં કહ્યું 'શું કામ કરું? આપ રાખો તો રહું.' તેણે ઝીણી નજર મારા ઉપર ફેંકી અને કહ્યું "સાંજે આવજે." આટલું કહીને તે પોતાની સાયકલ ઉપર બેસી ચાલતો થયો. પણ હું એ ન જુએ તેમ ચાલતો થયો. તે થોડેક દૂર ગયો હશે ત્યાં હું તેના ઘર પાસે ફરીવાર ગયો અને ખીસ્સામાંથી કુંચીઓ કાઢી તે મકાન ઉઘાડી અંદર ગયો. હૃદય ધબકતું હતું, પણ મારે તો મારા નેતાને છોડાવવો હતો.

અંદરની બાજુમાં એક કાળા લૂગડાની બનાવેલ ખોલી હતી. તેમાં હું શરૂઆતમાં ગયો. ત્યાં ટેબલ ઉપર કાગળીયાં પડયાં હતાં તે ઉપાડી લીધાં. ત્યાં ટેબલ ઉપર ચીઠ્ઠી મૂકી. "સંભાળજો, જોખમમાં છો!!" મારૂં કામ કરી કાગળીયાં લઇ ચાલતો થયો. મને હાથ લાગેલ કાગળોમાં એક કાગળીયાનું બંડલ મળી આવ્યું, તેમાં અમારી ટોળી વિષેના અહેવાલો-

વાળા કાગળો હતા. અમારી ટોળીમાંથી એક માણસ ફુટી ગયો હતો અને તેણે બધોય અહેવાલ આપ્યો હતો; પણ સારા નશીબે અમારી જગો બતાવેલ નહોતી. તે કાગળીયાં લઇ હું પ્રમુખને મળ્યો અને તેને સ્વાધિન કર્યાં. પ્રમુખે ગુનેગારને બોલાવ્યો. તે તરતજ આવ્યો. પ્રમુખે મને કહ્યું 'પકડો.' તેને મેં પકડ્યો. તે શાંતિથી ઊભો રહ્યો અને પછીથી તેને પ્રમુખે પૂછ્યું 'આ કાગળમાં અક્ષર કોના છે?' તે ગભરાઇ ગયો અને ભાગવાની બારી ગોતવા વિચાર કરવા લાગ્યો, પણ તે પહેલાં તો તેના ઉપર ગોળી આવી અને તે પડ્યો. એકના મૃત્યુએ આજે ઘણાના જીવો બચી ગયા હતા અને સરકારની ફાંસીના ભોગ થતા અટક્યા હતા. તરત સભા ભરવામાં આવી અને અહેવાલ વાંચવામાં આવ્યો. પ્રમુખે કહ્યું 'દેશદ્રોહીના પ્રતાપે આવતી કાલે આપણે જેલમાં હોત, પણ પ્રભુની ઇચ્છાથી બચી ગયા છીએ.' તરતજ અમારી જગો બદલી નાખવામાં આવી અને દૂરના પહાડમાં ઊંડી ખીણમાં અમે પહોંચી ગયા હતા.

બીજેજ દિવસે મને ખબર પડી કે પોલીસ મૂળ જગો ઉપર ગઇ હતી, પણ ફક્ત તેમને તો સુકાયેલ નાળિયેરનાં કાચલાંજ જડ્યાં હતાં.

બીજે દીવસે મને આપેલ સમયે હું અમલદારને ત્યાં પહોંચ્યો. તે વખતે તે સાચેજ ગુસ્સામાં બેઠો હતો અને મેં મૂકેલ ચીઠ્ઠી વાંચતો હતો. મને જોઇ તેણે આંખ ઝીણી કરી અને ચીઠ્ઠી તેણે પોતાના ખિસ્સામાં મૂકી.

મને જોઇ તે હસ્યો અને તેણે કેટલાક પ્રશ્નો પૂછ્યા—મને તેણે પૂછ્યું "તારો વિશ્વાસ શું?" મેં કહ્યું, "આ મારો છરો. બીજું શું હોય?" તે હસ્યો તેણે મને પોતાના નોકર તરીકે રાખી લીધો.

અમારી વાતચીત થતી હતી ત્યાં બહાર મોટર આવી. મને તેણે પોતાની સાથે લીધો. એ મોટર એક ઘર પાસે જઇ ઉભી રહી. અમારો નવો આગેવાન એ મહોલ્લામાં રહેલો હતો, તેણે મને જોયો. અમારી દષ્ટિ મળી અને મેં મૂઠી બતાવી. તે એકદમ ચાલતો સમજી ગયો. હું તો અમલદારની પછવાડે ચાલ્યો, અમે એક વિશાળ મકાન પાસે પહોંચી ગયા અને તે મકાનનું મને બારણું ઠોકવા કહ્યું. મેં બારણું ઠોક્યું. બારણું ઉઘાડયું. અમે અંદર ગયા. ત્યાં એક લલનાને બેઠેલી જોઇ. મને બાજુના ખંડમાં બેસવા કહ્યું. હું બારણા પાસે જઈ ઉભો રહ્યો. તેઓ બન્ને પેલા કાગળીયા તથા ત્યાં મુકાયેલી ચીઠ્ઠીની વાત કરતાં હતાં.

'જરૂર એ લોકોને પાયમાલ કરી નાખીશ.'

'પણ સાથે સાથે તમે પણ ભયમાં છો.'

'હા–કંઈ ચિંતા નહિ.'

'એ લોકો કોઇ તમારી સાથે મળી જઈ તમારૂં ખૂન કરે નહિ.'

'તે તો જોઇ લેવાશે.'

પછી શું થયું તે હું કહીશ નહિ પણ ધીમે ધીમે એ અમલદારને ઘેન ચઢતું જતું હતું. અને જ્યારે તે બેભાન બની ગયો, ત્યારે તે સ્ત્રીએ તેના ખિસ્સામાંથી દરેક વસ્તુઓ કાઢી લીધી. ખિસ્સામાં ફક્ત તમંચોજ રહેવા દીધો. આમ કરવામાં તેની ઊંડી દષ્ટિ શી હતી તે સમજાયું નહિ. પછી પોતે તેને ઉપાડી પાસેના ખંડમાં મૂકી આવી. ત્યાર પછી મને બોલાવી પૂછ્યું કે 'તમારો અને તેનો મેળાપ ક્યાં થયો?' મેં તેને દરેક વસ્તુ સમજાવી. મારા જવાબથી તેને મને સમજદાર સમજીપોતાની પાસે બેસાડયો. હું વસ્તુસ્થિતિને મેળવવા મહેનત કરતો હતો. મેં ઝીણી દષ્ટિ તેના ઉપર ફેંકી અને બધી વસ્તુ નીહાળી. તેના હાથમાંના

રૂમાલમાં તમંચો વીંટાળેલ પડ્યો હતો. મારો હાથ પોતાના હાથમાં લઈ તેણે વાતચીત શરૂ કરી. મને લાગ્યું કે તે વેશ્યા હશે અને બન્યું પણ તેમજ.

મને તેને શરાબ પાવાની શરૂઆત કરી, મેં હા કહી, કારણ કે મારે વસ્તુ સ્થિતિ પૂરી રીતે જાણવી હતી. મારા પ્યાલામાંથી શરાબને મેં સાવચેતીથી ઢોળી નાખ્યો. મને ઘેન ચડવાનો મેં ડોળ કર્યો. તે ધીમે ધીમે પાસે આવવા લાગી અને ચેષ્ટાઓ ઉપર ચઢી, અને પછીથી શરીર ઉપરથી વસ્ત્ર ફેંકી દીધું. મેં મારી જાત ઉપર પૂરતો કાબૂ રાખ્યો હતો. તે સમજી ગઇ એટલે મારો હાથ પકડી પાસેના રૂમમાં લઇ ગઇ. મને વિચાર આવ્યો પ્રભુ ! જો તેં સ્ત્રીઓને બનાવી હોય તો તું પણ સ્ત્રીઓમાં રસમાણનાર એક શયતાન જ છે, બીજો કોઇ નહિ. તે મને રૂમમાં પૂરી બારણું બંધ કરી ચાલતી થઇ. મેં તરત ઉભા થઇ અંદરથી આંકડી ( સ્ટોપર ) દીધી, અને અંદરનું વાતાવરણ સમજવા લાગ્યો. ત્યાં એક કબાટ હતું. તેના ઉપલા ખાનામાં ત્રણ તમંચા હતા. નીચેના ખાનામાં કલોરોફોર્મની શીશીઓ હતી અને નીચે ઝવાહીર હતું. બધું તપાસી બહાર નીકળવા વિચાર કર્યો પણ ફાવ્યો નહિ, એટલે થાકીને પાછો પલંગ ઉપર સૂઇ ગયો. થોડી વારે તે મને લેવા આવી અને પોતાની સાથે લઇ ગઇ. ત્યાં પેલો અમલદાર બેઠો હતો. તે અસ્વસ્થ સ્થિતિમાં ત્યાં હતો.

અમલદારે મારી નીમણુંક તે સ્ત્રી પાસે કરી અને રવાના થયો. તે ઘેનમાં જ હતો. મેં ઇસારાથી હેઠે બેઠેલા આગેવાનને નીશાની કરી અને પછીથી મને અવાજ સંભળાયા. તેનું પણ ખૂન !

× × ×

હવે ગુલાબને હું મળ્યો. તેણે જેલ તરફનું કામ શરૂ કર્યું હતું ગુલાબને પૂછતાં તેણે કહ્યું " હું જેલરને મળી છું અને જેલરને હાથ પર લીધો છે." આટલું કહી તે જેલ તરફ ગઇ અને કેદીની ઓરડી જોઇ, તેણે કેદીને બોલાવ્યો. અને કહ્યું: " રાત્રે બાર વાગે તૈયાર રહે જે " એવી ચીઠ્ઠી લખી આપી. તેજ રાત્રે તેણે મને આમંત્રણ આપ્યું. હું એક અમલદાર જેવો બની ત્યાં ગયો. જેલના ચોગાનમાં હું અને ગુલાબ તથા અમલદાર બેઠા. એક વાગ્યો. રાત્રી હતી, અમારા વિજયની ઘોષણાનો સમય હતો. ધીમે ધીમે શરાબથી વાત થવા લાગી. ગુલાબ તેની પાસે ગઇ અને કહ્યું ' હં...Dear, પેલો કેદી કેવી વિચિત્ર વાતો કરે છે ? '

' કો...ણ ? કયો નંબર. '

' નંબર સત્તાવન '

એમ કે ' ઠીક છે ચાલો બોલાવ જોઇ. ' તે ગઈ અને તેને બોલાવી લાવી. તે વખતે મેં મારો રૂમાલ જેલર પાસે મૂકયો, તેની સુંદર સુવાસ જોઇને તે નાકથી સુંઘવા લાગ્યો.અને અંતે બેભાન થઇ ગયો. ગુલાબ આ વખતે કેદીને લઇ બહાર તૈયાર રાખેલ મોટરમાં બેસાડી રવાના થઇ ગઈ. હું પણ ચાલી નીકળ્યો હતો.

જેલમાં હા...હા...હો...હો શિવાય શું થયું હશે ?

× × ×

ઉપરોક્ત બનાવ બન્યા પછી હું ગુલાબ સાથે જ રહેતો. ત્રણેક મહીના સુધી મેં કાંઇજ કામ કર્યું નહિ.

એક દિવસ અમારા પ્રમુખને હું મળ્યો. તેણે મને કહ્યું: " તમારે હવે કાંઈક કામ આપવું પડશે. " મને તરત જ મારી પ્રતિજ્ઞા યાદ અવી, અને મારા કરેલા ખૂનો માટે બીજા યુવાનોને પકડવામાં આવ્યા હતા.

હિંદવાસીઓ તો જાણે છે કે કયાંય ન્યાય નથી. ન્યાયનો લેબાસ પહેરી જેઓ ઢોંગમાં છૂપાયેલ છે તેની પાસેથી ન્યાયની આશા તો કયાંથીજ રખાય? તત્વવેત્તાની પેઠે, તેવા બની, ન્યાયાસને બેસી ખુદ પ્રભુની સમક્ષ ન્યાય ચૂકવનારાઓને પણ આંખ નથી હોતી, તો અન્યાય અને લુચ્ચાઇમાં રચીપચી રહેનારને આંખ કયાંથી હોય? ફાંફાજ હોય. જયાં ન્યાય માટે આત્માના ઉદ્દગાર નથી પણ શબ્દોની મારા મારી છે, ત્યાં ન્યાયના સુવાસની શકયતા જ કયાંથી હોય? મારાં ખૂનો જયારે પ્રકટ કરવામાં આવ્યાં ત્યારે તે બદલ ત્રણ નિર્દોષ યુવાનો ફાંસી ઉપર ચઢી ગયા હતા, પણ તેમને બચાવવાનું મને સૂઝયું નહિ. મારી આંખે પાટા હતા! આંધળો હતો! આંધી ચઢી ગઇ હતી!!!

હું તો હિન્દી યુવાનો પાસેથી અન્યાયની સામે થવાને અને આ સત્તાને શમશેરની ધારે ઉડાડી મૂકવા યુવાનો શક્તિ લાવે એવી આશા રાખું છું. બળવો – ક્રાંતિ – તું કયાં છે? આવ – આવ.

× × ×

મારા જીવનનું એક બીજું અગત્યનું કામ શરૂ થયું. અમોએ સરાય હિંદના યુવાનોનું સંગઠન કરવા પ્રયત્ન કર્યો, અને બધાય વિરોધિઓને ઉડાવી નાખવાનો ઠરાવ થયો. ટૂંકામાં કહી દઉં છું. કારણ કે તાજેજ કીસ્સો છે. અમારી યુક્તિ નિષ્ફળ ગઇ. ધરપકડો શરૂ થઈ. મારી ધરપકડ થઇ, મને શિક્ષા થઇ. સાધારણ મનુષ્ય લેખી છ માસની સખત કેદ થઇ અને મારી ગુલાબને ફાંસી મળી. મારા છએ માસ મેં ચિંતામાં ગાળ્યા અને પાછો આ કોટડીમાં પડયો છું!

મારા આ શબ્દને જેઓ દફન કરે તેમને કહેવાનું કે

જ્યારે તમે મને બાળો અને જ્યારે એ ભસ્મ ઉડતી હોય ત્યારે આ જગોએ આવજો. મારી પથારી તળેની સાંકળ ખેંચજો અને જેને તે પહેલું હાથ લાગે તેને આ પુસ્તકાલય સમર્પણ છે. પ્રજાના કલ્યાણાર્થે તેમને વાપરજો.

× × × ×

મારા છેલ્લા દિવસોમાં મને કોઇ કનડશો નહિ. મારી પરલોકની મુસાફરીમાં હું મારી ગુલાબને મળીશ. ચિંતા ન કરશો.

શાંતિ ! હું હિંદના સ્વરાજ્યની આશા રાખું છું ! મારી આશ હે સુહાગી દેવો ફળીભૂત કરજો !

× × × ×

આ આખી આત્મકથા પુરી કરતાં મારી આંખમાંથી દડ્દડ્ દડ્દડ્ આંસુ ખરવા લાગ્યાં. આ મનુષ્યનું જીવન-પરિવર્તન તેનું ખીલવું-બલિદાન-અહા-ખૂબ કરી પ્રભુ તું તો હિંદની આ અર્જ સ્વીકાર.

હે પિતા ! તારા સંતાનો ભૂખે મરતાં હોય અને મરતાં મરતાં સ્વરાજ્યની ઝંખના કરતાં હોય તે સમયે હે નાથ, તું સ્હાય કરજે. તારો શબ્દ પૂરતો છે. ક્રાંતિ-તું આપ અને પરિ-વર્તન પેદા કરી તારૂં જોસ દાખવ.